અને ઈશ્વરનો પવિત્ર ભાવ મારા ચિત્તને બહુ ખેંચતો. મને યાદ
છે કે, એક દિવસ એ ભાવની એક કવિતા વાંચીને હું આનંદમાં ઘેલી
થઇ ગઇ હતી.

૨૦—अंग्रेजी शिक्षा का कुप्रभाव

(શુભસંગ્રહ-ભાગ સાતમાના કવરના આધારે)

સિદ્ધ ભી હો ચુકા હૈ કિ અંગરેજી ભાષા હમેં અંગરેજ તો
ન બના સકેગી, પર ભારતીય ભી ન રહને દેગી.

અંગરેજી શિક્ષા હમારે ઇતિહાસ કો તોડ મોડ કર ઇસ પ્રકાર
હમેં સિખાતી હૈ કિ ઇસસે લાભ કી અપેક્ષા હાનિ હોતી હૈ.
ઘટનાઓં સે હમ ઠીક પરિણામ નહીં નિકાલ સકતે. લેથબ્રિજ ઔર
હંટર જૈસે ઇતિહાસલેખક હમેં અપની પ્રાચીન સભ્યતા, ગૌરવ
ઔર પ્રતિષ્ઠા ક્યોં બતાયેંગે?

જબ ભાષા ન રહી તો સાહિત્ય ભી સાથ હી નષ્ટ હો જાતા
હૈ. × × અંગરેજી શિક્ષા ને હિંદી સાહિત્ય કો ભી નષ્ટ કર દિયા!

હમારે સામાજિક જીવન પર ઇસકા ઐસા પ્રભાવ પડા હૈ
કિ હમ સદાચાર કો ભી ખો બૈઠે ઔર પાશ્ચાત્ય સભ્યતા કી દિખ-
લાવે કી વસ્તુઓં કો હમને ગ્રહણ કર લિયા. હમ ન ઘર કે રહે
ન ઘાટ કે, ન ઇધર કે ન ઉધર કે. અંગરેજી શિક્ષા ને હમારે
આચારવિચાર કો નષ્ટ કર દિયા. સચ્ચી ચેતનતા ઔર વિચારશકિત
હી હમારા જાતીય ગૌરવ કી રક્ષા કર સકતી હૈ.

અંગ્રેજી શિક્ષા ને હમારી ભાષા, સાહિત્ય, ધર્મ, આચાર, સામાજિક ભાવ, વેશ ઔર રહનસહન સબ પર અપના પ્રભાવ ડાલા. હમને અપની ઘર કી વસ્તુઓં કો પરિત્યાગ કર અંગ્રેજોં પર આશ્રિત હોના સીખા, [illegible] વસ્તુઓં કો પુનઃ ગ્રહણ કરને કે લિયે બહુત સમય લગેગા ઔર બહુત પરિશ્રમ કરને કી આવશ્યકતા [illegible] કરના પડેગા.

ઇસ શિક્ષા કા એક ઔર પરિણામ ભી હુઆ હૈ કિ અંગ્રેજી કી [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

૨૧–અબજોના ખર્ચે ચાલતો ખ્રિસ્તીઓનો પ્રચાર

એ જોવા છતાં પણ ચેતવાની અક્કલ આપણામાં નહિ આવે?

(શુભસંગ્રહ–ભાગ પાંચમાના કવરપેજ ઉપરથી)

ભારતવાસીઓને ખ્રિસ્તી બનાવવાનું પ્રચારકાર્ય કેટલું જોરશોરથી ચાલી રહ્યું છે, તેનો ખ્યાલ બહુ થોડા ભારતવાસીઓને હશે. બ્રિટન, અમેરિકા, જર્મની વગેરેનાં અનેક ખ્રિસ્તી મિશનોને એ કાર્ય માટે પોતપોતાના દેશોમાંથી જે થોકબંધ પૈસા મળે છે, તે વગેરેનો થોડોક અહેવાલ હિંદુ સમાજની માહિતી માટે નીચે આપ્યો છે.

ભારતવર્ષમાં જે ૭૦૦ ખ્રિસ્તી સંસ્થાઓ મોટા પાયા ઉપર કામ કરી રહી છે; તેમાંની મુખ્ય આ પ્રમાણે છેઃ—બ્રિટિશ મિશન પોતાના દેશમાંથી ભારતમાં ખ્રિસ્તીધર્મના પ્રચાર માટે દર વર્ષે પોણાત્રણ કરોડ પૌંડથી કંઈક વધુ રકમ મેળવે છે; અમેરિકન મિશન લગભગ ૫ કરોડ પૌંડ મેળવે છે; સ્વીડન, નોર્વે અને સ્વીટઝર્લેન્ડનાં મિશનો ૮ લાખ પૌંડ તથા જર્મનીનું મિશન ૭૦૦૦ પૌંડ મેળવે છે. આવી મદદ તેમને દર વર્ષે મળ્યા કરે છે અને એ ધનવડે અનેક ઉપાયોદ્વારા ખ્રિસ્તી બનાવવાનું કામ ચાલ્યા કરે છે.

એ મિશનોમાં સાત હજારથી વધારે દેશી ખ્રિસ્તીઓ તથા અઢારહજારથી વધારે વિદેશી પાદરીઓ કામ કરે છે. એ પાદરીઓમાં પુરુષો ઉપરાંત ૧૪૮૧ વિવાહિત સ્ત્રીઓ તથા ૨૪૦૮ કુમારિકાઓ છે. હિંદુસ્થાનમાં આ મિશનોના ઉપદેશકો તૈયાર કરનારાં ૬૧ વિદ્યાલયો, ૧૪૧ અનાથાલયો, ૧૭૦ શિલ્પવિદ્યાલયો, ૭૧૭ હાઈસ્કૂલો, ૧૫૦૦૦ થી વધારે રવિવારની નિશાળો, ૯૮ ખેતીની શાળાઓ, ૫૦ કૉલેજો, ૯૪ ટ્રેનિંગ સ્કૂલો અને ૪૩ છાપખાનાંઓ ચાલે છે; અને દેવળોના અધિકારીઓ તરફથી ૬૫ સ્કૂલો, ૯૯ વર્તમાનપત્રો અને ૪૦૦ થી વધારે દવાખાનાં કાયમનાં ચાલે છે. આ મિશનો તરફથી ૨૫૦૦ ડૉક્ટરો અને નર્સો જનસમાજની મફત સેવા કરે છે તથા ૫૦,૦૦૦ શિક્ષકો શિક્ષણ આપે છે. આ મિશનોની સ્કૂલો અને

કૉલેજોમાં પાંચ લાખથી વધારે વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવે છે. આ મિશનોની સભાઓમાં લગભગ ૮ લાખ સભાસદો છે અને તેમના તરફની આવક લગભગ ૧૯ લાખની થાય છે.

શું આપણા સમજુ હિંદુ શ્રીમાનોએ, 'ધર્મપ્રેમીઓએ, દેશાભિમાનીઓએ,' અગ્રેસરોએ અને વિદ્વાનો વગેરેએ આ બાબત તરફ ધ્યાન નહિ આપવું જોઈએ કે આ બધાં ખ્રિસ્તી અનાથાલયો, સ્કૂલો, કૉલેજો અને હૉસ્પિટાલો વગેરે ભારતવાસીઓને ફસાવવાની અને તેમના વિરોધીઓ વધારવાની જાળો છે? હિંદુઓ આ જાળોમાંથી પોતાનાં બાઈબહેનોને બચાવવા માટે શું કરી રહ્યા છે? શું તેમનામાં એટલી પણ અક્કલ નથી કે જ્યાંસુધી આપણે હિંદુઓ તરફથી સરળ સ્વભાવવાળા નિરાધાર અબળાઓ, અશક્તો, અનાથો, ગરીબ રોગીઓ અને અંત્યજો વગેરેની સેવા બજાવવા માટે એના જવાબમાં પૂરતાં અનાથાલયો, સ્કૂલો, કન્યાશાળાઓ તથા દવાખાનાં વગેરે ખોલવામાં નહિ આવે, ત્યાંસુધી ખાલી વાતોના તડાકાથી, ઠરાવો પસાર કરવાથી અથવા અનેક આજનોના બડેખાં બની પોકળ કીર્તિ પાછળ શક્તિ વેડફી નાખીને એકનિષ્ઠ થવાના ઉત્તમ ધોરણથી છેટા રહેવાથી આપણે ખ્રિસ્તીઓની સ્પર્ધા નહિજ કરી શકીએ? વળી આપણા ધનવાનો વગેરે પણ હજી શું યુરોપિયનોની વિલાસિતાનુંજ અનુકરણ કર્યા કરશે? એમના ધર્મપ્રચારને માટે કરવો અબજો રૂપિયા ખર્ચવાના ઉત્સાહનું તેઓ દશમા ભાગે પણ અનુકરણ નહિજ કરે; તો પછી રશિયાના જેવું બોલ્શેવીઝમ જન્મીને બધા ધનવાનોની સંપત્તિ લૂંટી લેવાય એમાં આશ્ચર્ય શું!!!

(હિંદી "સુધા"માંથી સ્વતંત્રાનુવાદ કરનાર ખરાબ ભિક્ષુ–અખંડાનંદ)

૨૨—સોનેરી સખુનો

(આદર્શ દષ્ટાંતમાળા—ભાગ ૧ લાના કવરને આધારે)

'સન્માન' એ એવી વસ્તુ નથી કે જે દાવો કરવાથી મળી જાય, એ તો લાયકાત હોય ત્યાં આપોઆપજ આકર્ષાઇ આવે છે.

ઓછી જરૂરનાં કામોમાં શક્તિ, આયુષ્ય અથવા ધન વાપરી દેવાથી પછી ખરી જરૂરનાં કામો કરવાની શક્તિ રહેતી નથી.

બીજાનું દુઃખ પોતાનું ગણવું એજ **મહાત્માપણું; સહાનુભૂતિ, સમભાવ** અથવા સર્વોત્તમ ધર્મ છે. એ ધર્મ પાળે તેજ ધન્ય છે.

બે વાતો અવશ્ય ભૂલી જજો:—(૧) બીજાઓએ તમારી વિરુદ્ધ જે કાંઇ કહ્યું અથવા કર્યું હોય તે. અને (૨) બીજાઓ ઉપર તમે કાંઇ ઉપકાર કર્યો હોય તે.

અધિકાર—યોગ્યતા—મેળવ્યા વિનાજ મુક્તિ શોધશો તો વધુ બંધાશો. પરમ મોક્ષ પામવુંજ હોય તો સેવાપાત્ર હોય તેની નિષ્કામ સેવા કરો એજ અત્યારે તમારી શ્રેષ્ઠ સાધના અને મુખ્ય **સ્વધર્મ** છે.

ધનવાનનું હૃદય ધનમાં અને ભક્તનું હૃદય **ભગવાનમાં** રહે છે.

ચમત્કાર બતાવવા એ જાદુગરનું કામ છે; ઈશ્વરભક્તનું નથી.

ઈશ્વર તો સર્વત્ર રહેલાજ છે; પણ જેઓ દરેક બાબતમાં એ વાત યાદ રાખીને તે પ્રમાણે વર્તે છે તેજ ખરા મહાપુરુષ છે.

જુઠ્ઠું બોલનારને સદાય તેનો ભય ભોગવવો પડે છે, અને જે જુઠ્ઠું કરતો નથી તેને તો થોડી વારજ પીડા રહે છે.

વસ્તુ અને પદ, બને બગાડવા કરતાં માત્ર વસ્તુજ બગાડવી ઠીક છે.

[illegible] દુઃખ [illegible] તેને દુઃખ ન થાય, તે પશુઓએ શીખવું છે.

[illegible] નહિ ભગવાનું [illegible] પ્રસાદથી પણ નથી બનતું.

[illegible] નિષ્કામ નહિ [illegible] પ્રભુની [illegible] છે

[illegible] ભગવાનની સાથે (ઈશ્વરી [illegible]

[illegible] બીજાને [illegible] નહિ

[illegible] સેવાનનું [illegible]

[illegible]

[illegible] નહિ [illegible] ઉપરી [illegible]

૨૩—નેપોલિયનની અમુક ખાસ વિશેષતાઓ

("મહાન નેપોલિયન" ઉપરથી)

તે પોતે કરી ન શકે એવું કોઇ પણ કામ તે બીજાને સોંપતો નહિ.

તેનું સામ્રાજ્ય શરીરોપર નહિ, પણ અંતઃકરણ ઉપર હતું.

પોતે દિગ્વિજયી થયો અને કરોડો સોનામહોરો તેના પગમાં અથડાતી હતી, પણ તેની ખાનગી તીજોરી તો ખાલીજ રહેતી.

તેનું ગૃહજીવન સાદાઈ, નીતિ અને પરિશ્રમના ઉદાહરણરૂપ હતું.

નજીવી બાબત પણ તે ધ્યાનબહાર જવા દેતો નહિ.

હિસાબી ખાતાની ભૂલો તે અજાયબ જેવી રીતે પકડી આપતો.

તેને બાળકો બહુ ગમતાં. (સેન્ટહેલીનામાં) જનરલ બર્ટ્રેન્ડનાં છોકરાંને તે વખતોવખત નોતરતો અને તેમની ધીંગામસ્તીથી આખું ઘર ગાજી રહે ત્યારે તેને ઘણો આનંદ આવતો. તેમની સાથે તે પણ રમવા લાગતો અને તેમના નાના કજીયા પતાવતો.

તે જમાનામાં તમામ યુવકો વિષયલંપટ થયેલા, ત્યારે નેપોલિયન એક સાધુના જેવી દૃઢ અને નિષ્કલંક નીતિ રાખતો હતો.

તે અત્યંત મિતાહારી હતો. દારૂને તો તે અડતો પણ નહિ. રાતે અને દિવસે નિરંતર મહેનત કર્યા પછી માત્ર લિંબુનું શરબતજ તે પીતો. જુગાર અને લાયરૂસ્વતનો તેને અત્યંત તિરસ્કાર હતો. વિષયવાસનામા તેણે એક યોગીની માફક સંયમ રાખ્યો હતો. નાપ્રસ શહેરની રૂપવતી વારાંગનાઓએ આ યુવાન સેનાધિપતિને મોહજાળમાં ફસાવવાનો ઘણોએ પ્રયત્ન કરેલો પણ તે વ્યર્થ ગયેલો.

આ મહાન શહેનશાહ પોતાની કચેરીના નોકર કરતાં પણ વધારે કલાક કામ કરતો હતો. મિત્રોને મળવું, જમવું-જમાડવું, વગેરે સાંસારિક કાર્યો કરવાનો તેને અવકાશજ ન હતો. તેના દિવસો કામકાજમા જતા અને રાત્રિઓ અભ્યાસમા જતી હતી.

આખો દિવસ રાજદ્વારી પ્રકરણોમા સખત માનસિક પરિશ્રમ કર્યા પછી સેંટ ક્લાઉડનો મહેલ છોડીને રાતોરાત ૧૮૦ માઇલની

મુસાફરી કરીને બીજે દિવસે બપોરે તે બોલોન આવી પહોંચતો અને જાણે કશોજ થાક લાગ્યો ન હોય તેમ એક પળવારનો પણ આરામ લીધા વગર તે છાવણીનાં તમામ ખાતાં તપાસી વળતો.

બેરન લેંગન લખે છે કે "નેપોલિયન તરફ અમારી કેવી ભક્તિ હતી તે આજની પ્રજા સમજી શકશે નહિ. નેપોલિયન સન્મુખ ઉભા રહેવું, તેનો અવાજ સાંભળવો અને તેની ભવ્ય મુખાકૃતિનું દર્શન કરવું અમારા ભાગ્યમાં હતું, તેને માટે અમે મગરૂર છીએ. તે અમારો માત્ર રાજાજ ન હતો પણ અમારો પિતા પણ હતો, અમારો ગુરુ પણ હતો; અને અમારો ઉપાસનીય દેવ પણ હતો. તે સામાન્ય મનુષ્ય ન હતો, પણ ઈશ્વરની વિભૂતિનો ખ્યાલ આપે એવો દેવતાઇ પુરુષ હતો."

२४–नेपोलियननो पुस्तकप्रेम

("મહાન નેપોલિયન" ઉપરથી)

"નેપોલિયન મુસાફરી દરમિયાન પોતાની સાથે ગાડું ભરાય તેટલાં પુસ્તકો રાખતો અને થોડી મિનિટ મળે ત્યારે પણ કાંઇક વાંચી લેતો."

"સાહિત્ય, વિજ્ઞાન કે ધર્મ–કોઇ પણ વિષયને લગતાં જે જે નવાં પુસ્તકો દેશમાં નીકળે તેની નકલ તે અવશ્ય ખરીદતો અને તેના ઉપર (ઘોડાગાડીમાં બેઠે બેઠે પણ) આંખ ફેરવી જતો, તથા નિરુપયોગી જેવું લાગે તે પુસ્તક ચાલતી ગાડીએ બારીમાંથી ફેંકી દેતો; આ પ્રમાણે માર્ગમાં કાગળોની કાપલીઓ તથા પુસ્તકો વેરાયાં હોય તે ઉપરથી તે કયે રસ્તેથી ગયો હશે તે જણાઇ આવતું હતું."

२५–नेपोलियननां थोडांक वचनामृत

"દેશોદ્ધાર માટે ઉત્તમ માતાઓના જેટલી જરૂર બીજી કશાની નથી."

"મારા હૃદયમાં જે કાંઈ પવિત્ર અને ઉદાર ભાવનાઓ હોય તો તે મને મારી માતા પાસેથી પ્રાપ્ત થઇ હતી."

"હું જીવીશ ત્યાંસુધી તો સરકારી સેનો અને નોટોનાં કાગળિયાં કાઢીશ નહિ."

"માણસમાત્રને ધર્મની જરૂર છે. માત્ર સુલેહશાન્તિ માટેજ નહિ, પણ દરેકના આત્મકલ્યાણ માટે ધર્મ આવશ્યક છે."

"સ્ત્રીકેળવણીમાં પણ ધર્મશિક્ષણ બહુ અગત્યનું છે. કન્યાઓ શાળા છોડે ત્યારે દેખાવદાર રમણીઓ નહિ પણ સુશીલ સન્નારીઓ નીવડે અને તેમનો મોહ ટાપટીપ કરવામાં નહિ પણ તેમના ઉચ્ચ ગુણો ખીલવવામાં રહેલો હોય, એવું જોવાને હું ઘણો ઉત્સુક છું."

"માણસો ઘણું ખાઇને માંદા પડે ને મરે ખરા, પણ થોડું ખાવાથી માંદા પડ્યા હોય કે મુઆ હોય એવું મેં કદી સાંભળ્યું નથી."

"જે કારણથી શરીર બગડ્યું હોય તેનાથી તદ્દન ઉલટી રહેણીકરણી રાખવી, એટલે કુદરતનું સમતોલપણું પાછું આવી જાય છે."

"મને દવા ઉપર જરાએ ભરોસો નથી. મારે માટે તો ઉપવાસ અને ઉનું સ્નાન એજ ઔષધ પુરતાં છે."

"બીજી બધી લલિતકળાઓ કરતાં સંગીત માણસના હૃદય પર ઘણામાં ઘણી અસર ઉપજાવે છે, અને સમાજનાયકો તો એ કળાને સૌથી વિશેષ ઉત્તેજન આપવું જોઇએ. એક સુંદર ગીતની સ્વરલહરી તરતજ ચિત્તવૃત્તિને મૃદુ બનાવી દે છે; અને નીતિસંબંધી પુસ્તક કરતાં સંગીતની નૈતિક અસર વધારે બળવાન હોય છે."

'જાહેર ભાષણ વધારે કરવું, માંદા માણસોને સંભાળવાનું, શહેરની ગટરોને દૂર કરવાનું અથવા એવું કેઇ જાહેર ઉપયોગનું કામ કરવાનું હોય, ત્યારે તો હું તેની પહેલ [illegible] માંડેલો રહું; કેમકે [illegible] કહ્યું અને આખરે તમને પણ [illegible] તેજ તે કામ કિંક કિંક થઈ શકતું."

૨૬—સાવધાન ઓ રાજાઓ અને ધર્મગુરુઓ!

(સ્વામી રામતીર્થ ભાગ ૧૨-૧૩ ઉપરથી)

હિંદુસ્તાનના ઓ રાજારજવાડાઓ! ધર્મગુરુઓ! શુદ્રો અને રાજકર્તાઓ! થોડાંજ વર્ષોમાં શું પરિણામ આવશે તેનો તમને ખ્યાલ છે? ગમે તો મને વિચિત્ર મનુષ્ય ગણીને હસી કાઢો, પરંતુ મારી સમક્ષ દેખાય છે કે, આ જગત સ્વામીઓ (સાચા સંન્યાસીઓ-કર્મવીરો) થી ઉભરાઇ રહ્યું છે; પૃથ્વીપર દેવો સંચાર કરતા હોય એમ ભાસે છે; મનુષ્યોમાં ચાલતા અયોગ્ય ભેદ નષ્ટ થઇ ગયા છે.

આપણને શું અગ્નિ અથવા શસ્ત્રોની જરૂર પડશે? ના. પોલીસની? ના. આ શું હવાઈ કિલ્લા છે? કેવલ મનોરાજ્ય છે? ના. શું આ કેવલ વિચારભ્રમ છે? ના. આ શું સામ્યવાદ રાષ્ટ્રવાદ છે? હશે; પરંતુ એ તો હિંદુસ્તાનમાં મૂળથીજ છે; કાં નવો નથી. વેદાન્તનો એ તો એક સ્વાભાવિક ઉપસિદ્ધાંત છે. હે હિં વાસીઓ! જો તમે આત્માને ઓળખશો અને સ્વાર્થબુદ્ધિ છોડી દે તો તમારો (પરાધીનતાનો) રોગજ ક્યાં રહેશે? આંતરિક ઉપા (અયોગ્યતા-અજ્ઞાન) નષ્ટ થતાંજ બાહ્યોપાધિ (દુઃખ-દારિદ્ર, પરાધી નતાદિ) એની મેળે શમી જશે. યુક્તિ કે પ્રપંચની જરાયે જ નથી. શંકા અથવા ભીતિ રાખવાનું કાંઇ કારણ નથી. બીકણ-બાય ઈશ્વરદ્રોહીઓ ભલે તેમને ફાવે તે માર્ગ સ્વીકારે.

ઓ ભપકાના પ્રેમી ભક્તો! આર્યોના સંન્યાસ અને ત્યાગના ધ્યેય તમને સ્વપ્ન જેવાં ભાસે છે; પણ સાવધ રહો! તમને ઢંઢોળીને જગાડવાનો અને તમે કેવા ભયંકર ભ્રમમાં પડયા છો, એ સમજાવવાનો સમય હવે આવી પહોંચ્યો છે. જેનામાં શ્રદ્ધાભક્તિભર્યો ત્યાગ નથી, તેને તો માત્ર અનુભવી અને આહારી જંગલી પ્રાણીજ કહેવો ઘટે.

૨૭–ગૃહદેવીઓનું મંગલ ગીત

(ભારતનાં સ્ત્રીરત્નો–ગ્રંથ ત્રીજા ઉપરથી)

"અમે સ્નેહ ને સૌજન્ય કેરી દેવીઓ રે લોલ;
અમે સ્વર્ગથી સંસારતટે ઉતર્યાં રે લોલ.
અમે શાન્તિ ને આનંદ બધે રેલીએ રે લોલ;
અમ હાસ્યમાં તો તેજના અંબાર છે રે લોલ.
અમે વાણીથી સ્વર્ગસુધા રેડીએ રે લોલ;
અમ નેણમાં પ્રેમની ધારા ઝરે રે લોલ.
અમે યાત્રીઓ સંસારની ગજાવીએ રે લોલ;
અમે પાર કાંઈ ઉછંગમાં ઝુલાવીએ રે લોલ.
અમ ઉરથી અમૃતની સેરો ઝરે રે લોલ;
અમી પ્રેમને રેંટીઆએ ફેરીઓ રે લોલ.
અમે વિશ્વના સંતાપ સર્વ ફેડીએ રે લોલ;
તપ્યા માનવીને ભાવ શીળા આપીએ રે લોલ.
દુઃખી માનવીનું શિર ખોળે રાખીએ રે લોલ;
અમે ઉરમાં રોનારાંનાં આંસુ લૂછતાં રે લોલ.
અમ હાસ્ય વડી દુનિયાનો સંસાર છે રે લોલ;
અમે વિશ્વમાં સૌન્દર્યના અવતરતાં રે લોલ.
અમે કાન્તની માનીતી ગૃહદેવીઓ રે લોલ;
અમે રાષ્ટ્ર ને પ્રભુ સદા પ્રસન્ન છે રે લોલ.
અમે સ્વર્ગને સંસારમાં ઉતારીએ રે લોલ;
અમે સ્નેહ ને સૌજન્ય કેરી દેવીઓ રે લોલ."

(નર્મદાશંકર બાલાશંકર પંડ્યા)

૨૮—સાચા સાધુ અને મહાન પુરુષો વિષે

("ઉપદેશસારસંગ્રહ" ઉપરથી)

કીર્તિને વધારે એવી પાયમાલી, અને યશ આપે એવું મરણ સાચા મહાત્મા સિવાય બીજાઓને મળતાં નથી.

જનસેવાનો ગૌરવભર્યો આનંદ તો માત્ર એવાજ મહાત્માઓને મળે છે, કે જેઓ મહેનત કરવામાં પાછા હઠતા નથી.

ખરાબ અને સારાં મનુષ્યો બહારથી કેવાં મળતાં આવે છે! બાહ્ય આચાર અને ઉચ્ચારમાં આવું સરખાપણું બીજે નથી જણાતું.

સાધુજનો કરતાં મલિન જીવો એક રીતે વધુ સુખી હોય છે. કેમકે તેમના અંતરમાં એટલો મેલ હોય છે કે તેમને પોતાના અયોગ્ય હેતુ અને જૂઠપ્રપંચાદિ દોષ દોષરૂપે જણાતા નથી, અને તેથી આંતરિક દુઃખ પણ એ પાપાત્માઓને વેઠવા પડતા નથી!

મેળવવા યોગ્ય જ્ઞાન અવશ્ય મેળવવું; પરંતુ આચરણ પણ તેને અનુસરતાં કરવાં જોઈએ.

કાન માટેનું ભોજન પૂરું થયા પછીજ પેટને ભોજન આપજો.

બહુશ્રુત મનુષ્યો પૃથ્વી પરના સાક્ષાત્ દેવતાઓ છે.

જેમને કીર્તિની કાળજી હોય છે, તેઓ પોતાના રાઈ જેવા દોષને પણ પહાડ જેટલો સમજે છે.

સાચો બુદ્ધિવાન તેજ છે, કે જે ફરી જન્મવા જેવી મૂર્ખાઈમાંથી ઉગરી સત્ય અને સંપૂર્ણતા મેળવવા મચી પડે છે.

ધરતી માતા જેમ ખોદનારાને પણ આશ્રય આપે છે; તેમ તમને કોઈ સતાવે તો માફી દેજો. ખરી મોટાઈ એમાંજ છે.

નુકસાન કરનારને સજા કરવાની સાચી રીત તો એજ છે કે તેના ઉપર ઉપકાર કરીને તેને શરમીંદો બનાવવો.

અનુકંપા જેવી ઉત્તમ દોલત આ સંસારમાં બીજી નથી; [illegible]

[illegible] અવસ્થાઓ પરસ્પર વિરોધી છે. એક તરફ [illegible]

રેક સડણતા અને મલિનતા હોય છે; તથા બીજી તરફ સાધુના અને પવિત્રતા હોય છે. (અર્થાત્ એ બેઉ બાજુઓ સાથે નહિ સમાય.)

દયાર્થી ઉભરાતું દિલ એ મોટામાં મોટી દોલત છે. કારણ કે જડ દોલત તો નીચ પાપીઓ પાસે પણ હોય છે.

જે મોહને લીધે મનુષ્ય અસ્થાયી પદાર્થને સ્થાયી માની લે છે, તે મોહ જેવી મોટી મૂર્ખતા બીજી કોઈ નથી.

૨૧—લક્ષ્મીનો વાસ

(ભારતનાં [illegible]-ગ્રંથ ત્રીજા ઉપરથી)

એક દિવસ ભગવાન વિષ્ણુએ લક્ષ્મીજીને પૂછ્યું—"હે પ્રિયે! અવનિમાં તમારો વાસ ક્યાં ક્યાં છે?" ત્યારે લક્ષ્મીજીએ કહ્યું:—

"પ્રભો! જે સ્ત્રી માત પિતા, સાસુસસરા આદિ વડિલોની પૂજા કરે છે અને પતિ ઉપર પ્રેમ રાખે છે તેને ત્યાં મારો વાસ છે."

"જે સ્ત્રી સુંદર વસ્ત્રાલંકારોથી નહિ પણ સદાચારથી પોતાનું અંગ શણગારે છે; જે કંકણથી નહિ પણ દાનથી પોતાના હાથ શોભાવે છે; જે નવા નવા અભિલાષો નહિ વધારતાં આત્મસંયમ વધારે છે; જે સર્વ [illegible] અને [illegible] રહે છે અને જે સદા મધુર વાણી બોલે છે; તેને ત્યાં મારો વાસ છે."

"જે સ્ત્રી સદા ઉદ્યોગી, સંતોષી, પ્રસન્નમુખી, મિતાહારી અને મિતાચારી રહીને બહાર અને અંદર પવિત્ર રહે છે, તેને ત્યાં હું વસું છું."

"જે સ્ત્રી પોતાની [illegible], પતિના અને અન્ય કુટુંબીજનો [illegible] કરે છે; [illegible] [illegible] કરે છે અને [illegible] છે તેને ત્યાં મારો વાસ છે."

"[illegible] [illegible] [illegible], [illegible], કપડાં અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે; તેને ત્યાં મારો વાસ છે."

૩૦-થોડીક અગત્યની શિખામણ

("ઉપદેશસારસંગ્રહ" ઉપરથી)

જે ધર્મવૃદ્ધ હોય-અર્થાત્ ધર્માચરણ કરતાં કરતાં વૃદ્ધ થયા હોય-
નો આદર કરો અને તેવાનીજ મૈત્રી મેળવો.

જેને ઠપકાપૂર્વક દોષ કહી શકે એવા મિત્ર મળ્યા હોય, તેવા
ણસને નુકસાન કોણ કરી શકે તેમ છે?

ઘણા શત્રુ બનાવવા એ મૂર્ખતાજ છે; પણ સજ્જનોનો
રિચય જતો કરવો એ વળી એથી દશગણું ખરાબ છે.

જેનું ભલું કરવું હોય તેના સ્વભાવ અને લક્ષણનો ખ્યાલ
નહિ રાખો તો ભલાઇ કરવામાં પણ ભૂલથાપ થવાનો સંભવ છે.

મનુષ્યના સારાપણા અને નરસાપણાનો તોલ કરો; અને જે
વસ્તુ વધારે જણાય તેજ તેનો સ્થાયી સ્વભાવ છે એમ માનો.

દેખાવ પરથીજ કોઇનો તિરસ્કાર ન કરો; કેમકે એવાઓમાં
એવા માણસ પણ હોય છે, કે જેઓ વેગબંધ દોડતા એકાદ મોટા
ગાડાની ધરીના ખીલા જેવા બહુ અગત્યના હોય છે.

નાગી તલવારના જેવા ખુલ્લા દુશ્મનથી ડરવું નહિ; પણ મિત્ર-
ને વેશે આવનાર શત્રુથી સદા સાવચેત રહેવું.

મજાકમાં પણ હલકા શબ્દો બોલવાથી મનુષ્યની લાગણી દુખાય
છે; માટે સુસંસ્કારી લોકો દુશ્મનોપ્રત્યે પણ અવિનયી થતા નથી.

ભાગ્યવશાત્ સમૃદ્ધિ મળી હોય, તો વિનાવિલંબે એવાં કામો
કરો, કે જેથી સ્થાયી કલ્યાણ થાય.

અંતકાળે વાચા બંધ થઇ જાય અને ગળામાં ખોખરી બાઝી
હેડકીઓ આવે, તે પહેલાંજ શુભ કાર્યો તો કરી લેજો.

પરથી ભરેલા ભિખારીને ભાળો; જ્ઞાનીઓ કહે છે કે, એવ
આગળ બીજાઓને દુઃખ દઈ હિંસા કરી હશે.

સંસારમાં જેઓ ઉન્નતિ સાધવા ઇચ્છે તેમણે કલંકિત બના
નારાં સર્વ આચરણોથી છેટા રહેવું ઘટે.

અધમ સાધનોથી દોલત અને જાહોજલાલી મેળવાય
કરતાં સદાચારી મનુષ્યની નિર્ધનતા બહુજ સારી છે.

રોવરાવીને મેળવાતી સંપત્તિ છેવટે રોવરાવીનેજ જવાની.

૩૧–सुख, सामर्थ्य अने समृद्धिनां साधन

("સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ" ઉપરથી)



"વિકાસ પામતા રહો અથવા ક્ષીણ થતા ચાલો" એ કુદ-
તનો મુદ્રાલેખ છે અને તે સૃષ્ટિની પ્રત્યેક વસ્તુ પર લખાયલો છે.

જ્યાંસુધી મન પોતાની સંમતિ આપતું નથી, ત્યાંસુધી માણસ-
ા ચહેરો ઘડપણનો દેખાવ ધારણ કરી શકતો નથી; કારણ કે
મારૂં શરીર તો તમારા મનનોજ દોરેલો નકશો છે.

સિદ્ધાંત કદી પણ વૃદ્ધ થતો નથી; સત્ય પણ કદી વૃદ્ધ થતું નથી.
હે માનવ! તું પોતેજ સિદ્ધાંત છે, સર્વ સત્યોનું સત્ય છે.

ખરાબ વિચારો અને કુટેવોથી કોઇનું પણ મન એટલું મલિન
વિષમય બન્યું નથી, કે તે ઉચ્ચ વિચારોથી સુધરી શકે નહિ.

ઉત્સાહ, હિંમત, આશા અને આનંદ, એ એવાં સાધનો છે,
જે બિમારને સાજાં કરવામાં દવા કરતા વિશેષ મદદ કરે છે.

જમતી વખતે અને ઉંઘવા પહેલાં આનંદી રહેવાનો અભ્યાસ
ાડવો, એ દરેકનું બહુ જરૂરી કર્તવ્ય છે; કારણ કે એથી શરીરના
અને મનના આરોગ્યને ઘણોજ લાભ થાય છે.

રંકતાનો વિચાર જેટલો ખરાબ છે, તેટલી રંકતા પોતે નથી.
જે દિવ્યતા આપણા ઉદ્દેશોને ઘડે છે, તે આપણામાંજ રહેલી છે.
જે શક્તિએ આપણને પેદા કર્યા છે, તે આપણાથી દૂર હોવાની
બવળી માન્યતાએજ આપણે લાચારી ભોગવીએ છીએ.

અખૂટ ભંડારના સ્વામી(પરમાત્મા) સાથેનો આપણો અતિ
નિકટનો સંબંધ આપણે જાણી લઇએ તો આપણી રહેણી કરણી
એવી ખાલી ઉંડે કે જેથી આપણે કદી તંગી ભોગવીએ નહિ.

ઉદાર માણસ આપોઆપ શ્રીમંત બને છે; અને કંજુસ અથવા
લોભી માણસ સમય કરીને રંક બને છે.

મહત્ત્વાકાંક્ષામાંથી એટલે કે આદર્શની અને હેતુની ઉચ્ચતામાંથી-
જ ઉચ્ચ શક્તિ ઉપજી આવે છે અને ઇષ્ટ વસ્તુસ્થિતિને પમાડે છે.

ળતા અને સંજોગ, આપણા અભિપ્રાયો અને રુચિઓ, આપણ
અનુકૂળતા અને પ્રતિકૂળતા, આપણી સહૃદયતા અને જડતા,
સર્વનાં પ્રતિબિંબ આપણને સ્પષ્ટ જણાઈ રહે છે.

સાહિત્યની ઉપાસના મનુષ્યને બીજા ધંધાને માટે નાલાય
બનાવી દે છે; એ વાતને ખોટી, સિદ્ધાંતથી વિરુદ્ધ અને અનુભ
વિનાની કલ્પના માનીને એનો અનાદર કરજો.

સારા ગ્રંથો ચારિત્ર્યને ઉન્નત કરે છે; રુચિને શુદ્ધ કરે
હલકા આનંદનો મોહ મટાડે છે અને આપણને ઉંચકીને વિર
અને જીવનની ઉચ્ચ ભૂમિકા પર મૂકી દે છે.

એક ઉત્તમ વિચારથી ભરેલો ગ્રંથ વાંચ્યા પછી તરત હ
કામ થઇ શકતાં નથી. જે માણસ ઉપલક રીતે અથવા આનંદ
વાંચે છે તેનામાં પણ રસિકતા અને મિઠાશ તો આવશેજ.

સાધારણ રીતે આપણા લોકોને સહેલું વાચન જોઇએ છી
આગગાડીમાં યા ઘરમાં વખત જાય અને ધ્યાન રોકે એવું વા
જોઇએ છીએ; પણ અંગ્રેજ લોકો તો મોટે ભાગે તાત્વિક ગ્રંથો,
પ્રાચીન ગ્રંથો અને જેમણે જીવવાનો પોતાનો હક્ક સ્થાપિત કર્યો
હોય એવાજ ગ્રંથો વાંચે છે. તેઓ "તાજા ગ્રંથો" અને ખૂની હકી-
કતોવાળી તથા પ્રેમલાપ્રેમલીની નવલકથાઓ માટે આતુર હોતા નથી.

ગ્રંથો જીભ વિનાના ને મૂંગા છતાં જગત પર સત્તા ચલાવે
છે. તેઓ શકિતહીન અને જડ દેખાવા છતાં જંગલમાં આગ ફરી
વળે તેમ તેઓ માણસોનાં મન, હૃદય અને મગજોમાં ફરી વળી પ્રકાશ
પહોંચાડે છે અને અંધકારમય હૃદયાકાશમાં તારાનું કામ કરે છે.

પ્રજાઓ ઉન્નત અને અવનત થાય છે; શહેરો નાશ પામે
છે; વિશાળ સામ્રાજ્યો પાયમાલ થઇ જાય છે; પરંતુ તેઓના સમરત
ભૂતકાળ પુસ્તકોમાં વિદ્યમાન હોય છે. એક વારના બળવાન ગ્રીસનો
હસ્તિનાપુરનો અને અયોધ્યાનો બધો ભૂતકાળ પુસ્તકોમાં રહેલો છે
તેનાં લશ્કરો અને શિલ્પકળા નષ્ટ થઇ જઇ થોડાં ખંડેરોજ આજે ઉભ
છે; પણ તેનાં પુસ્તકો તો સદાય રહીને મનુષ્યો પર અસર કર્યા કરશે

३४–धनवान गुलामो अने निर्धन धनपतिओ

("ભાગ્યના ઘડવૈયાઓ" ઉપરથી)

કોઈ પાસે પુષ્કળ ધનમાલ હોય તેથી તેને મારી પાસે બડાઈ મારવા દેવો જોઈએ નહિ અને બતાવી આપવું જોઈએ કે, હું પૈસા વિના ચલાવી શકું છું; કોઈ મને પૈસા, સુખ કે માન આપીને ખરીદી શકતો નથી; અને મારી પાસે પાઈ પણ ન હોય તથા રોટલો ભલે તેનેજ ત્યાંથી મળતો હોય તોપણ તે મારી આગળ રંક છે. —ઈમર્સન

કોઈ પણ વસ્તુએ મારા હૃદયને સૌથી વિશેષ અસર કરી હોય તો તે નાના ઘરમાંના મોટા અંતઃકરણે કરી છે.—લાકોર્ડેર

જે દેશમાં લક્ષ્મીનો સંગ્રહ વધવાથી માણસો વૈભવી-પતિત થાય છે તે દેશનું અનિષ્ટ જલદી થાય છે. —ગોલ્ડસ્મિથ

આરામ નહિ પણ પ્રયત્ન, અને સગવડ નહિ પણ મુશ્કેલીજ ઉત્તમ માણસો ઘડે છે–માણસોને ઉત્તમ બનાવે છે.

એક માણસને જ્યારે ઈશ્વર શિક્ષણ આપવા માગે છે ત્યારે તે એને સર્વ સાધનોવાળી શાળામાં નહિ પણ તંગીની પાઠશાળામાં મોકલે છે.

ભર્તૃહરિ, ગોરખ, ગૌરાંગ, જ્ઞાનેશ્વર, તુકારામ, રામદાસ, તુલસીદાસ, બુદ્ધ, ક્રાઈસ્ટ, હ૦ મોહમ્મદ (સલ૦), કૉન્ફ્યુશિયસ, નાનક, કબીર, નૃસિંહ, સુદામા, રામકૃષ્ણ પરમહંસ, રામતીર્થ, અગાસિઝ, ફિલિપ્સ, બ્રુક્સ, થૉરો, ગૅરિસન, ઇમર્સન, બીચર, એ સૌ વિરલ આત્માઓ પૈસા વિનાના શ્રીમંત હતા. તેઓ પક્ષીમાં અને પુષ્પોમાં સૌંદર્યનું, ઘાસમાં પ્રભુલીલાનું, વહેતા ઝરામાં ગ્રંથોનું, પાષાણમાં ઉપદેશનું અને પ્રત્યેક વસ્તુમાં કલ્યાણનું દર્શન કરતા હતા. તેઓ જાણતા હતા કે, માણસને અરણ્યનું સૃષ્ટિસૌંદર્ય માણવા માટે કશો કર ભરવાનો નથી. તેમને જગતનો પ્રત્યેક પદાર્થ સૌંદર્યના મહાન સ્રષ્ટા પાસેથી ખાસ સંદેશો લાવતો જણાતો; અને તે પ્રત્યેક પદાર્થમાં તેની જ શક્તિ અને સુંદરતા તેઓને જણાતી. જેવી આતુરતાથી રણમાનો તરસ્યો પ્રવાસી રણપટમાંના ઝરણાનું ઠંડું પાણી પીએ, તેવી આતુરતાથી

તેમનાં મુમુક્ષુ અંતરોએ બીડ, ખેતર, પુષ્પ, પક્ષી, નાળાં, પર્વત અને જંગલમાંથી તે પરમાત્માની શક્તિ અને પ્રેરણા ખેંચી હતી અને તત્ત્વામૃતનું પાન કર્યું હતું. આવી રીતે પ્રાણીઓ અને પદાર્થોમાં રહેલી સારભૂત શક્તિ અને સંપત્તિ તારવી કાઢવી, તથા એ પરમામૃતના પ્યાસા આતુર માનવીઓ પર તેની વૃષ્ટિ કરવી, એ પણ તેમનું કાર્ય હતું. તેઓ માનતા કે, મનુષ્યને સૌથી વધારે મહત્ત્વનો ખોરાક મુખ રસ્તે મળતો નથી પણ મનદ્વારા મળે છે. કારણ કે મનુષ્યો જો માત્ર પૈસા અને અન્નથીજ જીવતાં હોય તો તેઓ કેવળ પશુતીજ સ્થિતિમાં હોય. વળી મનુષ્યમાં વિકાસ પામવાની જે અમર્યાદ શક્તિ છે તેના વિકાસ માટે સ્થૂળ ખોરાક કરતાં માનસિક ખોરાકનીજ તે બહુ વધારે જરૂર છે. આ પ્રમાણે તેમની સમજણ, ભાવના, શોધ અને સાધન ઉચ્ચકોટીનાં અને વધારે થતાં ચાલવાથી તેમનાં અંતઃકરણ વિશુદ્ધ થઇ સર્વના કર્તા હર્તા, નિયંતા અને અધિષ્ઠાતા પરમાત્મદેવમાં તલ્લીન–તન્મય–અભિન્ન બની રહ્યાં હતાં. આથી તેમણે વિકાસ પામતા છોડમાં, હાલતી વનસ્પતિમાં, સુંદર પાકમાં અને માનવ ચારિત્ર્યમાં પરમાત્મદર્શન કર્યું; તથા પ્રત્યેક ઝરામાં, પ્રત્યેક નક્ષત્રમાં, પ્રત્યેક પુષ્પમાં, પ્રત્યેક ઝાકળબિંદુમાં, પ્રત્યેક પ્રાણીના હૃદયમાં અને સર્વત્ર તેનુંજ પ્રતિબિંબ જોયું. તેઓ માનતા હતા કે, માનવપ્રકૃતિ અને સમગ્ર સૃષ્ટિ મનુષ્યના મહાન શિક્ષકરૂપ છે. જો તેનો યોગ્ય સદુપયોગ કરવામા આવે તો તેઓ એની અસભ્ય રીતભાતને સભ્ય બનાવે; એના બેડોળ જીવનને સુંદર બનાવે; સુંદર જીવનને પવિત્ર બનાવે અને પવિત્ર જીવનને પ્રભુમય બનાવે એમાં જરાય શક નથી.

ઉપલા વિચારોથી ખાત્રી થાય છે કે, આપણે સર્વ જે સ્થિતિમાં રહી શકીએ તે કરતાં ઘણી નીચી ભૂમિકામાં વસીએ છીએ અથવા આપણે અંધકારમય દુઃખદાયક ખીણોમાં ભમ્યા કરીએ છીએ. આપણે કેમ અટવાયા ન કરતાં જ્ઞાનરૂપી દિવ્ય સૂર્યથી પ્રકાશી રહેલા ચારિત્ર રૂપી દિવ્ય અને પરમાનંદપ્રદ શિખર પર ચઢી જવું જોઇએ. ઈશ્વરે આપણા દરેકના હાથમાં ઈંદ્રિયોરૂપી જે મહાન ગ્રંથ આપ્યો છે તેના

પ્રત્યેક પાનાપર ગુણ સત્યો તેણે સ્પષ્ટ લખેલાં છે; છતાં અફસોસ કે આપણે તે પાનિયાં વાંચ્યા વિના [illegible] કરીએ છીએ.

શહેર પણ વગર પૈસે શ્રીમંત હતો. સર્વ લોકો તેને માટે ખુશી હતાં. તેનો સર્વત્ર સત્કાર થતો અને જ્યાં જ્યાં જતો ત્યાં તેનો સુમધુર આત્મા જ્ઞાન, ચારિત્ર અને આનંદનું વાતાવરણ ફેલાવતો.

હેન્રી વિલ્સન પણ વગર પૈસે શ્રીમંત હતો. પોતાના ઉચ્ચ [illegible] કૌટુંબિક ઉત્પત્તિનું [illegible] તેને એટલો તિરસ્કાર હતો કે, જ્યારે એને દેશના પ્રમુખ પ્રેસિડેન્ટ નીમવાનો સમાચાર [illegible] હતો ત્યારે તે પ્રસંગના માન ખાતર ખર્ચ માટે તેને પોતાના [illegible] પૈસા ઉછીના લેવા પડયા હતા! [illegible] પણ [illegible] તેનો એવો પરમ મિત્ર હતો કે [illegible] [illegible]!"

[illegible]

[illegible]

લૌકિક સંપત્તિરૂપી કચરો જેમને જેમને ગાઢ લાગેલો પડેલો મળેલ તેમને પણ તેમના તૃષ્ણારૂપી શરીર કરતાં તો તે નાનોજ પડ્યો છે. ક્રિશ્ચિ બ્રુક્સ કહે છે કે "જેમ છિદ્રવાળી પેટી ભરાતી નથી અને સછિદ્ર વહાણ ભરાતું નથી; તેમ પૈસાવડે કોઈનું મન પણ ભરાતું નથી"

કેસ્પિયન સમુદ્રમાં એક વહાણ ડૂબવાની તૈયારીમાં હતું ત્યારે એક ખલાસી બહુ આતુરતાથી ગજવામાં નાણું ભરવા લાગ્યો. માત્ર જે એકજ હોડી હતી તેમાં પોતાની સાથે બેસી જઈ જીવ બચાવવાનું તેના સાથીઓ તેને કહેતા રહ્યા; પરંતુ લાંબા વખતથી તેણે જે ચળકતા રૂપિયાની ઇચ્છા અને ભક્તિ કરેલી તેનો લોભ તે તજી શક્યો નહિ અને છેવટે બિચારો વહાણની સાથેજ ડૂબી મુઓ!

મૂરના 'યુટોપિયા'માં ત્યાંના બદમાસ અપરાધીઓના મનમાં સોના પ્રત્યે ધિક્કાર ઠસાવવા માટે તેમના હાથપગમાં સોનાની ભારે સાંકળો અને કાનમાં સોનાની ભારે કડીઓ પહેરવાની ફરજ પડાતી અને ગુન્હેગાર બાલકોને તો હીરામોતીથી એટલાં લાદવામાં આવતાં કે જેથી તેઓ પણ તેના સંગ્રહનો અને શોભાનો મોહ તજી દે.

અરે ઓ અંધ અને સારાસારની સમજ વગરના માનવીઓ! તમે ભૂસાને ભરી રાખો છો અને અનાજને બાળી મૂકો છો! જે જડ દ્રવ્યનો તમે ઉપયોગ કરી શકતા નથી તેને તમે એકઠું કરી રાખો છો; અને જે દૈવી સંપત્તિ વડે પરમ પદાર્થ મેળવી શકો તેના તરફ બેદરકાર રહો છો!!

શ્રીમંતો દ્રવ્યનો ઉપભોગ કરતા નથી તેથી એક નિર્ધન મનુષ્ય તેમનો ઉપહાસ કરતો હતો; એટલામાં તેને એક અજાણ્યો માણસ મળ્યો. તેણે તેને એક કોથળી આપીને કહ્યું કે "આમાંથી ઇચ્છશો ત્યારે ત્યારે એકેક રૂપિયો મળ્યા કરશે. શરત એટલી કે એ કોથળીને ફેંકી દો નહિ ત્યાં સુધી એક પણ રૂપિયો તમારે ખર્ચવો નહિ." પેલો માણસ તો રાજી રાજી થઈ જઈ કોથળીમાંથી રૂપિયા ઉપર રૂપિયા કાઢવા મંડી પડ્યો! "અમુક રકમ ભેગી થતાં તેના વ્યાજથીજ મોજ માણીશ" એવા વિચારથી તે વાપરવાનું મુલતવી

રાખતો ગયો અને આ તરફ ધારેલી રકમ ભેગી થવા પહેલાંજ એથી વધારે રકમ મેળવવાનો વિચાર મનમાં ઘુસી જતો! આ પ્રમાણે ધન-લોભ હજારથી લાખે અને કરોડે પહોંચ્યા છતાં પણ વાપરવાનું તો દેખાડાજ કર્યું, આયુષ્ય પૂરું અને કપિલાજ ગણતો ગણતો તે મરી ગયો!

એક વાર એક ભિક્ષુકને લક્ષ્મીદેવી મળ્યાં. તેમણે કહ્યું કે "તારી ઝોળીમાં તું કહે તેટલું સુવર્ણ ભરી આપવા તૈયાર છું. શરત એટલીજ કે, તેમાંનું જેટલું જમીન પર પડશે તેટલું ધૂળ થઇ જશે." પછી તે ભિક્ષુકે ખુશી થઈ જઇ ઝોળીમાં સુવર્ણના સિક્કા ભરવા માંડયા. ઝોળી તો ભરાઇ ગઇ, પણ તૃષ્ણાનો મારો વધારે કરી વધુ ને વધુ માગ્યાજ કર્યું! છેવટે સિક્કાના ભારથી તેની ઝોળી ફાટી પડી અને બધું જમીન પર પડી ધૂળધાણી થઇ ગયું!

જ્યારે સેન્ટ્રલ અમેરિકા નામની આગબોટ ડૂબવાની અણી પર આવી ત્યારે તેની મુસાફર ગણનારી સ્ત્રીએ જેટલું ધન હાથ-માં આવ્યું તેટલું [illegible] પોતાના કપડામાં બાંધી લીધું અને આગબોટને છોડી જતી છેલ્લી હોડીમાં બેસવાને કૂદકો માર્યો; પરંતુ ધનના બોજાને લીધે તે [illegible] હોડી સુધી પહોંચી નહિ અને દરિયામાંજ જઇ પડી! [illegible] એ [illegible] બીજા [illegible] પહેલાં [illegible] દરિયાને તળિયે જઇ બાઝી દીધા!

એક મહાત્માને [illegible] ન હોવાથી તેણે પોતાના લોકોની સલાહ લીધી. તેમણે કહ્યું કે, [illegible] પૂરું સુખી માણસનું પહેરણ પહેરો તો [illegible]. પછી [illegible] દરબારીઓ અને [illegible] લઈ [illegible], પણ તેઓમાં તો કોઇ પણ પૂરું સુખી માલુમ નહિ પડ્યું. [illegible] પૂરું સુખી [illegible] પણ [illegible] પહેરવાનું [illegible] મનમાં કે [illegible] પહેરણ પણ નહોતું!

[illegible]

સફળ થયા નથી. "નંદ રાજાએ ધનમાં સુખ શોધ્યું; ઍન્ટનીએ લોક-પ્રેમમાં સુખ શોધ્યું; બ્રુટસે કીર્તિમાં સુખ શોધ્યું અને સીઝરે રાજ્ય-વૃદ્ધિમાં શોધ્યું. પણ એમાંના પહેલાને વિનાશ મળ્યો; બીજાને અપમાન મળ્યું; ત્રીજાને તિરસ્કાર મળ્યો અને છેલ્લાને અકૃતજ્ઞતા મળી. આ પ્રમાણે જ્યાં ખરૂં સુખ નથી ત્યાં સુખ શોધવાનાં ફાંફાં મારનારાઓ છેવટે ફના થઇ ગયા! ખાલી હાથેજ ઉપડી ગયા! ખોળનારાઓ ખોવાઇ ગયા!"

હવે એક પૈસાદાર નહિ એવા ગૃહસ્થ મહાત્માની વાત સાંભળોઃ–

ડૉ૦ ગોલ્ડસ્મિથને વૈદ્યકશાસ્ત્રના અભ્યાસી તથા મનુષ્યજાતિના પ્રેમી સાંભળીને એક ગરીબ સ્ત્રીએ તેમને પત્ર લખ્યો કે "મારા પતિની ભૂખ મરી ગઈ છે અને બહુ શોકદાયક સ્થિતિ છે; માટે કંઇ દવા મોકલશો તો આભાર થશે." તે દયાળુ કવિએ તરતજ તેને ઘેર જઈ દરદી સાથે વાતચીત કરી તો જણાયું કે તે સાવ નિર્ધન-તાને લીધે એ રોગથી પીડાતો હતો. આથી ગોલ્ડસ્મિથે તેને કહ્યું કે "હું ફ્લાસ્કમાં થોડી ગોળીઓ મોકલું તે વાપરવાથી જરૂર રોગ જશે." પછી તેણે ઘેર જઇ ડબીમાં દશ ગીની મૂકી તે પર ચિઠ્ઠી ચોંટી મોકલી કે "જરૂર પડે તેમ આનો ઉપયોગ કરજો; ધીરજ રાખજો અને શુભેચ્છા રાખજો. એટલે વ્યાધિ જરૂર જશે."

ગોલ્ડસ્મિથ કેટલીક વાર પ્રસંગ જણાતાં પોતા પાસેનાં એક જોડી વસ્ત્રમાંથી પણ અર્ધો ભાગ આપી દેતો! એક વાર તેણે પોતાની પથારીની ચાદર અને ઓઢવાનું ગોદડું સુદ્ધાં આપી દીધું અને પોતે ટાઢથી બચવા માટે તળાઇ નીચે ભરાઇ ગયો!

માટે વાંચનાર બંધુ! તમારા અજ્ઞાન અને ભ્રમણાને ટાળવા તથા જ્ઞાન અને ચારિત્ર્યનો ઝંડો ઊંચો ફરકાવવા માટે નિષ્કામ પરોપકાર કરીને તમે તમારાજ સ્વયંસેવક બનો એવી ખાસ સૂચના છે.

૩૫–નાનાં ઘરોમાં કેવાં મોટાં હૃદય હોય છે!

("આગળ ધસો" ઉપરથી)

એક ફ્રેન્ચ છોકરાએ સાંભળ્યું કે, મૅડમ મેલિબ્રાન આજ રાત્રે સંગીત રજુ કરશે. તેના મનમાં થયું કે, તે હું પણ સાંભળું તો કેવું સારૂં! પણ ઘરમાં ખાવાને ટુકડો નહોતો; કશું ખાધેલું નહિ અને માતા માંદી હતી. આ ગરીબ માતાને એકાદ નારંગી આપી શકું તો તેને કેવું સારૂં લાગે! કેવું સુખ થાય! એવા વિચારથી તેણે એક નાની પેટીમાંથી ડાઘાવાળો એક કાગળનો કકડો લીધો અને ઉંઘતી માતા તરફ નજર નાખીને ચાલી નીકળ્યો.

× × × ×

મેલિબ્રાને નોકરને પૂછ્યું કે, એ વળી કોણ રાહ જુએ છે? મને હવે લોકોને મળવાનો કંટાળો આવે છે. નોકરે કહ્યું કે, મળવા આવનાર પીળાં ઝુલ્ફાંવાળો એક નાનો છોકરો છે. તે કહે છે કે, તેને મળવાથી તમારે દિલગીર થવું પડશે નહિ અને વધારે રોકાવું પડશે નહિ. તે મહાન ગાનારી મૅડમે સ્મિત કરીને કહ્યું કે, વારુ ત્યારે આવવા દે. છોકરાને હું ના કહી શકું નહિ.

પછી પિયરે મૅડમ પાસે જઈને કહ્યું કે "મારી માતા બહુ બિમાર છે; ઘરમાં ખોરાક નથી અને દવા ખરીદવાની શક્તિ નથી; તેથી મને વિચાર આવ્યો કે, તમે મારૂં રચેલું એક સંગીત જલસામાં ગાઓ તો કોઇ તે ખરીદી લે અને મારી માતાને ખોરાક અને ઔષધ મળી શકે." મેલિબ્રાને તે રાગ મનમાં ગાઈ જોયો અને છોકરા સામે ઉંચી નજર નાખી પૂછ્યું કે "તેં જ આ સંગીત રચ્યું છે! મારા જલસામાં તું આવીશ!" "હા, આવું તો ખરો, પણ મારી માને મૂકીને ક્યાંથી અવાય." "તો તારી માની સંભાળ માટે આજ હું કોઇને મોકલીશ. લે આ એક ક્રાઉન, એમાંથી ખોરાક અને દવા લાવજે. જલસાની આ ટિકિટ લે. એ દેખાડવાથી મારી નજીક તને જગા મળશે."

નારંગી વગેરે ખાવાને લાવી આપીને પછી રાત્રે પિયર જલ-

સામાં ગયો. એને દુઃખદાયક એક નાનો રોગ ઉપડ્યો અને મેડમ મેલિબ્રાને પોતાની મીઠી અને હૃદયભેદક જબાન છોડી દીધી! પિયરને ઘણો હર્ષ થયો; પણ નિરાશ ગીતામંડળમાં બાળાની તેજસ્વી આંખોમાં આંસુ અગાધ આવ્યાં! બીજે દિવસે તે ગરીબ ઘરનાં બારણાં ઉઘડ્યાં અને મેડમ મેલિબ્રાને પિયરનાં પીળાં ઝુલ્ફાં ઉપર હાથ રાખી તેની માતાને કહ્યું કે:–"સન્નારી! તમારા આ બાળકે સારા પૈસા પેદા કર્યા છે. લંડનના એક સારામાં સારા પ્રકાશકે એના નાના સંગીત માટે ૩૦૦ પાંડ આપવાની માગણી કરી છે અને વેચાણમાંથી અમુક રકમ મેળવ્યા પછી પિયર તેના નફાનો ભાગીદાર થશે. ઈશ્વરનો આભાર માનો કે, તેણે તમારા બાળકને આવી ઉત્તમ બક્ષિસ આપી છે." આ સાંભળી તે છોકરો ઘુંટણીએ પડ્યો અને જે માયાળુ હૃદયે ગરીબ માટે આટલી લાગણી બતાવી તેના ઉપર અનુગ્રહ કરવાની ઈશ્વરને પ્રાર્થના કરી. પછી થોડાં વર્ષ બાદ મેલિબ્રાન મરણ પામી ત્યારે રાતદિવસ તેની સેવામાં રહી છેલ્લી ક્ષણ સુધી તેને આનંદ આપનાર તે આ સંગીત રચનારો અને પૈસાદાર થએલો પિયરજ હતો.

કોઈ મરી જાય ત્યારે લોકો પૂછે છે કે, પાછળ કેટલી પૂંજી મૂકી છે? પણ પ્રભુના પાર્ષદ તો એજ પૂછે છે કે, તેણે દુઃખીઓનાં દુઃખ ટાળવાનાં કામ શાં શાં કર્યાં છે?

* * * *

એડિનબરોમાં એક દિવસ કકડતી ટાઢ પડી ત્યારે એક કંગાળ અને ચીંથરેહાલ છોકરાએ રસ્તામાં એક સદ્‌ગૃહસ્થને કહ્યું કે 'સાહેબ! દીવાસળી ખરીદશો?' ગૃહસ્થે કહ્યું કે 'મારે જરૂર નથી.' નાના છોકરાએ કહ્યું કે 'કિંમત માત્ર પેનિ છે.' ગૃહસ્થે કહ્યું:–'પણ મારે ખપ નથી.' પછી તે છોકરાએ કહ્યું કે 'તો એક પેનિની બે લ્યો.'

આ હકીકત લખતાં એ ગૃહસ્થ કહે છે કે, તેને દૂર કરવા માટે મેં એક પેટી ખરીદી; પણ છૂટી પેનિ નહિ નીકળવાથી મેં કહ્યું કે હું કાલે પેટી લઇશ.

તે છોકરો બોલ્યો કે:–'અરે આજેજ લ્યો. હું ઘણો ભૂખ્યો

હું. લાવો પરચુરણ લાવી આપું.' પછી તે શિલિંગ લઇ વટાવવા દોડી ગયો; પણ રાહ જોવા છતાં જણાયો નહિ. તેના ચહેરા પર કાંઇક એવી છાપ હતી કે જેથી તેના વિષે ખોટો વિચાર આવ્યો નહિ.

પછી સાંજે મોડા એક નોકરે આવી કહ્યું કે, એક છોકરો મળવા ધારે છે. પછી તે છોકરાને જોતાંજ જણાયું કે શિલિંગ લેનારા છોકરાનો તે નાનો ભાઇ હતો. તે એનાથી પણ વધારે ચીંથરેહાલ, દુબળો અને કંગાલ હતો. તે તેના ચીંથરામાથી કાંઇક કાઢીને બોલ્યો કે "સેન્ડિ પાસેથી તમે દિવાસળી લીધી હતી ? લ્યો ત્યારે તમારા શિલિંગમાંના ચાર પેન્સ. સેન્ડિથી અવાય તેમ નથી. તેને અકસ્માત્ નડવાથી ટોપી, દીવાસળીની પેટીઓ અને તમારા ૧૧ પેન્સ ગુમાવ્યા છે; એના બન્ને પગ ભાગી ગયા છે, જરા પણ ઠીક નથી. દાક્તર કહે છે કે તે નહિ બચે. મારાથી આટલુંજ અપાય તેમ છે." પછી તે છોકરો ડસકે ડસકે રડવા લાગ્યો. મેં તે છોકરાને ખાવાનું આપ્યું અને તેની સાથે સેન્ડિને જોવા ગયો. ત્યાં જણાયું કે આ બે નાના છોકરા એક કંગાળ અને નશો કરનારી ઓરમાન મા સાથે રહેતા હતા અને તેમનાં માતપિતા મરણ પામ્યાં હતાં.

ઝૂંપડિયાના એક ઢગલા ઉપર બિચારા નાના સેન્ડિને મેં પડેલો જોયો. હું ગયો કે તરતજ તે મને ઓળખીને બોલ્યો કે "સાહેબ ! શિલિંગ વટાવીને આવતો હતો ત્યારે ઘોડાએ લાત મારી. મારા બન્ને પગ ભાગી ગયા. રૂબી, ભાઇ રૂબી ! હવે હું બચીશ નહિ. હું જઇશ એટલે તારી સંભાળ કોણ લેશે ? રૂબી ! તું શું કરીશ ?"

મેં તે દુ:ખી થતા બાળકનો હાથ લઇ કહ્યું કે:—"હું રૂબીની હમેશાં સંભાળ લઇશ." તે મારી વાત સમજ્યો અને મારો આભાર માનતો જણાયો. પછી તેની બૂરી આંખોમાંનું તેજ લુપ્ત થઇ ગયું અને એક પળમાં—માતાની છાતી પર સૂતેલા બાળકની પેઠે તે શાંતિથી પ્રભુના દરબારમાં દાખલ થયો કે જ્યાં દુષ્ટો નરકના કોઇ વિઘ્ન નથી અને જ્યાં નિરાધારોને આધાર તથા થાકેલાઓને વિશ્રાંતિ મળે છે.

જખમી થઇ મરણ પામતા આ દીવાસળી વેચનારા નાના

છોકરામાં પરમેશ્વરે કેવી ઉત્તમ પ્રમાણિકતા મૂકી હતી! તે ક્યાં જશે તેની તેને ખબર ન હતી; પણ ગરીબોનાં લોહી ચૂસનાર, અને આ-ફત વેળાએ ખૂનકારી કાઢનાર લક્ષાધિપતિ નરરાક્ષસો કરતાં—જે સદ્-ગુણોનું સ્વર્ગ બનેલું છે તેવા સદ્ગુણોનું—પ્રમાણિકતા, સત્ય અને દયા વિષેનું—તેને બહુ વધારે જ્ઞાન હતું.×

એક વાર જ્યારે પૂરથી ભરપૂર આડિજ નદીએ વેરોનાનો પૂલ તોડીને ફેંકી દીધો હતો અને માત્ર એકજ કમાન રહી હતી; તે વખતે એક ઉદાર ઉમરાવે કહ્યું હતું કે "પેલાં કમનસીબ લોકોને બચાવવાની જે હિંમત ધરશે તેને હું સો સિક્કા આપીશ." પણ જીવના જોખમે જાય કોણ? આ વિભાગમાં જે ઘર હતું તેના પાયા હવે ડગમગી રહ્યા હતા અને બારીઓમાંથી તેમાંનાં માણસો મદદ માગી રહ્યાં હતાં. આ આફત જોઇ નહિ શકવાથી એક યુવાન ગામડીઆ-એ એક હોડી રેલમાં ઝુકાવી. ઘરની કમાનને ટકાવી રાખનારા થાં-ભલા આગળ તે ગયો; પોતાની નાની હોડીમાં આખા કુટુંબને લઇ લીધું અને જમીન ઉપર સહીસલામત ઉતાર્યું. આ જોઇ ઉમરાવે કહ્યું કે "બહાદૂર યુવાન! લે, ઘણા આનંદ સાથે આ પૈસા આપું છું." યુવાને કહ્યું કે "હું નહિ લઉં. હું જીંદગી વેચતો નથી. આ ગરીબ કુટુંબને પૈસાની જરૂર હશેજ. માટે તેમને આપો."

પીળા મહામારીના રોગ વખતે એક મોટી વખારમાંનાં સઘળાં માણસ નાઠાં; પણ એક યુવાન કારકુને પોતાની જગા છોડી નહિ. તેના મિત્રોએ ઘણુંય કહ્યું પણ માન્યું નહિ અને માલિકે બારણાં બંધ કરવાનો હુકમ કર્યો ત્યાંસુધી તે રહ્યો. પછી તરતજ તે બીજી વખારમાં ગયો અને ત્યાં રાતદહાડો કામ કરવા લાગ્યો. સૂવાને માટે તે કપડાં પણ ઉતારતો નહિ અને જમવામાં પણ ઘણો થોડો સમય લેતો. પછી આ દુકાનના માલિકને તાવ લાગુ પડતાં તેની મરતાં-સુધી આ યુવકે ચાકરી કરી. પછી રસોઇ કરનારને તાવ આવ્યો

×...વા અસરકારક દાખલાઓથી ભરપૂર "સદ્ગુણી બાળકો" ...જો અને તમારાં બાળકોને પણ આપજો—વંચાવજો.

તેને પણ ચાકરી કરી બચાવ્યો. પછી તેના એક અંતરના મિત્રને બિમારી થતાં કર્તવ્ય બજાવી તેને પણ સાજો કર્યો.

પછી તેને પોતાને એ દુષ્ટ પ્લેગ લાગુ પડ્યો. તેની ચાકરીથી જે યુવાન સાજો થયો હતો તેણે એ વખતે આભારવૃત્તિ દર્શાવીને રાતદહાડો તેની ચાકરી કરી. તેની શક્તિના પ્રમાણમાં આ કામ મુશ્કેલ હતું. તેના જે મિત્રો રોગના ભયથી તેની નજીકમાં આવતા નહિ તેને મોકલેલા સંદેશાઓમાંનો ઉદ્ગાર એ હતો કે:—"હું છેવટસુધી તેની ચાકરી કરીશ અને રાત્રે પણ નહિ ઉંઘું." પછી તે રાત્રે તેને પણ પ્લેગ થયો અને બંને મિત્ર ત્યાંજ મરણ પામ્યા.

મેમ્ફિસની તેવીજ મહામારીમાં સંકટનિવારણ કમિટિના મજાસદોને પછી મદદને પણ માંદાની ચાકરી કરનાર માણસો મળતા નહિ. આવા વખતમાં એક ભડભડિયા ચહેરાવાળા તથા ટુંકા વાળ અને રગમીઆ સાધારણ એક માણસે તબીબ પાસે જઇ કહ્યું કે, હું નર્સનરીનું કામ કરવા ખુશી છું.

ડાક્તરે તેની સામે બારિકાઇથી જોયું. તે આ કામને લાયક નથી એમ ધારી તેણે ના પાડી; પણ તે અજાણ્યા માણસે આગ્રહ કર્યો કે 'એક અઠવાડિયું અજમાયશ લેઇ કામ ન ગમે તો રજા આપજો અને પસંદ પડે તો પગાર આપજો.'

ડૉક્ટરે કહ્યું કે 'ઠીક, કામ ઉપર ચઢાવીશ; પણ ખરું પૂછો તો મનમાં સંકોચ થાય છે' પછી તેણે સ્વગત વિચાર કર્યો કે 'હું તેના ઉપર નજર રાખીશ'

પણ તે માણસને કોઇની નજરની બહાર નહોતી, એ તેણે તરત સાબીત કરી આપ્યું. આ ભયંકર સંકટમાં આરામાં સારી ચાકરી કરનારો તેજ હતો. તે તેણે બતાવી આપ્યું. કામ કરતાં તે થાકતો નહિ. તેનામાં સ્વાર્થત્યાગને કદી ન [illegible] હતું.. [illegible] મરણીનું ઘેર [illegible] હતું [illegible] તે પથારીએ પડે ત્યારે સખ્ત કામ કરતો. રોગથી દુઃખી [illegible] ઉપર આવેલા [illegible] તેને દેવદૂત [illegible] કોઇ [illegible] કાંઇ નહિ; [illegible] ભૂલી જાય, તેમને તેને [illegible] દેવદૂત [illegible].

३६–सारा नरसानी साची पीछाण करतां शीखवुं

(“આગળ ધસો” ઉપરથી)

અમુક માણસ શો ધંધો કરે છે અગર તેનામાં ખરી રીતે શું ગુણો છે; તે જોવાને બદલે તે કેટલા પૈસાવાળો છે તે ઉપરથી માણસની કિંમત આંકવાનું ધોરણ લોકો રાખે છે તે તો બહુજ હલકું છે. લક્ષાધિપતિની ઈંટો ઉપાડીને લથડીઆં ખાતો હોય એવો માણસ લક્ષાધિપતિ કરતાં લાખ દરજ્જે ઉચ્ચ હોઈ શકે.

માણસની શ્રેષ્ઠતા અગર લાયકાત તેની જડ સંપત્તિથી આંકી શકાય નહિ. કેમકે કોથળી ગમે તેટલી ભારે છતાં હૃદય હલકું હોય; મિલ્કત વિશાળ છતાં સમજણ ટુંકી હોય; અને વાણી મીઠી છતાં કરણી સ્વાર્થી હોય તો એ જડ સાધનોથી શું વળવાનું?

જે માણસ પોતાના દેશને વધારે ઉન્નત કરે છે; જેને જોઈ લોકો પોતાને ભાગ્યશાળી માની મગરૂર થાય છે; જે સત્કાર્ય પાછળ પોતાનો પંડ અને પૈસો આપી દે છે; જે આજુબાજુનાં માણસને આગળ વધવાની તકોરૂપી દરવાજા ઉઘાડી આપે છે અને જે બહેરાને કાન જેવો, આંધળાને આંખ જેવો અને લૂલાને પગરૂપ બની રહે છે; તેજ સાચા અને સર્વોત્તમ ધનવાળો છે.

શું પૈસો સુખ આપી શકે છે? જરા તપાસ કરો તો જણાય કે, એને લગતા આનંદ, વૈભવ અને ભભકામાં કેટલું દુઃખ છે!

ફ્રાન્સની પહેલી રાજકીય ઉથલપાથલના સમયમાં એક ચિત્રકાર દરરોજ સવારે પોતાની દીકરીને પૂછતો કે “હાલ રાજા કોણ છે?” અને પછી પોતેજ ઉમેરતો કે “પણ આવા ક્ષણિક રાજાઓ કરતાં તો હોમર અને રેફેલ જેવાનાં નામ (અને હિંદુસ્થાનમાં વાલ્મીકિ અને વ્યાસ જેવાનાં નામ) બહુ વધારે ટક્યાં છે અને ટકશે.”

એક અમીરે સીસેરોને કહ્યું કે ‘તમે તો સામાન્ય લોકોમાંનાજ છો ને!’ તેને એ મહાન રોમન વક્તાએ કહ્યું કે:–‘હા, હું સામાન્ય લોકોમાંનો છું; પણ મારા કુટુંબની કુલીનતા મારાથી શરૂ થાય છે અને તમારી કુલીનતા તમારી સાથે સમાપ્ત થવાની છે.’

જે માત્ર ખાનપાન અને પૈસા માટેજ જીવે છે, તે ફતેહ મેળવી શકતો નથી. કેમકે તેના જીવનથી જગતમાં કશી સહાય થઇ નથી. તેણે કોઈ ખિન્ન મુખ પરથી આંસુ લોહ્યું નથી; ટાઢી પડી ગયેલી લાગણીમાં તેણે કદી ઉત્સાહનો અગ્નિ ચેતાવ્યો નથી; તેના હૃદયમાં કોમળ લાગણી નથી અને પૈસાથી ચડતા દેવને તેણે પૂજ્યો નથી.

ડેન્માર્કની રાણી કેરોલાઇન મૅટિલ્ડાએ હીરાની વિંટીથી પોતાના કેદખાનાની બારી ઉપર લખ્યું હતું કે "પ્રભો ! મહાન કોઇ બીજાને બનાવજે, મને તો બસ નિર્દોષ રાખજે." કેવું રહસ્યપૂર્ણ વાક્ય !

એક વૃદ્ધ માણસે આખી જીંદગી ઉન્નત ચરિત્રને બદલે માત્ર ધન મેળવવામાં કાઢી હોય તો તેના કરતાં બીજો કયો ધંધો અથવા દેખાવ વધારે દિલગીરીભરેલો હોઇ શકે ? પોતાના ધન વડે ભલે તેણે પુસ્તકો, પૂતળાં અને ચિત્રોનો ઢગલો એકઠો કર્યો હોય; પણ તેમાં શું તત્ત્વ રહ્યું છે એ વાત જેણે જાણી-વિચારી નથી; તેનું હૃદય સાંકડું થતાં થતાં તે કંજૂસ થઇ ગયો હોય છે અને પ્રથમ ઉત્તમ ખાસિયતો હોય તે પણ હલકી થયેલી હોય છે.

બુલ ડૉગ જેવા ચહેરાવાળો એક માણસ, જેણે હમેશાં લઇ લઇને અને (બહુ તો 'એરણની ચોરી અને સોયના દાન'ની પેઠે પ્રભુ અને જગતને છેતરવા જોગા દાનપુણ્ય કરતાં વધારે) કંઇજ આપ્યા વિના માત્ર એકઠુંજ કરી જાણ્યું છે અને તે વાત તેનો ચહેરો પણ કહી આપે છે; તેવા માણસને શું તમે ફતેહમંદ અથવા સારી સ્થિતિવાળો કહો છો ? લોકોને દબડાવી મારતા તે ચહેરામાં, વિધવાઓ અને અનાથોને તેણે આપેલો કરુણાજનક અનુભવ તમે જોઇ શકતા નથી ? પોતે આગળ વધવા માટે જેણે બીજાને પાછળ પાડયા છે અને જે પોતાની ઇમારત ઉભી કરવા માટે બીજાની ઝુંપડીઓ પાડી નાખે છે; તેને શું તમે સ્વાશ્રયી અને મોટો માણસ ધારો છો ? જે માણસ બીજાને ગરીબ બનાવે તે ખરો ધનવાન કે ધર્માત્મા હોઇ શકે ? એક વરના મોં ઉપર "ખાઉં, ખાઉં"ની વૃત્તિ જણાય તેની પેઠે જેના ચહેરા ઉપર દૃઢ લોભની

૨૮—મહાત્મા થવાનો સાચો માર્ગ

("પ્રભુમય જીવન" ઉપરથી)

મનુષ્યના વિકાસમાં અડચણ નાખનાર માત્ર તેનું અજ્ઞાન છે.

મનુષ્ય કેવાના સમાગમમાં વિશેષ આવે છે તે ઉપર તેની ચડતી કે પડતી થવાનો આધાર છે.

રોગ જેટલો ચેપી છે તેટલુંજ સુખ તથા આરોગ્ય પણ ચેપી છે.

કુદરતના નિયમોનું અજ્ઞાન કે અવગણના સર્વ રોગ–દુઃખનું કારણ છે. કોઇ પણ દુઃખ કે રોગને ઈશ્વર નહિ પણ મનુષ્ય પેદા કરે છે.

રોગ થયા પછી રોગ ટાળવો, એ કરતાં રોગ થાયજ નહિ એવી રીતભાત સૂચવવી, એજ વૈદ્યનું મુખ્ય કાર્ય હોવું જોઇએ.

આપણી કલ્પનાઓની હદ એજ આપણા વિકાસની હદ છે.

દ્વેષનો નાશ દ્વેષથી નહિ, પણ પ્રેમથી થાય છે.

બીજાનું ભલું કરવામાં તમે તમારી જાતને જેટલી ભૂલશો તેટલું તે કામ વધારે સારૂં થઇ પરિણામ પણ વધારે સારૂં આવવવાનું.

દયાવિનાનું જીવન એ સાચું જીવન નથી પણ જીવતું મરણ છે.

બીજાઓનું ભલું કરવામાં આપણું પણ ભલું થાય છે.

મનુષ્યને તેના પંડનું અને તેની તેનાથી અજાણી શક્તિઓનું જ્ઞાન આપવું; એના જેવો માનવસેવાનો ઉત્તમ માર્ગ બીજો નથી.

જ્યાં સત્યની ઇચ્છા અને સ્વીકાર નથી ત્યાં તે જતું પણ નથી.

સત્યને સંપૂર્ણ જાણવું હોય તો તેના સિવાયની બીજી બધી ઇચ્છાઓ અને ખટખટો દૂર કરો અને સત્યને જાણી અમલમાં મૂકો.

પ્રાપ્ત શક્તિનો પૂરો સદુપયોગ થાય તોજ તે ખીલી ભાવના ફળે છે.

આપણી ભાવી સ્થિતિનો આધાર આપણા આજના વર્તનપર છે.

એવી એક પણ વસ્તુ કે સ્થિતિ આ વિશ્વમાં નથી કે જેના તરફ એકનિષ્ઠ અને સર્વભાવથી ચાલનારો તેનાથી બેનસીબ રહે.

મનમાં એક વાત અને બોલવામાં બીજી વાત, એવી કુટિલતા જવા દઇ મનમાં હોય તેજ કહી દેવાની ટેવ પાડો.

[illegible]

[illegible] છે.

જેઓ [illegible] નહિ.

જેઓ [illegible] અને [illegible]

[illegible]

જેઓ [illegible] વિવેક અને [illegible] છે.

જેઓ [illegible] હોય તેઓ તે. [illegible] અને [illegible] કરે છે.

જેઓ [illegible] પ્રાપ્ત હોય છે તે, અંતર-બાહ્ય બધી [illegible] અને તેઓ તો તેનું અધિકારમાં છે.

જેઓ સાધન. એવા એક નિયમોમાં અને તેના નિયંતામાં જેનો વિશ્વાસ અચલ છે તેના ઉપર હોનહારનાની સત્તા નહિ ચાલે.

કષ્ટ અને સાધના વિના કશું સારી વસ્તુઓ નથી આપતો.

સોયના નાકામાં ઉંટ પેસવું જેટલું અશક્ય છે, તેટલુંજ ધનવાનને સ્વર્ગ પામવું અશક્ય છે.

આપણે બધા માત્ર અપાર આત્મસ્વરૂપ પરમાત્માને વહેવાની નીકો છીએ. એટલે જે કોઇ જેટલા પ્રમાણમાં એ દિવ્ય પ્રવાહને પોતાદ્વારા વહેવા દેશે, તેટલા પ્રમાણમાં તે મહાત્મા અને એ નિઃશંક છે.

ધર્મમર્યાદિયો ઈશ્વરી આજ્ઞા જાણીને પાળે તેઓજ ધન્ય થાય છે.

૩૧–सफळता अने निष्फळतानी साची समजण

("સુખી જીવનનાં સાધનં" ઉપરથી)

પાપરહિત પવિત્ર માણસજ પરમ સુંદર સત્યને પામી શકે છે. માટે પ્રત્યેક અયોગ્ય વિચાર અને દુરાચારથી ચઢેલાં આવરણ યોગ્ય વિચાર અને પવિત્ર જીવનથી અવશ્ય દૂર કરવાં જોઇએ–અર્થાત્ સ્વાર્થ સાધવાનું, અપ્રમાણિક થવાનું, બીજાના અજ્ઞાન કે નિર્બલતાનો લાભ લેવાનું, અને તેમને બાધક થવાનું કે પાછળ રાખવાનું તદ્દન છોડી દેવું જોઇએ.

આમ છતાં ઘણા માણસો ધનાદિનો સ્વાર્થ સાધવા મથી એ આવરણો વધારતાજ ચાલે છે. અને તેથી તેમની આન્તરિક દૃષ્ટિ સંપૂર્ણ બંધ થઇ એટલી વિકારી બની જાય છે કે તેઓ ભૌતિક વસ્તુઓ સિવાય કશું પણ જોઇ શકતા નથી.

મનુષ્યે વ્યાવહારિક સફળતા મેળવવી એ એક વસ્તુ છે; પરંતુ પરમ લક્ષ્ય સાધી જીવન સફળ કરવું એ જુદીજ વસ્તુ છે. અનેક માણસો વ્યવહારમાં નિષ્ફળ જણાયા છતાં વસ્તુતઃ તેમણે પોતાનું જીવન સફળ કર્યું હોય છે. કેમકે તેઓ લૌકિક સુખો અને પદાર્થોનો ભોગ આપીને ઉચ્ચતમ આદર્શને વળગી રહ્યા હોય છે.

લૌકિક કીર્તિ, દ્રવ્ય, દરજ્જો, માનપાન, એ વસ્તુઓને ખરી સફળતા સાથે સંબંધ નથી. કેમકે સૌથી વધારે સફળ થયેલ મહાપુરુષોને લોકોએ ધિક્કાર્યા છે કે જેઓ પોતાનું મસ્તક મૂકવ જેટલી પણ જગા આ સંસારમાં ધરાવતા ન હતા.

અહો ! આ પ્રપંચી સંસારમાં સ્વાર્થી સ્ત્રીપુરુષોની કહેવાતી સફળતા અને મહત્તા એ કેવી શોચનીય વસ્તુ છે!

તે સર્વજ્ઞ ન્યાયાધીશ કે જેની ઉપર અપીલજ ચાલતી નથ તે આ જગતમાંની ઘણાઓની નિષ્ફળતાને સફળતા ઠરાવશે અ ઘણાઓની સફળતાને નિષ્ફળતા ઠરાવશે.

લોકોમાં જે માણસો સફળ ગણાય છે; વર્તમાનપત્રોમાં જેમ પ્રશંસા થાય છે; સમાજ જેને શોભા કરે છે અને શ્રીમંતો જેન ઇચ્છે છે; એવા ઘણા માણસો મનમાં તો સારી રીતે જાણે છે તેઓ લોકોને છેતરે છે. તેમના હૃદયો દર ક્ષણે તેમની ઠગ

નાપસંદ કરે છે. તેમને તેમની આર્થિક સફળતાના યાદ આવે છે ત્યારે ત્યારે તેમને તેમનાં અંતઃકરણો ડંખે છે. જ્યારે જ્યારે તેઓ પોતાની મિલો, જીનો, કારખાનાં કે ખાણોમાંથી પસાર થાય છે ત્યારે ત્યારે તેમને નિસ્તેજ ચહેરાઓ, હાડપિંજર જેવાં શરીરો અને ભૂખે મરતા લોકો કે જેમનું રક્ત તેમને ઓછો બદલો આપીને મેળવેલા ધનના દરેક પ્રત્યેક રૂપીઆમાં રહેલું હોય છે; તે લોકોની હાડ-દાજ મૂંગે મોઢે એવાઓ ઉપર સખ્ત દોષારોપ કરતાં નજરે પડે છે કે, જગત ભલે તમને મહાન સફળતા મેળવી ધારે; પણ ખરું જોતાં તો તમને પ્રચંડ નિષ્ફળતા મળી છે. કેમકે તમે અનેક જીવનોનો ભોગ લઈને તમારો ધનનો ઢગ એકઠો કર્યો છે.

મનુષ્યે આટલું તો જરૂર શીખવું જોઈએ કે, જગતની પ્રશંસા કરતાં તો ઘણુંજ મહાન અને કોઈની સંમતિ કરતાં તો ઘણું કિંમતી એવી કોઈક દિવ્ય વસ્તુ—આન્તરિક અવાજરૂપે તેના પોતાના હૃદયમાં રહેલી છે; અને જો એ પોતાનો હાર્દિક અવાજ અમાન્ય કરે તે પછી બીજાઓ ગમે તેટલું માન આપે તે તો કેવળ ઉપહાસજનક છે.

જે માણસ એ પ્રમાણે અંતરના અવાજનો ભંગ કરી તેને [illegible] છે તેના વિષે એટલુંજ કહી શકાય કે, તેનું મરણ થઈ ગયું છે.

પ્રત્યેક સાચા મનુષ્યની અંદર [illegible] કે ધન કે માન મેળવવા-ની નહિ પણ વિશેષ ઉન્નત [illegible]–[illegible]-[illegible] જોઈએ.

દુર્ભાગ્યે અવિચારીઓ અને [illegible], જે માણસ ઉન્નત થવા પ્રયત્ન કરે છે તેની ઉપર નિંદાદિ કરવા [illegible] અથવા તેને ઉતારી પાડવાનો [illegible] કહેવા [illegible] રહે છે.

જે માણસ [illegible] [illegible] [illegible] નહિ [illegible] [illegible]; [illegible] નહિ; જે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તેને [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

૪૦—ચઢતી અને પડતી તમારા વિચારોજ લાવે છે.

("સુખસામર્થ્ય સમૃદ્ધિ"માંથી થોડો સારાંશ)

"વિકાસ પામતા રહો અથવા ક્ષીણ થતા ચાલો" એ કુદરતનો મુદ્રાલેખ છે અને તે સૃષ્ટિની પ્રત્યેક વસ્તુપર લખેલો છે.

આપણું શાશ્વત તારુણ્ય આપણા મનમાંજ રહેલું છે, બીજે નહિ.

માણસનું મન સંમતિ આપે નહિ ત્યાંસુધી તેનો ચહેરો ઘરડો થઇ શકતો નથી. કેમકે શરીર એ મનનોજ દોરેલો નકશો છે.

તરુણોની સાથે ઝાઝો સંસર્ગ રાખવાથી તારુણ્ય ટકવામાં જેટલી મદદ મળે છે, તેટલી બીજા કશાથી મળતી નથી.

તમે માત્ર પચાસ વર્ષના થયા હોય ત્યારે તમારૂં મગજ શિથિલ થવા માંડે અને શક્તિઓ ઘટવા લાગે એ તો તમારા સ્રષ્ટાનું અપમાન થવા જેવું છે. કેમકે એ સમયે તો તમે તરુણાવસ્થામાં હોવા જોઇએ. ધોળા વાળ, કરચલીઓ ઇત્યાદિ ઘડપણનાં ચિહ્નોનો આ યુવાવસ્થા સાથે કશો સંબંધ નથી. બુદ્ધિ, શક્તિ, સૌંદર્ય અને સદ્ગુણોની વૃદ્ધિ તથા દ્રઢતા થવી એજ મોટી ઉંમરનાં ચિહ્ન હોવાં જોઇએ; નિર્બળતા, નિરુપયોગિતા અને વળિયાં પળિયાં એનાં લક્ષણ હોવાં જોઇએ નહિ.

ઘડપણના વિચાર કરવાની ટેવ પાડવી જેટલી સહેલી છે તેટલીજ તારુણ્યના વિચાર કરવાની આદત પાડવી સહેલી છે.

કોઇ પણ મનુષ્યનું મન ખરાબ વિચારો અને કુટેવોથી એટલું બધું મલિન કે વિષમય બની ગયું નથી—દુરાચારમાં એટલું બધું ડૂબી ગયું નથી—કે તે ઉચ્ચ વિચારોથી પાછું શુદ્ધ ન થઇ શકે.

ઉત્સાહ, હિંમત, આશા અને આનંદ એ એવાં સાધનો છે કે જે બિમારને સાજા કરવામાં દવા કરતાં ઘણી વધારે મદદ કરે છે.

જમતી વખતે અને ઉંઘતા પૂર્વે આનંદી રહેવાનો અભ્યાસ પાડવો એ દરેકનું બહુ જરૂરી કર્તવ્ય છે. કારણ કે એથી શરીર અને મનના આરોગ્યને ઘણોજ લાભ થાય છે.

રંકતાનો વિચાર જેટલો ખરાબ છે, એટલી રંકતા પોતે નથી.

જે દિવ્યતા આપણા ઉદ્દેશોને ઘડે છે તે આપણામાંજ રહેલી છે.

ઉદારાત્મા આપીને શ્રીમંત થશે; અને કંજુસ સંઘરીને રંક થશે.

મનુષ્યમાં સુપ્ત રહેલી શક્તિ મહત્ત્વાકાંક્ષામાંથી એટલે ઉચ્ચ આદર્શ અને ઉન્નત હેતુવડે જાગી ઉઠે છે અને ખીલે છે.

તમારો આદર્શ, એ અંતે તમે કેવા થશો તેની આગાહી આપે છે.

ઇશ્વરને ઉપાસનારને નવીન બળ મળશે; ઉન્નતિના આકાશમાં તે ગરુડની પેઠે ઉડશે; તે દોડશે પણ થાકશે નહિ; તે બોજો ઉપાડશે પણ બેશુદ્ધ થશે નહિ.

ઘણા લોકો હાસ્યરસપ્રધાન અને પ્રોત્સાહક ગ્રંથ વાંચીને ઉદાસીને હાંકી કાઢે છે. કેટલાક બુદ્ધિમાનો સ્તોત્રો, કહેવતો તથા મહાત્માઓનાં વચનામૃત વાંચીને ઘણો લાભ મેળવે છે.

૪૧–મહારોગની મહાન્ ઔષધિ

સોરઠા–માનવ મોઢું ભાગ્ય, જો તું ઇચ્છે તાહરૂં;
તો તો ઝટપટ જાગ્ય, શુભ ગ્રંથો હાંસલ કરે.
ખરા સંતનો સંગ, માનવ મળવો દોહ્યલો;
આપે એનો રંગ, આદર્શો દઇ ગ્રંથ શુભ.
વેહેવા ચાહો વીર, મ્હોટા જનને મારગે;
ગ્રહો જ્ઞાનચારિત્ર્ય, જીવન જાણી તેમનાં.
ચરિત્ર ચારુ થાય, જ્ઞાન મહી પાળ્યા થકી;
એ અર્થે વંચાય, ગ્રંથો જ્ઞાન–ચરિત્રના.
દુઃખ બહુ દે અજ્ઞાન, તેને ટાળે તર્ત જે;
જ્ઞાન–સૂર્ય તે જાણ, તુજ પૂર્વજનો વારસો.
લોહ સમું આ મન, માટીમાં માટી બને;
કર એને કાંચન, પારસ–ગ્રંથ–સમાગમે.
માનવ મોંઘો દેહ, ખેહ થવા નવ ખો વૃથા;
અમરપણું લે એહ, જ્ઞાન ધ્યાન ચારિત્ર્યથી.

૪૨–સારા માણસોનો પુસ્તકપ્રેમ કેવો હોય?

(ઉત્તમ ગ્રંથોના આધારે)

જે પુસ્તકો આપણને સૌથી વિશેષ ઉત્સાહ આપે; જે ઉત્તમ કામ કરીને ઉન્નત થવાને સૌથી વિશેષ નિશ્ચયવાળા બનાવે તથા જે ઉત્તમ ચિંતન અને આચરણમાં જોડે, તેજ પુસ્તકો ઉત્તમ છે.

જો તમારા જ્ઞાન અને ચારિત્રનો વિકાસ કરવો હોય તો જ્ઞાન-વર્ધક ગ્રંથો અને ઉત્તમ ચરિત્રો ધ્યાનપૂર્વક વાંચો; તથા તેમાંની નીતિ અને આધ્યાત્મિકતાને વર્તનમાં ઉતારી જીવનમાં મેળવી લેતાં શીખો.

શ્વાસમાં લીધેલી સારી યા નરસી હવાની અસર આપણને થયા વિના રહેતી નથી; તેમ સારા યા નરસા વાચનની સારી યા નરસી અસર પણ આપણા પર થયા વિના રહેતીજ નથી; માટે જે ગ્રંથો આપણને ઉન્નત વિચારો આપીને તકો તથા શક્તિઓનો અધિકા-ધિક સદુપયોગ કરવા પ્રેરે, તેવાંજ પુસ્તકો આપણે વાંચવાં જોઇએ.

શું કોઈ તમને એમ સમજાવે છે કે, સદ્ગ્રંથોનો ઉપયોગ તમને સુખના માર્ગથી દૂર કરે છે? ખરું સુખ અને ખરી ઉન્નતિ તો તન-મનની સમસ્ત શક્તિઓનો પ્રયત્નપૂર્વક સર્વભાવે સદુપ-યોગ કરવાથી થાય છે; અને તેથીંજ રામ, કૃષ્ણ, ભીષ્મ, હનુમાન, યુધિષ્ઠિર અને અર્જુનાદિ જેવા સામર્થ્ય અને સૌંદર્યની જ્વલંત મૂર્તિરૂપ અનેકાનેક યુવકોએ પોતાનાં જીવન સર્વોત્તમ જ્ઞાન અને ચારિત્રને સોંપી દઈ તદ્રૂપ બનાવી દીધાં હતાં. માટે એવું અવળું સમજનારે તેને એવા એવાઓની કથાવાર્તાઓ કહીને સમજાવો કે, તેઓ પણ તેજ રસ્તે ચાલે.

અડગ રાજપૂત અને મરાઠા મહાવીરોનાં ઉગ્ર પરાક્રમોમાં એ રામાયણ, મહાભારત અને મહર્ષિઓ તથા મહાભક્તોનીજ અસરો મોટા પ્રમાણમાં હતી. વળી મનુષ્યોનાં અંગત સુખ ઉપર તેની કેટલી અસર થઈ છે તેનું તો અનુમાન પણ કોણ કાઢી શકે! તેણે મનુષ્ય-જાતિને કર્તવ્ય-પ્રાપ્તવ્યનું જે ઉત્તમોત્તમ શિક્ષણ આપ્યું છે તેથી

કેટલા બધા માણસો વધુ શાણા, ઉપકારી અને સુખી થયા છે!!

કેટલા બધા માણસોને રામાયણ અને મહાભારત તથા તે ઉપરથી રચાયેલા ગ્રંથો મુશ્કેલીમાં દીવારૂપ, પરાધીનતામાં સ્વતંત્રતારૂપ, વ્યાધિમાં આરોગ્યરૂપ અને એકાંતમાં મિત્રરૂપ થઈ રહ્યા છે! ખરેખર ન્યાયમંદિર, રાજ્યસભા, રણક્ષેત્ર અને તત્ત્વજ્ઞાનની શાળાઓમાં તો તેનોજ પ્રભાવ બધા જણાઇ રહે છે. વળી તેનું એટલુંજ ગૌરવ નથી પણ એ સર્વોત્તમ સાહિત્ય જ્યારે દુઃખી માણસોને આશ્વાસન આપી શાન્ત કરે છે અને શોકભરેલ આંખોમાં આનંદનો તેજ આણે છે ત્યારે એ મહાન ગ્રંથોની અગાધ અસર માણસને સ્પષ્ટ જણાઈ રહે છે.

હજારો વર્ષથી અયોધ્યા અને હસ્તિનાપુરની સત્તા-સ્વાતંત્ર્ય નષ્ટ થયાં છે; તેના નિવાસીઓ પતિત થઈને ગીરૂ ગુલામો બન્યા છે; ભાષા અશુદ્ધ બની ગઈ છે; મંદિરો આક્રમણ અને ધસારાઓનાં ભોગ થઈ પડ્યા છે; પરંતુ મહાભારત અને રામાયણરૂપે વ્યાસ અને વાલ્મીકિનું માનસિક સામ્રાજ્ય તો આજે પણ અવિનાશી છે.

આપણે બાલ્યાવસ્થામાં જે પુસ્તકો વાંચીએ છીએ તેની આપણા ઉપર સૌથી વધુ અસર થાય છે. મહાત્મા ગાંધીજી એવા ભાવનું કહે છે કે "આજે હું જોઇ શકું છું કે ભાગવત એવો ગ્રંથ છે કે જે વાંચીને ધર્મરસ ઉત્પન્ન કરી શકાય. મેં તો ગુજરાતીમાં તે અતિરસથી વાંચ્યો છે; પણ મારા એકવીસ દિવસના ઉપવાસમાં ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીયજીના શુભ મુખેથી કેટલાક ભાગો સાંભળ્યા ત્યારે તો એમજ થયું કે, બચપણમાં તેમના જેવા ભાગવતભક્તને મુખેથી સાંભળત તો એ ગ્રંથ ઉપર પણ મારી બચપણમાંજ સારી પ્રીતિ જામત તે વયમાં પડેલા શુભ અશુભ સંસ્કારો બહુ ઊંડા મૂળ ઘાલે છે એમ હું ખૂબ અનુભવું છું અને તેથી કેટલાક ઉત્તમ ગ્રંથો સાંભળવાનું મને તે વયે ન મળ્યું એ સાલે છે."

પ્લુટાર્કની એક પ્રત મૅડમ રોલેન્ડ પ્રાર્થનામંદિરમાં સાથે લઇ જતી અને વચમાં વિસામો હોય ત્યારે ત્યારે તેમાનું એકાદ વાક્ય

વાંચી લેતી. પ્લુટાર્કે લખેલાં આ ચરિત્રો નેપોલિયનને પણ બહુ પ્રિય હતાં. પ્લુટાર્ક એમાં પરમ કુશળતાથી વીર પુરુષોની નાની નાની ખાસિયતો પણ વર્ણવે છે. બીજા લેખકોએ તે વાત ધ્યાનમાં લીધી નથી; પણ પ્લુટાર્ક તો કહેતો કે "મહાન યુદ્ધો વર્ણવવાનું બીજાઓ માટે રહેવા દઇ હું તો તે તે આત્માઓનોજ ખ્યાલ આપનારી ઘટનાઓ વર્ણવીશ." શેક્સપિયરે પણ પ્લુટાર્કની ઘણી હકીકતનો અનુવાદ કર્યો છે અને કોઈ કોઇ વાર તો અક્ષરશઃ તેની ભાષા ઉતારી છે.

કૉટન મૅથરનો 'સત્કાર્ય વિષે નિબંધ' ફ્રૅંક્લિને પોતાની બાલ્યાવસ્થામાં વાંચેલો તેની અસર તેના આખા જીવન પર થઇ હતી. ગ્રંથ વાંચતી વખતે હાથમાં કલમ રાખવાની અને જે અગત્યનું વાંચવામાં આવે તેની નોંધ લખી લેવાની તે પ્રત્યેકને ભલામણ કરતો.

એમર્સનકૃત 'પ્રકૃતિ'ની અસર ટિન્ડાલના બધા જીવનપર થઇ હતી.

બીચરે કહ્યું છે કે, રસ્કિનના ગ્રંથોએ મને અવલોકન કરવાની કુંચી આપી છે અને એવા ગ્રંથો વાંચ્યા પછી કોઈ પણ આગળ જેવો રહી શકે નહિ અથવા આગલી દૃષ્ટિથી જગતને જોઇ શકે નહિ.

હોરેસ ગ્રીલી લખે છે કે, હું નાનો હતો ત્યારે લાકડાંના ઓરડામાં, બગીચામાં અને પાડોશીઓને ત્યાં વાંચતો વાંચતો જતો. પિતા બહુ ગરીબ હોવાથી દિવસે બાગમાં મારી ચાકરીની જરૂર પડતી; પરંતુ રાત્રે મને સૂવાડતાં તેને ભારે મહેનત પડતી. કેમકે રાત્રે હું મારાં પુસ્તકો મારી આસપાસ ગોઠવી મૂંગે મોઢે તથા નીચી મૂઠીએ મોડા સુધી વાંચ્યા કરી જ્ઞાનામૃત પીધા કરતો. એ સમયે મારા મનમાંથી મારી આસપાસનું જગત ખસી જઇને મારાં પુસ્તકો મને જે જગતમાં લઇ જતાં તેજ જગત મને જીવતું જાગતું લાગતું.

પ્રેસિડેન્ટ લિંકને અગાઉ વૅશિંગ્ટન અને હેન્રી કલેનાં ચરિત્રો ગામડિયા પાડોશીઓ પાસેથી માગી લાવી પોતાની ઝુંપડીમાં સગડીને અજવાળે વાંચેલાં તેથી તેના જીવનને પ્રોત્સાહન મળ્યું હતું

[illegible] ગ્રંથાલયમાં [illegible] એક એક વાંચવાથી તેને [illegible] [illegible] હતું, કે તેની [illegible] વાંચી ગયો અને [illegible] [illegible] [illegible] પણ પાર્શ્વ[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરી હતી.

ફ્રેન્કલિન [illegible] [illegible] [illegible] [illegible] એક [illegible] (કે જે [illegible] [illegible] [illegible] [illegible] આત્મના [illegible] [illegible] હતે.) [illegible] [illegible] [illegible] હતો, અને તેમાંથી [illegible] [illegible] કવિઓની [illegible] કરતો હતો.!

કરેક ચોપડી જ્યાં સુધી તેની પાસે વાંચનાર કોઈ ન હોય ત્યાં સુધી રાખવા દેવાનો નહિ અને એક અથવા વધારે પુસ્તકો સાથે લીધા વિના તથા તે ઉપરથી નોંધ કરવા માટેની યોગ્ય વ્યવસ્થા કર્યા વિના કોઈ પણ દિવસ તે પ્રવાસે નીકળતો નહિ.

સુપ્રસિદ્ધ પેટ્રાર્ક જે દિવસે કંઈક પણ વાંચે, લખે કિંવા એ બન્ને ખાતા કરી લે નહિ ત્યાં સુધી શાન્તિથી બેસતો નહિ. તેના એક મિત્રને એમ લાગ્યું કે બહુ વાચનથી કદાચ તેનું આરોગ્ય બગડશે, તેથી તેણે તેની પાસેથી પુસ્તકાલયની કુંચી લઈ લીધી અને તેના વાંચનાલય ઉપર તાળું વાસી દશ દશ દિવસ સુધી તેને કંઈ પણ વાંચવા દીધું નહિ. પેટ્રાર્કે તો આનાકાની સાથે દશ દિવસ ન વાંચવાનું સ્વીકાર્યું; પણ પહેલો દિવસ વર્ષથી પણ તેને લાંબો લાગ્યો; બીજે દિવસે સવારથી સાંજ સુધી તેનું માથું દુઃખ્યું અને ત્રીજે દિવસે તો તે તાવમાંજ સપડાયો! તેનો મિત્ર તેની આ સ્થિતિ જોઈને ગભરાતો થઈ ગયો અને પુસ્તકાલયની ચાવી તેને આપી દીધી! ચાવીની સાથે આરોગ્ય પણ આપ્યું હોય તેમ એ ચાવી મળતાંજ તેણે પુસ્તકો વાંચવાનું શરૂ કર્યું અને એ વાચન મળતાં-જ તેની સર્વ આપદાઓ ટળી ગઈ!

સુપ્રસિદ્ધ ઈતિહાસલેખક મેકોલેને પણ વાંચવાનો બહુ શોખ હતો તેણે કબૂલ કર્યું છે કે, તે પૂર્વકાલીન વિદ્વાનોના ગ્રંથોનો

ઋણી હતો. તેની પાસે ઐહિક સુખનાં સર્વ સાધન, સંપત્તિ, સુકીર્તિ, સદ્બુદ્ધિ અને સત્તા, સર્વકાલ વિદ્યમાન છતાં તે વિશેષ સુખ તે 'વાચન'થીજ અનુભવતો હતો. વિલાયતમાં જ્યાં જ્યાં વાંચનાલયો અને પુસ્તકાલયો હતાં ત્યાં ત્યાં બધે તે સવારસાંજ અથવા બપોરે કોઇ પણ વખતે ચક્કર મારી આવતો હતો. દિવસમાં ચાર પાંચ પુસ્તકાલયો તથા વાંચનાલયોમાં તે ફરી વળે નહિ ત્યાંસુધી તેને રાત્રે જમવાનું ભાવતું નહિ અને સૂતા પછી પણ ચેન પડતું નહિ.

ઇતિહાસ એટલે સુધી મળ્યો છે કે, વાચનના કેટલાક શોખીનોએ તો તેમનો પ્રિય શોખ કેદખાનામાં પણ છોડયો નથી. કેમકે એથી તેમનો સમય સુખપૂર્વક જતો એટલુંજ નહિ પણ તેમના દુઃખમાં પુસ્તકો આશ્વાસનરૂપ થતાં હતાં. દક્ષિણ આફ્રિકાના બંદીગૃહમાં કર્મવીર ગાંધીજીએ તથા માંડાલેના કારાગારમાં ભારતના તિલકરૂપ તિલક મહારાજે અનેક પુસ્તકોનું પરિશીલન કર્યું હતું.

જીકી કહે છે કેઃ—પોતાનાં પુસ્તકોની વચ્ચે જીવવા અને મરવા માટે સિસેરોએ પોતાની સઘળી સંપત્તિ છોડી દેવા ઇચ્છા બતાવી હતી એ કાંઇ આશ્ચર્યની વાત નથી. પેટ્રાર્ક અંતસુધી પોતાનાં પુસ્તકો વચ્ચે રહ્યો અને તેમાંજ મુવો એમાં પણ નવાઇ નથી. બેડ લખાવતો લખાવતો મુવો; લિબ્નિઝ હાથમાં પુસ્તકસહિત મુવો તથા લૉર્ડ ક્લૅરેન્ડન ટેબલ આગળ મુવો એ પણ સ્વાભાવિક છે.

બકલના અંતસમયના શબ્દો "મારૂં ગરીબ બિચારૂં પુસ્તક!" એ શબ્દો એની પુસ્તકો પ્રત્યેની તીવ્ર પ્રીતિ દર્શાવે છે, કે જે મૃત્યુને પણ વિસરાવી દે! સ્કૉટ જ્યારે અંતકાળે એબટ્સફર્ડમાં આવ્યો અને તેને ઉંચકીને તેના પુસ્તકાલયમાં લઇ જવામાં આવ્યો ત્યારે તેના મરદાનગી ભરેલા મુખ પર દડ દડ આંસુની ધારા ચાલી! ખરેખર, તેણે પોતાનાં પુસ્તકોને એવી યોગ્ય રીતેજ અંતિમ પ્રણામ કર્યા હતા.

ધોળા વાળવાળો અને માત્ર હાડપિંજરરૂપ બની ગયેલો સધિ પુસ્તકોને વાંચી શકતો નહિ ત્યારે તેને પંપાળતો અને ચુંબન કરતો હતો; એ ચિત્ર તો વળી બહુજ અસરકારક છે!

ફેનેલન—મારા વાચનના પ્રેમને બદલે કોઇ બધાં મહારાજ્યો-ના મુકુટ મારી સામે મૂકે તો તેને પણ લાત મારીને ફેંકી દઉં!

પોપ કહે છે કે—હાલમાં મારા ઘણા મિત્રો છે અને હું તેમને ચાહું છું; પણ તેમના કરતાં હું સારા વાચનને વિશેષ ચાહું છું.

જેમ્સ ફ્રીમૅન કલાર્ક કહે છે કે, કેટલાક ગ્રંથોએ જગતનું જેટલું હિત કર્યું છે અને કર્યાં જાય છે; તેઓ જે રીતે આપણી આશા, હિંમત અને શ્રદ્ધાને જગાડે છે; દુઃખ ટાળે છે; દૂર દૂરના યુગો અને દેશોને એકબીજા સાથે જોડી દે છે અને સ્વર્ગીય સત્યો રજુ કરે છે; એ સર્વનો જ્યારે વિચાર કરૂં છું ત્યારે હું આવી ઉત્તમ બક્ષિસ મળવા માટે હમેશાં ઈશ્વરનો આભાર માનું છું.

હિલાર્ડ—ગ્રંથો એ મિત્રરહિત માણસોના સર્વોત્તમ મિત્રો છે.

૪૩–ખોટા ગુરુઓથી ખરાબી

(છોટમની વાણી-ગ્રંથ પહેલામાંથી)

ખલકમાં ખોટા ગુરુ થઇ ફરે, અવિદ્યા સેવકની ક્યમ હરે. ટેક
વેદવિરુદ્ધ વચન બહુ બોલે, દોષથકી નવ ડરે;
કલ્પિત કર્મ કરાવે સૌને, અવગુણ અદકા ભરે. ખલક૦ ૧
તન મન ધન સેવકનાં હરવા, કપટ નિરંતર કરે;
ઉપનિષદ્‌નો અર્થ ન જાણે, મત તાણીને મરે. ખલક૦ ૨
ચોરી જારી જૂઠ અનીતિ, અધમ કર્મ આચરે;
પરમારથનો પંથ તજે તે, ભવજળમાં ક્યમ તરે. ખલક૦ ૩
કર્તા પ્રભુને કોઇ ન માને, ધ્યાન પ્રેતનું ધરે;
કહે છોટમ એવા ગુરુ ભજતાં, અર્થ કશો ના સરે. ખલક૦ ૪

४४–उत्तम वैद्यो अने स्वदेशी औषधो वि

(આર્યભિષક્-૮ મી આવૃત્તિમાંથી)

स्मृतिमान् युक्तिहेतुज्ञो जितात्मा प्रतिपत्तिमान् ।
भिषगौषधसंयोगैश्चिकित्सां कर्तुमर्हति ॥

અર્થાત્—સ્મરણશક્તિવાળો, યુક્તિ તથા હેતુને જાણ જિતાત્મા અને સારી પરીક્ષા કરી જાણનારો વૈદ્યજ ઔષધ રોગીની ચિકિત્સા કરે. "શ્રી ચરકાચ

वरमाशीविषविषं क्वथितं ताम्रमेव वा ।
पीतमत्यग्नि संतप्ता भक्षिता वाप्ययो गुडाः ॥
न तु श्रुतवतां वेशं बिभ्रता शरणागतात् ।
गृहीतमन्नपानं वा वित्तं वा रोगपीडितात् ॥ चरकः ॥

અર્થાત્-સર્પનું ઝેર પીવું; ગરમ કરેલ તાંબાનો રસ પીવો; અથવા અગ્નિમાં લાલ કરેલો લોઢાનો ગોળો ગળી જવો એ સારું, પણ વિદ્વાન વૈદ્યના વેષવાળા મનુષ્યે શરણે આવેલા રોગપીડિત મનુષ્યનું અન્નપાણી અથવા ધન લેવું એ બહુજ ખરાબ છે.

यस्य देशस्य यो जन्तुस्तज्जन्तस्यौषधं हितम् ।
देशादन्यत्र वसतस्तत्तुल्यं गुणमौषधम् ॥

જે દેશમાં જે મનુષ્યનો જન્મ થયેલો છે, તેને માટે તેજ દેશની ઔષધિ હિતકારક છે. બહારથી આવેલી ઔષધિ બરાબર લાભ કરતી નથી. વળી દેશથી બહાર રહેલાને પણ તેની જન્મભૂમિની ઔષધિ વિશેષ લાભદાયક થાય છે.

४५–वेदवाक्य

नानाश्रांताय श्रीरस्ती रोहित सुश्रुम । पापोनृपद्वरोनः ।
इन्द्र इच्चरतः सखा । चरैवेति चरैवेति ॥१॥

અર્થાત્—થાકી જતાં સુધી પરિશ્રમ નહિ કરનાર સુખ, સામર્થ્ય, સમૃદ્ધિ, કીર્તિ કે ઉન્નતિ પ્રાપ્ત નથી કરી શકતો. આળસુ મનુષ્ય પાપી છે, પરમાત્મા પુરુષાર્થ કરનારનોજ સાથી છે; માટે

પુરુષાર્થ કરો, પુરુષાર્થ કરો.

पुष्पिण्यौ चरतो जंघे भूष्णुरात्मा फलग्रहिः ।
शेरेऽस्य सर्वे पाप्मानः श्रमेण प्रपथे हताः ॥ चरैवेति चरैवेति ॥

અર્થાત્—ચાલનારનીજ જાંઘો પુષ્ટ થાય છે; પુરુષાર્થીજ સફળ થાય છે અને તેનાં સર્વ પાપ શ્રમને લીધે માર્ગમાંજ નાશ પામે છે; માટે પુરુષાર્થ કરો, પુરુષાર્થ કરો.

आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निपद्यमानस्य चराति चरतो भगः ॥ चरैवेति चरैवेति ॥२

અર્થાત્—બેસી રહેનારનું ભાગ્ય પણ બેસી રહે છે; ઉભા રહેનારનું ઉભું રહે છે; સુઇ રહેનારનું સુઇ રહે છે અને ચાલવા માંડનારનું ભાગ્ય પણ ચાલવા માંડે છે; માટે પુરુષાર્થ કરો, પરિશ્રમ કરો.

४६–पैसो, मोजशोख अने अधोगति

("આગળ ધસો"માંનો થોડો સારાંશ)

ઈશ્વરનો આપણે આભાર માનવો જોઇએ કે, આ જગતમાં પથ્થરનું બાવલું ઉભું કરવાની ગાંડાઇ કરતાં તો બહુજ ઉત્તમ અનેક ચીજો રહેલી છે. સદ્‌ગુણ સાથે સોનું હરીફાઇ કરી શકે નહિ. અમુક સામાજિક પદવી કે ખિતાબથી કાંઇ માણસપણું ઉપજતું નથી; મોટાં મોટાં વ્યાપારી મંડળ કે ટ્રસ્ટ ઉભાં કરવાં, ઇજારા રાખવા, એથી બહુ તો જીંદગીની હલકી વાસનાઓ ઉપર અંકુશ રહે છે.

ઇશ્વર જે કાંઇ પોતાને આપે છે તે મનુષ્યજાતિ માટેજ આપે છે એવી લાગણી જેને થઇ નથી; તેવો માણસ સાચી મોટાઇ મેળવી શકતો નથી અને મેળવે તો ટકતી નથી.

દરદી પાસેથી જે વૈદ્ય કે દાક્તર ફી લે છે; તે ફી તેને દયાની—મનુષ્યત્વની—ફુલવાડીમાંથી પૈસાના બજારમાં ફેંકી દે છે અને તેથી પછી એ દૈવી સંપત્તિની ફુલવાડી તેને કહે છે કે "તમે દરદીને આરોગ્ય અને જીવન તો આપ્યું, પણ એ બદલ તમને પણ પૈસા અપાયા છે;

માટે સલામ !" ફી લેતી વખતે આવી આંતરિક લાગણી જેને કદી ન થઈ હોય એવો પણ શું કોઈ વૈદ્ય યા દાક્તર આ જગતમાં છે? એમ બુલ્વર પ્રશ્ન કરે છે.

મનુષ્યો અને પ્રજાઓ હાલના શાળાશિક્ષણ અને સુધારા ઉપર શ્રદ્ધા રાખે છે; પણ તેથી કોઇ પણ પ્રજાનો બચાવ અને ઉન્નતિ થઈ શકે નહિ. ખરૂં જોતાં તો કલા અને મોજશોખની સાથે તો અધોગતિ આજે સેંકડો વર્ષથી ભાઇબંધી બાંધી બેઠી છે.

ફિડિયાસ ગ્રીસની કલાને સુંદરતાની છેલ્લી પિંછી ફેરવતો હતો તેજ સમયે એથન્સની મહત્તા વિદાય થઇ હતી. કળાનું પૂર ચઢ્યું હતું તેવામાંજ રોમમાં યુદ્ધ, મોજમજાહ અને શૃંગાર દાખલ થયાં અને રોમની પડતી થઇ. ચારિત્ર્યનો ભોગ આપી જ્યારે પૈસો મેળવાય છે, ત્યારે તે દ્રવ્ય ઉન્નતિને બદલે અધોગતિજ આપી શકે છે. કોઇ પણ મનુષ્ય અગર પ્રજા પાસે જેમ વધારે પૈસો થાય; તેમ એ પૈસાની ખરાબ અસરથી બચવા માટે તેને વધારેમાં વધારે નૈતિક બળ વાપરવાની જરૂર રહે છે.

એમર્સન કહે છે કે, સુધારાની ખરી કસોટી વસ્તીપત્રકથી, શહેરોની લંબાઇ પહોળાઇથી કે ઉતરેલા પાક ઉપરથી કરવાની નથી, પણ દેશમાં કેવા પ્રકારનાં માણસો નીવડે છે તે ઉપરથી કરવી જોઇએ.

સોનાના મુકુટવાળા છતાં મલિન અંતરવાળા એવા માણસો પાછળ ઘણાઓને દોડતા, સલામો કરતા અને ધૂસતા આપણો યુવકવર્ગ જુએ છે તેથી અને ત્યારથીજ જીંદગીના મહાન હેતુ વિષે તેઓ ખોટા ખ્યાલથી દોરવાઇ જઇને જીંદગીની શરૂઆત કરે છે.

નાણાંની કોથળી ભારે અને આત્મા હલકો, ઘર જબરૂં અને ચારિત્ર્ય હલકું, એના કરતાં વધારે દયાજનક શું હોઇ શકે?

ઈમર્સન કહે છે કે, જ્યારે સત્યશીલ અને ડાહ્યા માણસો વડે જગત નિયમન સચવાશે, ત્યારે પ્રારબ્ધ અને પ્રપંચના દેવતા આગળ નમન કરનારા અને એક વચન દેવતરીકે પૂજનારા શૂદ્ર માનવીઓ તિરસ્કારપાત્ર ગણાશે.

૪૭–रुडा राजवी अने साचा श्रीमान केवा होय?

("આગળ ધસો"માંથી થોડો સારાંશ)

હિંદમાં અને બીજા દેશોમાં પ્રજાના પિતા જેવા અનેક રાજા થઈ ગયા તેમાંના એક રાજ્યકર્તાએ મૃત્યુલેખમાં જણાવ્યું હતું કે, કોઈ બાળકને મેં ઇજા ભોગવવા દીધી નથી; કોઈ વિધવાને મેં દુઃખ પડવા દીધું નથી; કોઈ ગોવાળને મેં પીડા કરી નથી; મારા વખતમાં કોઈ ભિખારી નહોતા અને દુષ્કાળ આવ્યો ત્યારે ઉત્તરથી દક્ષિણ સુધીની સઘળી જમીન હું ખેડાવતો; પ્રજાને ખવડાવતો; ભવિષ્ય માટે અનાજનાં સાધન કરી આપતો અને પ્રાંતમાં કોઈ પણ ભૂખે મરતું નહિ. હાલના સુધરેલા કહેવાતા સમયમાં કયો રાજ્યકર્તા આવી રીતે વર્તવાનું કહી શકે એમ છે?

મિ૦ ક્રિટન્ડન દરિદ્રતા અને દુરાચારના સ્થાનમાં જતો અને અવનત થયેલા લોકોને સૂચના તથા મદદ આપતો. એક રાત્રિએ એક ગરીબ દેખાવની છોકરી સાથે તેની શરમભરેલી જીંદગી છોડાવવા સંબંધી તે વાત કરતો હતો ત્યારે ક્રાઈસ્ટના શબ્દોમાં તેણે કહ્યું હતું કે "હું તને વખોડી કાઢતો નથી. હમણાં મજુરો નથી; માટે જા, હવે પાપ કરીશ નહિ." ત્યારે તે છોકરીએ આંસુ સાથે કહ્યું કે "પણ ક્યાં જાઉં?"

હવે વીજળીના ચમકારા પેઠે તરત જ તેને વિચાર આવ્યો કે, તે ક્યાં જાય? પાપ સિવાય કંઈ પણ માર્ગ તેને માટે ખુલ્લો નથી. આથી પછી તેણે ત્યાં ને ત્યાં જ પોતાની નાની ફ્લૉરેન્સના સ્મારક-તરીકે, શરમના વમળમાં ડૂબતી બીજી નાની છોકરીઓ બચે અને સદાચારી જીવન ગાળે એ માટે એક આશ્રમ સ્થાપવાનો નિશ્ચય કર્યો. આ રીતે ન્યુયોર્કના 'બ્લીકર સ્ટ્રીટ' રસ્તા ઉપર ધોળા રંગ ઉપર બેવડા ચાર માળના એક મકાનમાં ફ્લૉરેન્સ ક્રિટન્ડન મિશનની પહેલવહેલી સ્થાપના તેણે કરી. આ આશ્રમમાં ખોરાક, આશ્રય અને વસ્ત્ર મફત આપવામાં આવે છે અને વ્યવસ્થાપક સભાની અસરથી સેંકડો સ્ત્રીઓ પવિત્ર બને છે.

મિ૦ ક્રિન્ટન્ડને એ ઉપરાંત ન્યુ બ્રુન્સ્વીક, સાનજોસે, સેક્રામેન્ટો, લોસ એન્જીલિસ અને કેલિફોર્નિયાના સાન્ફ્રાન્સિસ્કોમાં પણ આવીજ સંસ્થાઓ ઉઘાડી છે.

યુરોપ અને અમેરિકાના દરેક મોટા શહેરમાં આવી ફ્લૉરેન્સ ક્રિન્ટન્ડન સંસ્થા સ્થાપવી એ તેના જીવનની મહેચ્છા છે અને મિસ ફ્રાન્સિસ ઇ. વિલાર્ડ અને લૉર્ડ હેન્રી ઓમરસેટની આગેવાની નીચેના "વુમન્સ ક્રિશ્ચિયન ટેમ્પરન્સ એસોસીએશન" સાથે તે મતલબની યોજનાઓ ઘડવામાં આવે છે.

સોના ઉપર કે બીજી ધાતુ ઉપર આપણે નકશીકામ કરીશું તે સમય જતાં ઘસાઈ જશે અને આપણે દેવળો ઉભાં કરીશું તે પણ કોઇ કાળે તૂટી પડશે; પણ આપણે આ અમર જીવાત્માઓ ઉપર જે કાંઇ કામ કરીશું તેથી તો આપણે તેમને ઉચ્ચ સિદ્ધાંતોથી, અનીતિના ડરથી અને મર્દાનગી પ્રત્યેના પ્રેમથી વિભૂષિત કરી શકીશું. ખરેખર આ પ્રકારે આપણે એવું અટલ કોતરકામ કરેલું જાણવું કે જે અનંતકાળ સુધી વધુ ને વધુ બળ, પ્રકાશ અને પરમ તેજ પામતું ચાલશે.

ઍમર્સને બરોબર કહ્યું છે કે, પૈસાનો ખરો લાભ તો જેણે તે પૈસો મેળવ્યો છે તેનેજ રહે છે; તેના વારસને રહેતો નથી. જ્યારે હું મારી વાડીમાં કોદાળી લઇને જાઉં છું અને એક કયારી ખોદું છું ત્યારે મને જેવો આનંદ, જેવો ઉલ્લાસ અને તંદુરસ્તીની જેવી લાગણી થાય છે; તેનો વિચાર કરતાં તો જે કામ મારાજ હાથે કરવું જોઇએ તે બીજાઓને કરવા દઉં ત્યારે હું જરૂર ઠગાઉં છું.

૪૮–सारा ग्रंथोना असाधारण फायदा

यस्यास्ति सद्ग्रन्थविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः।

અર્થાત્–જેને સારા સારા ગ્રંથો વાંચવાવિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય તેના આગળ ચંચળ લક્ષ્મીના શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે?

સાહિત્યસમ્રાટ્ બંકિમચંદ્ર—"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો બીજા કશાથી નથી મળતો. × × × માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઈ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના પણ મેળવી શકાતી નથી. × × × બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે. પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિ સિવાયનું બીજું કોઈ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. × × × સાહિત્ય–ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્યસરોવરનાં કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છ લાગે છે."

સ્વામી વિવેકાનંદ—"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેમજ સારું. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવનસુધી જરૂર છે."

સ્વામી રામતીર્થ–"સત્સંગ, ઉત્તમ ગ્રંથ અને શુભ શ્રવણ–કીર્તન, ત્રિલોકના રાજા બનાવી દે છે."

મ૦ ગાંધીજી—"પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર થાત નહિ; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઇથી વેઠી શકે છે. × ×એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતરવિચાર પણ કરી શકશો."

આ૦ સું૦ પઢિયાર—"બંધુઓ! સારાં પુસ્તકો એટલે શું એ ..

તમે જાણો છો? સારાં પુસ્તકોની કિંમત તમે સમજો છો? ભાઇ! હજી આપણે એ નથી સમજતા. જો સમજતા હોઇએ તો આપણી હાલત આવી ન હોય. મને તો લાગે છે કે, જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે ને પુસ્તકો તે લાભ લઇ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ તે પુસ્તકો છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો તે તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ખેંચી લાવી ટંડક આપનારા પંખા છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ પૃથ્વી છે અને પુસ્તકો તે આપણને રહેવાલાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો એ તૈયાર રસોઇ છે; જ્ઞાન તે મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણી ભરેલાં માટલાં છે; અને જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો તે એનો રસ્તો દેખાડનારા પૂજનીય દેવો છે."

માર્ડન—"ગરીબોની ગરીબાઇ કાઢવાની, દુઃખીઓનાં દુઃખ ટાળવાની, તન–મનનો થાક ઉતારવાની અને માંદાંઓનું દર્દ ભૂલાવવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી પ્રાયઃ બીજા કશામાં નથી."

"પુસ્તકોપ્રત્યે સ્નેહ એ ઈશ્વરી રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

'ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવા સમાન છે.'

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી મળશે."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાનહીન રહેનારા મનુષ્યમાં શું તફાવત?"

"સહવાસથી જેમ માણસના ગુણની અને પ્રકૃતિની પરીક્ષા થાય છે, તેમ જે પુસ્તકોનો તેને શોખ હોય છે તે ઉપરથી તેના

જેથી અનુમાન થાય છે."

"એક સારો ગવૈયો ઇચ્છે ત્યારે વાજીંત્રમાંથી ચદાય તે સ્વર કાઢીને આનંદ લે છે; તેમ સારો વાંચનાર પણ ઇચ્છે ત્યારે ઉત્તમ ગ્રંથમાંથી મનગમતો અવાજ કાઢીને આનંદમગ્ન થઇ શકે છે."

"અવકાશની એકાદ ક્ષણનો ઉપયોગ કરી લેવા માટે ગ્લૅડસ્ટન જેવો પ્રતિભાશાળી પુરુષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઇને ફરે; તો પછી આપણા જેવાઓએ તો વૃથા જતી કિંમતી ક્ષણોને બચાવવા માટે શું ન કરવું જોઇએ?"

"ખોરાકવિનાના શરીરની પેઠે જ્ઞાનવિનાનું મન નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન પુસ્તક હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર ઘર નહિ પણ જીવતાં મુડદાંની ઘોર છે."

એક વિદ્વાન કહે છે કે "વાંચવાની હોંશ છોડવાના બદલામાં કોઇ મને આખા હિંદુસ્તાનની સંપત્તિ આપે, તોપણ હું છોડું નહિ."

"પુસ્તકો યુવાવસ્થામાં સુમાર્ગે દોરે છે, વૃદ્ધાવસ્થામાં મનરંજન કરે છે, દુઃખમાં સમાધાન કરી જીવન નકામું લાગવા દેતા નથી તથા ચિંતા અને ફિકરોને શાંત કરી નિરાશા ટાળે છે."

"એક પાશ્ચાત્ય પંડિતનો તો એટલે સુધી મત છે કે:—
'માણસને સુખસગવડોની જેટલી જરૂર નથી, તેટલી પુસ્તકોની છે. તે પોતે પણ [illegible] પુસ્તકો [illegible] સુખની [illegible]. તેને ઉત્તમ પુસ્તકો [illegible] ત્યારે ત્યારે 'હું વધારે [illegible] છું' એમ તેને લાગતું.'

"ઉત્તમ [illegible] [illegible] ધર્મ, નીતિ, [illegible] [illegible], દીર્ઘ [illegible] [illegible] છે; અને જેમ જેમ એ દૈવી [illegible] [illegible] છે, તેમ તેમ [illegible] [illegible] [illegible] છે."

"[illegible] [illegible]"

૪૯—ગીતાજી વિષે અભ્યાસીઓના વિચાર
(સારાંશ અને ભાવાનુવાદરૂપે)

ભાઇ પરમાનંદજી—જો આર્યોની સભ્યતાના–અર્થાત્ જ્ઞાન-ચારિત્રના મહાસાગરને એકાદ ગાગરમાં સમાયલો જોવો હોય તો તે ગીતામાં જણાશે. કદાચ આર્યજાતિનાં બીજાં બધાં શાસ્ત્રો નાશ પામી માત્ર ગીતા રહી હોત તોપણ તેના ગૌરવની સ્મૃતિ સંસારમાં ચાલુ રહેત. કેમકે એમાં આર્ય સભ્યતા એટલી બધી સુરક્ષિત છે કે **ગીતાનો પ્રચાર થવો અથવા નાશ થવો એ આર્યધર્મની વૃદ્ધિ અથવા નાશ થવા બરાબર છે.**

ગીતાજી જેવું અદ્વિતીય પુસ્તક કાંઈ અકસ્માત્ પેદા થતું નથી. એના પહેલાં તો ઘણા કાળની જ્ઞાનોન્નતિ આવશ્યક છે. જ્યાં ઉપનિષદો અને દર્શનશાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન હયાત ન હોય ત્યાં 'ગીતા' જેવો ગ્રંથ રચી શકાયજ નહિ. **માત્ર એક મહાભારતમાંજ ગીતાને વિસ્તારથી સમજાવનારા દ્દષ્ટાંત મળી શકે છે.**

નાહી ધોઇ પવિત્ર થઇને પાઠ કરનારજ ગીતાના સ્વર્ગીય ગાનનું મહત્ત્વ કંઇક સમજી શકે; પંડિતોનાંજ પ્રવચનોમાં તેનું આંતર્બાહ્ય સૌંદર્ય કંઇક જોઇ શકે; સુયોગ્ય ગુરુનાંજ ચરણોમાં બેસીને "समोऽहं सर्व भूतेषु"નો કંઇક અનુભવ કરી શકે; પણ આ મોહટાળક મંત્રનું પૂરૂં રહસ્ય તો તેજ ભવ્યાત્મા સમજી શકે કે જે દુર્યોધન અને દુઃશાસનના અત્યાચારોનો નાશ કરવાનો અડગ નિશ્ચય કરી યુદ્ધભૂમિમાં તત્પર થઇને ઉભો હોય.

ગીતાજ એક એવું ધર્મપુસ્તક છે, કે જે આર્યધર્મના પ્રચારમાં ખાસ ઉપયોગી થઇ શકે. કેમકે આખી હિંદુ જાતિ તેને પોતાના ધર્મપુસ્તક તરીકે માને છે; અને ઋષિમુનિઓ તથા દાર્શનિકો પણ માને છે કે તેમાં વૈદિક જ્ઞાનનો સારાંશ સમાયલો છે. માટે એનેજ આર્યધર્મનું પ્રમાણભૂત પુસ્તક કહેવું એ સર્વથા ઉચિત છે.

મહાત્મા બંકિમબાબુ—ગીતાને સર્વોત્તમ ધર્મગ્રંથ માનવાનું કારણ કે એમાં જ્ઞાન કર્મ અને ભક્તિ, ત્રણેને એવો યોગ્ય ન્યાય

અપાયો છે કે જેવું સામંજસ્ય બીજા કોઇ પણ ગ્રંથમાં નથી! × ×
આવો અપૂર્વ ધર્મ, આવું અપૂર્વ ઐક્ય કેવળ ગીતામાંજ દેખાય
છે. આવી અદ્ભુત ધર્મવ્યાખ્યા અને આવો પરમોત્તમ ભક્તિવાદ
કોઇ પણ દેશમાં ને કોઇ પણ કાળે કોઇએ સમજાવ્યો નથી.

લોકમાન્ય તિલક—એમણે બૌદ્ધોના ત્રિપીટક, ધમ્મપદ તથા
ખ્રિસ્તીઓના બાઇબલ સાથે ગીતાની તુલના કરીને નિર્ણય કર્યો છે
કે, દુઃખીને શાંતિ આપનાર, આધ્યાત્મિક પૂર્ણદશાની ઓળખાણ
આપનાર અને ટુંકામાં ચરાચર જગતનાં ગૂઢ તત્ત્વો સમજાવી દેનાર
ગીતા જેવો ગ્રંથ જગતની કોઇ પણ ભાષામાં નથી.

યોગ, સાંખ્ય, ન્યાય, મીમાંસા, ઉપનિષદો વગેરે પૂર્ણાવસ્થાએ
પહોંચ્યા પછી વૈદિક ધર્મને જે જ્ઞાનમૂલક, ભક્તિપ્રધાન તથા કર્મ-
યોગપરાયણ એવું છેવટનું સ્વરૂપ અપાયું; અને જે સ્વરૂપ હાલના
વૈદિક ધર્મના પાયારૂપ છે; તેજ સ્વરૂપ આ ભગવદ્ગીતામાં પ્રતિપાદન
કરેલું છે. તેથી સનાતન વૈદિક ધર્મરૂપી મહાન વૃક્ષનું એ એક અત્યંત
મધુર અને પૂર્ણ પાકેલું અમર ફળ છે. એટલુંજ નહિ પણ હિંદુધર્મનાં
તત્ત્વો સંક્ષેપમાં અને નિઃસંદેહ રીતે સમજાવી શકે એવો
ગીતા સમાન બીજો કોઈ ગ્રંથ સંસ્કૃત વાઙ્મયમાં નથી.

ભગવદ્ગીતામા વૈદિક ધર્મનો જે સમગ્ર સાર સમાયલો છે, તે
સારભૂત નિત્યધર્મને જાણીને માત્ર કર્તવ્ય તરીકે સર્વભૂતહિતાર્થે પ્રયત્ન
પ્રયત્નો કરીને વિજયો મેળવનારા કર્મવીરો તથા ધર્માત્માઓ જ્યારે
આ ભારતભૂમિને અલંકૃત કરતા હતા; ત્યારે આ દેશ ઈશ્વરકૃપાને પાત્ર
હોઇ જ્ઞાન, ચારિત્ર્ય અને ઐશ્વર્યના શિખરે પહોંચેલો હતો; અને જ્યાર-
થી એ બંને લોકમાંથી તારનારો તથા પરમ શ્રેયકારી એવો પૂર્વતર
ધર્મ છૂટતો ચાલ્યો ત્યારથીજ હિંદવાસીઓની દુર્દશા શરૂ થઇ છે.

મહાત્મના માલવીયાજી—આ અદ્ભુત ગ્રંથના ૧૮ નાના
અધ્યાયોમાં એટલું બધું સત્ય, એટલું બધું જ્ઞાન અને એટલા બધા
ઉચ્ચ, ગંભીર તથા સાત્વિક વિચારો ભરેલા છે, કે જે મનુષ્યને
નીચામાં નીચી દશામાંથી ઉપાડીને દેવતાને સ્થાને બેસાડવાની શક્તિ

ધરાવે છે. × × × તે પુરુષ અને સ્ત્રી બહુ ભાગ્યશાળી છે કે જેમને આ સંસારના અંધકારથી ભરેલા સાંકડા માર્ગોમાં પ્રકાશ આપનારો આ નાનકડો પરંતુ અખૂટ તેલથી ભરેલો ધર્મપ્રદીપ પ્રાપ્ત થયો છે.

એફ. એચ. મોલેમ (ઇંગ્લેંડ)—બાઇબલનો મેં યથાર્થ અભ્યાસ કર્યો છે. × × એમાં જે લખ્યું છે તે માત્ર ગીતાના સારરૂપે છે. × × જે જ્ઞાન ગીતામાં છે તે ઇસાઇ કે યહુદી બાઇબલોમાં નથી.

મને એજ આશ્ચર્ય થાય છે કે, ભારતીય નવયુવાનો શામાટે અહીં ઇંગ્લેંડ સુધી પદાર્થવિજ્ઞાન શીખવા આવે છે ? નિઃસંદેહ તેમનો પાશ્ચાત્યો પ્રત્યેનો મોહજ એનું કારણ છે. તેમનાં ભોળાં હૃદયોએ હજુ નિર્દય અને અવિનયી પશ્ચિમવાસીઓનાં હૃદય ઓળખ્યાં નથી તેથી તેમના શિક્ષણથી મળતી ભપકાદાર પદવીઓની લાલચે તેઓ એ સ્વાર્થીઓની છદ્મજાળમાં ફસાય છે. બાકી જે દેશ યા સમાજને ગુલામીમાંથી છૂટવું હોય તેને માટે તો એ અધોગતિનોજ માર્ગ છે.

હું ઇસાઇ છતાંયે ગીતા પ્રત્યે આટલું બધું માન એટલા માટે ધરાવું છું કે જે ગૂઢ પ્રશ્નોનો નિકાલ હજુ પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો નથી લાવી શક્યા, તેનો નિકાલ એ ગીતા ગ્રંથે શુદ્ધ અને સરળ રીતે આપેલો છે.

એમાં કેટલાંય સૂત્રો અલૌકિક ઉપદેશોથી ભરપૂર જણાયાં તેથીજ મારે માટે ગીતાજી સાક્ષાત્ યોગેશ્વરી માતા બની રહી છે. દુનિયાના ખજાના ખરચીયે મળે નહિ એવો ભારતવર્ષનો એ અમૂલ્ય ખજાનો છે.

મહાત્મા થોરો—મ૦ ગાંધીજી એવા ભાવનું કહે છે કે, તેમના હૃદયમાં સત્યાગ્રહના ભાવો ઉપજવામાં મુખ્ય કારણ આ આદર્શ અમેરિકન મહાત્મા થોરો છે. તેઓ એકાન્ત માટે જંગલમાં રહેતા. ત્યાં તેમના પ્રિય શિષ્ય એમર્સન એક વાર તેમની ઝુંપડીએ જઇને જુએ છે તો મહાત્મા થોરો એક ખાટ ઉપર સૂતા છે અને નીચે બે ત્રણ સાપ [illegible] છે ! થોડી વારે એ સાપ [illegible] ગયા પછી થોરો મહાત્માને એમર્સને અભિનંદન કર્યા બાદ સંકોચથી કહ્યું કે "મેં અહીં [illegible]
[illegible]"

આ સાંભળીને મહાત્મા ગાંધીએ ખડખડાટ હસીને કહ્યું કે "એમ.એન! એમાં નવાઈની શી વાત છે? જ્યાંસુધી મારી રક્ષક શ્રીગીતામાતા હયાત છે ત્યાંસુધી મને કશોજ ભય નથી."

મહાત્મા થોરો એક જગ્યાએ કહે છે કે:-"પ્રાચીન યુગની સર્વ સ્મરણીય વસ્તુઓમાં ગીતાથી શ્રેષ્ઠ કોઈ વસ્તુ નથી. + + ગીતામાં એટલું ઉત્તમ અને સર્વવ્યાપી જ્ઞાન છે કે તેના લખનાર દેવતાને અગણિત વર્ષ થયા છતાં એવો બીજો એક ગ્રંથ હજી લખાયો નથી. × × ગીતાની સાથે સરખાવતાં જગતનું હાલનું બીજું બધું જ્ઞાન મને તુચ્છ જણાય છે અને વિચાર કરતાં આ ગ્રંથનું એટલું બધું મહત્ત્વ જણાય છે કે આ તત્ત્વજ્ઞાન કોઈ જુદાજ યુગમાં કે સ્થિતિમાં લખાયલું હોવું જોઇએ. × × હું રોજ પ્રાતઃકાળે મારા હૃદય અને બુદ્ધિને ગીતારૂપી પવિત્ર જ્ઞાનામૃતમાં સ્નાન કરાવું છું.'

મહાત્મા એમર્સન:-અમેરિકાનો આ સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર ગીતાને ઇષ્ટદેવની મૂર્તિ સમાન ગણીને પોતાની સામે રાખતો. કેમકે ગીતાને તે સમગ્ર વિશ્વના સાહિત્યમાં સર્વોત્તમ ગ્રંથ, ચિંતનની સર્વશ્રેષ્ઠ સામગ્રી તથા માનવજાતિના અનુભવની સૌથી મહાન સંપત્તિ માનતો હતો. જ્યારે તે 'सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि।' એ શ્લોક વાંચતો, ત્યારે તેનું આખું શરીર પુલકિત થતું: હૃદય નાચી ઉઠતું અને કલાકોના કલાકો સુધી તે આનંદાશ્રુ વહાવતો!

સાધુ વસવાણી:—ગીતા એવા અમૂલ્ય આધ્યાત્મિક ભાવોથી ભરેલી છે કે જેથી હું પ્રભુને પ્રાર્થું છું કે, મરતા સુધી ગીતાનો સંદેશ સ્થળે સ્થળે પહોંચાડી શકું એવી શક્તિ તે દયા કરીને આપે.

ટી. વી. શેષગિરિ અય્યર:—ગીતામાં સંસારના સર્વ ધર્મોનાં સર્વોત્તમ તત્ત્વ રહેલાં છે. તે ગૃહસ્થના કર્તવ્યોનું પૂર્ણ ધર્મશાસ્ત્ર છે; સૌથી મહાન અવતારની વાણી છે તથા અમારા ધાર્મિક અને સામાજિક જીવનનો એમાં સર્વોત્તમ સાર અને આદર્શ રહેલો છે.

કે. ટી. તેલંગ:—ગીતાની ભાષા એવી ગંભીર ને ઉત્તમ છે કે જેથી તેનું 'ભગવદ્ગીતા' કિંવા 'ઇશ્વરીય સંગીત' એજ નામ યોગ્ય છે.

મહર્ષિ દ્વિજેન્દ્રનાથ:—પાશ્ચાત્ય દાર્શનિક ગ્રંથો ભલેને ખૂબ ચમકે; પરંતુ અમારા આ ધર્મદીપકનો પ્રકાશ તેથીયે વધુ ઝળકી ઉઠીને તેમને ઝાંખા ઝસ પાડી દેશે.

કેશવાલુ પિલ્લે:—આપણાં બાળકોને શરૂથીજ ગીતાનો પાઠ કરવા ટેવવાં જોઇએ. આપણી નૈતિક અને આધ્યાત્મિક ઉન્નતિ માટે ગીતા વિના કોઇ પણ શિક્ષક કે માર્ગદર્શકની જરૂર નથી.

પ્રૉ. રંગાચાર્ય:—હિંદુઓને સાંપ્રદાયિકતાથી રહિત એવું ધાર્મિક અને નૈતિક શિક્ષણ આપવા માટે શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જેવો બીજો કોઇ પણ ગ્રંથ નથી. તેમાં પ્રતિપાદન કરેલા સઘળા નૈતિક અને ધાર્મિક આદેશ પરમાત્માની આજ્ઞારૂપ છે.

ભક્તરામ શર્મા:—હાલમાં સર્વ કોઈ સ્વીકારે એવી કોઇ વસ્તુ હોય તો તે માત્ર એક ભગવદ્‌ગીતા છે. વ્યાસમુનિએ ગીતા-શાસ્ત્ર રચીને હિંદુઓને એક તંતુથી બાંધી દીધા છે. જો ગીતા તરફ પૂરતું ધ્યાન અપાય તો સંસારમાંથી સમસ્ત વેર-ઝેર નાશ પામે.

શ્રી. મજુમદાર—પ્રિય ભાઇઓ! પરમાત્માના આ ગીતા-રૂપી હૃદયને સદાનો સાથી બનાવો. નિત્ય પાઠ કરતા રહી તેનો પ્રવાહ તમારા હૃદયમાં વધુ ને વધુ વહેવરાવવાનો પ્રયત્ન કરો અને પછી જોઇ લ્યો કે શું થાય છે? અવશ્ય તમારૂં ખૂબ કલ્યાણ થશે.

ડૉ. મેકનિકલ:—ગીતાગ્રંથ બુદ્ધિની પ્રખરતા, આચારની ઉત્તમતા અને ધર્મોત્સાહનું અપૂર્વ મિશ્રણ રજુ કરે છે.

પંડિતવર શ્રીલક્ષ્મણજી શાસ્ત્રી:—ધર્મનાં ગૂઢ રહસ્યોને સરળ અને સુરસ એવા થોડાક શબ્દોમાં પ્રકટ કરવાની અપૂર્વ શક્તિ તો માત્ર શ્રીગીતાજીમાંજ રહેલી છે.

એફ. ટી. બ્રુક્સ:—ભારતવર્ષના ઉજ્જ્વળ ભૂતકાળનું આ મહાન દાન એવું અસરકારક છે કે જે માનવજાતિનું હજી વધુ ઉજ્જ્વળ ભવિષ્ય નિર્માણ કરશે. × × રાષ્ટ્રીય ધર્મગ્રંથ ગણાવામાં જે જે નિયમો જરૂરી છે તે બધા ભગવદ્‌ગીતામાં મળે છે; એટલું જ નહિ પણ ભાવી વિશ્વધર્મનો એ એક સર્વોત્કૃષ્ટ ધર્મગ્રંથ છે.

વિલ્હેલ્મ ફાન હુમ્બોલ્ટ (એક મહાન જર્મન):—સંસારમાં જેટલા ગ્રંથો છે તેમાં ક્યાંય ગીતા જેવા સૂક્ષ્મ ને ઉન્નત વિચારો મળતા નથી. (દુનિયાના સૌથી વધુ વાંચવા યોગ્ય ગ્રંથ તરીકે જર્મનીમાં પણ ગીતા સૌથી વધુ વંચાય છે.)

મહેરબાબાજી—ભગવાન શ્રીકૃષ્ણ હિંદુજાતિમાં જન્મવાથી ગીતાને લોકો હિંદુઓનોજ ધર્મગ્રંથ માને છે; પરંતુ વાસ્તવમાં આ ગ્રંથ સમસ્ત માનવજાતિનો છે.

ચીની અનુવાદક—શ્રીકૃષ્ણના જ્ઞાન ઉપર આ મહાત્મા એટલો આસક્ત હતો કે તે રોજ વાંચીને ત્રણ ચાર વાર પ્રેમરુદન કરતો; અને ચીનાઓએ તો એનુંજ નામ "કિષનજી" પાડી દીધું હતું; તથા અત્યારે એનું મૂળ નામ તો ત્યાં કોઈ પણ જાણતું નથી.

વૉરન હેસ્ટિંગ્સ—કોઇ પણ જાતિને ઉન્નતિના શિખરે ચઢાવવામાં ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે

મહાન અકબરનો પૌત્ર દારા—મારામાં ગીતાનાં પૂરનાં વખાણ કરવાની શક્તિ નથી.

મહાત્મા ગાંધીજી:—એક વાર મારો અંતકાળ પાસે આવેલો જણાયો ત્યારે ગીતા મને અદ્ભુત આશ્વાસનરૂપ થઇ હતી. × × × જ્યારે જ્યારે હું બહુ ભારે મુશ્કેલીઓથી ઘેરાઇ જાઉં છું ત્યારે ત્યારે હું ગીતામાતાના પાસે દોડી જાઉં છું અને એમાંથી મારું સમાધાન ન થયું હોય એવું કદી બન્યું નથી.

સ્વામી વિવેકાનંદજી—'શ્રીમદ્ભગવદ્ગીતા' એ ઉપનિષદ્‌રૂપી બગીચાઓમાંથી વીણી કાઢેલાં આધ્યાત્મિક સત્યરૂપી પુષ્પોથી ગુંથેલો સુંદર છટી [illegible] છે

ભગવાન જ્ઞાનેશ્વર—[illegible] વેદોના [illegible] સ્પષ્ટ [illegible] હોવાથી તે [illegible] છે [illegible] વેદોમાં જ [illegible] છે. × × [illegible] ગીતા [illegible] તેણે [illegible] માટે [illegible] × × ગીતારૂપે [illegible] અને [illegible] [illegible] છે; માટે તેમનો [illegible]

કરાવવો, એ તો–એ પણ–સર્વ સજ્જનોનો મુખ્ય ધર્મ છે.

ભગવાન શંકરાચાર્ય—गेयं गीतानामसहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रम् । नेयं सज्जनसंगे चित्तं देयं दीनजनाय च वित्तम् ॥

ભાવાર્થઃ–દુઃખમાત્રની આત્યંતિક નિવૃત્તિ અને સચ્ચિદાનંદમય પરમ સુખની નિત્યપ્રાપ્તિ માટે **ગાન તો** માત્ર ગીતાજીનું અને વિષ્ણુસહસ્રનામનું ગાવા–ગવરાવવા યોગ્ય છે; **ધ્યાન તો** વારંવાર શ્રીપતિનું ધરવા યોગ્ય છે; **ચિત્ત** તો સાચા સાધુજનોના સંગમાં પરોવવા યોગ્ય છે અને **વિત્ત તો** દીન–દુઃખીઓને આપવા યોગ્ય છે.

મહર્ષિ વ્યાસ–गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः । या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृता ॥

ભાવાર્થઃ–સ્વયં વિષ્ણુ ભગવાનના મુખારવિંદમાંથી નીકળેલા ગીતાશાસ્ત્રને ગાવા અને પાળવા જેવું મહાફળદાયક પરમ કર્તવ્ય હોવા છતાં અન્ય શાસ્ત્રોની ગડમથલમાં પડવાની શી જરૂર છે?

गीता मे हृदयं पार्थ गीता मे सारमुत्तमम् ।
गीता मे ज्ञानमत्युग्रं गीता मे ज्ञानमव्ययम् ॥
गीता मे चोत्तमं स्थानं गीता मे परमं पदम् ।
गीता मे परमं गुह्यं गीता मे परमो गुरुः ॥

અર્થાત્ ગીતા એ મારું હૃદય છે; ગીતા મારો ઉત્તમ સાર છે; ગીતા મારું અતિ ઉગ્ર જ્ઞાન છે; ગીતા મારું અવિનાશી જ્ઞાન છે; ગીતા મારું શ્રેષ્ઠ નિવાસસ્થાન છે; ગીતા મારું પરમ પદ છે; ગીતા મારું પરમરહસ્ય છે અને ગીતા મારો પરમ ગુરુ છે." **ભગવાન શ્રીકૃષ્ણ**

૫૦–ગીતા ગ્રંથના ઉપયોગ અને લાભ

ખરેખર ગીતાના જેવો દિવ્ય સંદેશ પહોંચાડનારો ગ્રંથ આજ સુધી બીજો નથીજ રચાયો. ગીતાના સંબંધમાં માનવજાતિએ એટલી બધી આલોચના–પ્રત્યાલોચના કરી છે કે જેટલી આજસુધી બીજા કોઇ ગ્રંથની થઈ નથી. ગીતાના કેવળ અંતરંગ રૂપ ઉપરજ એટલું બધું લખાયું છે કે જો તે બધાનો સંગ્રહ કરવામાં આવે તો મહાભારત જેવડા કેટલાય ગ્રંથ ભરાઇ જાય.

ગીતાના કાવ્યમાધુર્ય ઉપર કવિ વિમુગ્ધ થાય છે તો ગીતાના **સાર્વભૌમ નીતિશાસ્ત્ર** ઉપર નીતિજ્ઞ ગળગળો થઇ જાય છે. ગીતાના **નિષ્કામ કર્મયોગ** ઉપર કર્મયોગી આફરીન થાય છે અને ગીતાની વીર વાણી ઉપર દૃઢપ્રતિજ્ઞ માનવી આસક્ત થાય છે. કોઈ ગીતાને **જ્ઞાનનો સાગર** કહે છે તો કોઇ તેને **ઉપનિષદોનું હૃદય** કહે છે. કોઈ એને **કર્મયોગશાસ્ત્ર** કહે છે તો કોઇ ભક્તિસૂત્ર કહે છે. વાસ્તવમાં ગીતા એ નટવર શ્રીકૃષ્ણચંદ્રની એક એવી અલૌકિક ઝોળી છે અને એવું સ્વર્ગનું કલ્પવૃક્ષ છે કે જેના વડે માનવી જે કંઇ જોઇએ તે મેળવી શકે છે. જો એમ ન હોત તો ગીતામાંથી લોકોની ભિન્ન ભિન્ન રુચિ અનુસાર કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, પ્રવૃત્તિ, નિવૃત્તિ વગેરે ચિત્રવિચિત્ર ફળો ક્યાંથી નીકળી શકત?

એક દિવસે રોમન જાતિનું નામ સાંભળતાં યુરોપની જાતિઓ બીંજાયલી બિલાડીની પેઠે ધ્રૂજતી હતી. એક સમયે બેબીલોનિયનોના ડરથી યુરોપિયનો થર થર કંપતા હતા. એક જમાનામાં યુરોપ, એશિયા અને આફ્રિકામાં ઇજીપ્શિયનોનો દમામ ચાલતો હતો અને એક કાળમાં ગ્રીકોની ધાક સમસ્ત યુરોપમાં ફેલાઇ ગઇ હતી; પરંતુ એ બધી જોરાવર જાતિઓ કાળરૂપી સમુદ્રમાં ક્યાંની ક્યાંય વિલીન થઇ ગઇ અને આ હિંદુજાતિ–કે જે કાર્થેયન, ગ્રીક, શક, કિરાત અને ત્રિવિષ્ટપ(તિબેટ)માંની આગલી જાતિઓથી ઘણા કાળ પહેલાં

ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રમાં સુરસ શ્રુતિમંત્રોની લહરિમાં અવગાહન કરતી હતી તે-આજપર્યંત ટકી રહી છે એનું શું કારણ? અમારા અભિપ્રાય પ્રમાણે એનું જબરદસ્ત કારણ તેનું સર્વોત્તમ સાહિત્ય (અને તેનો પ્રચાર તથા પાલન) છે. વળી આ વાત પણ સત્ય છે કે, એ મહાન સાહિત્યનું મંથન કરીને તેનું હૃદય ગીતામાં યોગેશ્વર શ્રીકૃષ્ણચંદ્રે એવી અજબ અને સુંદર રીતે ગોઠવી દીધું છે કે એના જેવો હિંદુજાતિની પ્રતિષ્ઠા અને મહત્તાનો સર્વત્ર પ્રચાર કરનારો બીજો એક પણ ગ્રંથ સમગ્ર સંસારમાં નથી.

આજે હિંદુજાતિ ગુલામ છે, દરીદ્ર છે, છિન્નભિન્ન છે અને ધૂર્ત જાતિઓ તો તેને "કપિલા ગાય" જેવી ભલી અને ભોળી માને છે; પરંતુ જ્યારે એ કપિલા ગાય-એ હિંદુજાતિ-ગીતાની અભય વાણી તરફ કાન માંડે છે ત્યારે તેઓ એને ભૂખ્યા વાઘ જેવી ભયંકર લેખે છે અને તેમનાં એકે એક ગાત્ર ઢીલાં ઢફ થઇ જાય છે! જ્યારે એ જાતિઓ જુએ છે કે, એ ગરવી ગીતાના અનુવાદ ફૈઝીએ ફારસીમાં, [illegible] અરબીમાં, શ્લેગલે લેટિનમાં, વિલ્કિન્સે [illegible], બર્નુફે ફ્રેન્ચમાં, લાસિંજરે જર્મનમાં, [illegible] ગેલીએ ઇટાલિયનમાં અને ટોમ્સન, આર્નોલ્ડ, ડેવિસ, બીસેન્ટ તથા ચાર્લ્સ વિલ્કિન્સને અંગ્રેજી ભાષામાં કરીને ઘણીખરી [illegible] જાતિઓમાં આ મહાધર્મશાસ્ત્રનો પ્રકાશ ફેલાવવા પ્રયત્ન કર્યો છે ત્યારે એ જાતિઓ શરમાઇ જઇને હિંદુજાતિને મસ્તક નમાવે છે અને તેને આદિગુરુ, આદિસભ્ય, આદિવીર, આદિનીતિજ્ઞ અને આદિશાસક ગણે છે. [illegible] ગીતાના અનુવાદની ભૂમિકા [illegible] હિંદના વાઇસરૉય વૉરન હેસ્ટિંગ્સ સાહેબે લખી છે તેમાં તેમણે જણાવ્યું છે કે "કોઇ પણ જાતિને ઉન્નતિના શિખરે ચઢાવવામાં ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે." [illegible] ગીતાના પુસ્તકને [illegible] સમગ્ર હિંદના સાહિત્યમાં સર્વોત્તમ [illegible] હિંદની સર્વશ્રેષ્ઠ સામગ્રી [illegible]

અનુભવની સૌથી મહાન સંપત્તિ માનતો હતો. જ્યારે તે ગીતાનો "सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि" એ શ્લોક વાંચતો ત્યારે તેનું આખું શરીર પુલકિત થઈ જતું; તેનું હૃદય નાચી ઉઠતું અને તે કલાકોના કલાકો સુધી આનંદાશ્રુ વહાવતો! તે પોતાના ગીતા પુસ્તકને ઇષ્ટની મૂર્તિ સમાન ગણતો અને તે પુસ્તક હજી-સુધી ન્યુયૉર્કની એક લાયબ્રેરીમાં સુરક્ષિત છે. ચીની ભાષામાં ગીતાનો અનુવાદ કરનાર ચીનો માણસ તો શ્રીકૃષ્ણના જ્ઞાન ઉપર એટલો બધો મુગ્ધ હતો કે તે દરરોજ તેનું વાચનમનન કરીને ત્રણ ચાર વાર પ્રેમરુદન કરતો હતો. ચીનાઓએ તો એનું નામજ કિશનજી (કૃષ્ણજી) પાડી દીધું હતું. અને હજી પણ ત્યાં તે એજ નામથી ઓળખાતો હોઇ તેનું અસલ નામ ભુલાઈ ગયું છે!

બાલી અને જાવા બેટમાં ગીતાના કેટલાયે ગદ્યપદ્ય અનુવાદ છે અને ફિલ્મોમાં ગીતાનાં બધાં દૃશ્યો દેખાડવામાં આવે છે. આ વિશાળ ભારતમાં તો વેદો કરતાં પણ ગીતાની પ્રતિષ્ઠા વધારે છે.

આપણે ત્યાંની તો વાતજ જુદી છે. અહીં તો જેણે ગીતા ઉપર કંઇ પણ લખ્યું ન હોય તે સમર્થ આચાર્યજ ગણાતો નથી. કેમકે તેમનો કોઇ પણ મત કે સિદ્ધાંત એવો હોતો નથી, કે જેનું તેમણે ગીતાથી સમર્થન ના કર્યું હોય. એજ કારણથી અદ્વૈતવાદી શંકરાચાર્ય, વિશિષ્ટાદ્વૈતવાદી રામાનુજાચાર્ય, વિશુદ્ધાદ્વૈતવાદી વલ્લભા-ચાર્ય, દ્વૈતવાદી મધ્વાચાર્ય અને દ્વૈતાદ્વૈતવાદી નિમ્બાર્કાચાર્ય વગેરે એ અને તેમના અનુયાયીઓએ ગીતા ઉપર એટલાં ભાષ્યો, વ્યાખ્યા-ઓ, વૃત્તિઓ, વિવૃત્તિઓ, ટીકાઓ, ટિપ્પણીઓ, આલોચનો, રહસ્યો અને વિવરણો સંસ્કૃતમાં લખ્યા છે કે એ બધું જો કોઈ વાંચવા માગે, તો તે પાછળ બે-ચાર જન્મ ગાળવા પડે! આ સાંપ્રદાયિક વિવેચનો ઉપરાંત ગીતા ઉપર સેંકડો સ્વતંત્ર વ્યાખ્યાગ્રંથો પણ સંસ્કૃતમાં લખાયા છે. ભારતની પ્રાકૃત ભાષાઓમાં પણ શ્લોકાનુવાદ, ભાવાનુવાદ, છાયાનુવાદ, આલોચના, અંતરંગ વિવરણ અને બહિરંગ સમાલોચનાના અગણિત ગ્રંથો નીકળ્યા છે. એમાં લોકમાન્ય તિલક,

હીરેન્દ્રનાથ દત્ત અને અરવિંદ ઘોષના ગ્રંથો સર્વોત્તમ ગણાય છે.

તુલસીકૃત રામાયણ સિવાય ભારતની કોઇ પણ ભાષામાં એવો કોઈ પણ ગ્રંથ નથી કે જેનો ગીતા જેટલો પ્રચાર હોય. પ્રત્યેક ધર્મપ્રેમી હિંદુ તેનો નિત્યપાઠ કરે છે. મરણ વખતે પણ ગીતોપદેશ સંભળાવવાની અત્યંત પ્રાચીન પરિપાટી આપણે ત્યાં છે. વધારે તો શું, ભારતના જડચેતન સર્વમાં ગીતોપદેશના સંસ્કારો ભર્યા પડ્યા છે. અલબત્ત તે અવ્યક્ત છે, વ્યક્ત નથી; સૂતેલા છે, જાગ્રત નથી.

ગીતાના આ દિવ્ય કિંતુ અવ્યક્ત અને સૂઇ રહેલા ઉપદેશને વિકાસ અને જાગૃતિના નવીન સ્વાંગ સજાવવા એ હિંદુજાતિનું હાલનું પરમ આવશ્યક કર્તવ્ય છે. આપણે તો ગીતાજ્ઞાન માત્ર વાંચીએ છીએ; તેનો સદુપયોગ કરવાનું જાણતા નથી. આપણે "निर्वैरः सर्व भूतेषु" નો પાઠ કરીએ છીએ પણ ઘરમાં તો વેરઝેરના દાવાનળ સળગતા હોય છે! આપણે "युध्यस्व विगतज्वरः" નું રટણ કરીએ છીએ પણ ધર્મ અને જાતિની રક્ષાર્થે રણાંગણમાં કૂદી પડતાં ડરીએ છીએ! આપણે "क्लैब्यं मा स्म गमः पार्थ"નું પારાયણ કરીએ છીએ પણ મા-બહેનોની આબરૂ લૂંટાતી જોવા જાણવા છતાં નપુંસકતાજ દર્શાવીએ છીએ! આપણે "सुखिनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम्" નો દમ મારીએ છીએ; પણ દેશની સ્વાધીનતાના સંગ્રામમાં નાગી તલવારોની ધારો ઉપર નાચતાં ડરીએ છીએ! આપણે "क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप"ની બુલંદ ગર્જના કરીએ છીએ પણ વ્યવહારમાં તો હીજડાઓની પેઠે માર જ ખાયા કરીએ છીએ! આપણે "नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः" ની બડાઇ હાંક્યા કરીએ છીએ પણ ધર્માત્માઓના તનતોડ પરિશ્રમ છતાયે આત્મબળ ખીલવીને સંસારને ચકિત કરી શકતા નથી!

ગીતાનો નિત્યપાઠ કરો; તેને સમજો અને તે પ્રમાણે આચરણ કરો. જો તમે એ પ્રમાણે કરો; જો ગીતાનો વ્યાવહારિક ઉપયોગ કરો; તો તો એનો એકાદ શ્લોક પણ તમારી નસોમાં ચેતના જગવવાને પૂરતો છે. ગીતાનો એક એક શબ્દ અભયવાણીનો એક

એક એવો ગજબ નમુનો છે કે જો આ અજાય વાણીનો ભક્ત આદરી બેસે તો કૃતાંત કાળને પણ ધૂળભેગો કરી શકે તો પછી મનુષ્યોના તે શા હિસાબ? હકીકત આવી હોવાથી પ્રત્યેક દેશાભિમાનીએ આ અજાય વાણીને પોતાના હૃદયપટ ઉપર સુવર્ણાક્ષરે લખી લેવી જોઇએ. હિંદુ સંગઠનના નશામાં મસ્ત રહેનાર વ્યક્તિઓએ એવો પ્રખર પ્રયત્ન કરવો જોઇએ, કે જેથી પ્રત્યેક હિંદુગૃહમાં આ અજાય વાણીનું—આ ગીતોપનિષદનું રટણ રામનામની પેઠે થયા કરે. જેઓ સંસ્કૃતમાં ગીતા સમજી શકતા નથી તેઓ પોતાની માતૃભાષામાં વાંચે; અને જેઓ વાંચી જાણતા નથી તેઓ બીજા પાસે વંચાવીને સાંભળે. આ રીતે જે દિવસે બધા હિંદુઓ ગીતાભક્ત થઇ તેનો વ્યાવહારિક ઉપયોગ કરશે; અથવા કરવા માટે હિંદુજાતિ સમક્ષ જાગૃતિનો શંખનાદ ગજવશે; તે દિવસે આ ભૂમંડળમાં એવી કોઇ પણ જાતિ નહિ રહે કે જે આપણી સામે આંખ પણ ઉંચી કરી શકે! જે દિવસે આપણે ધર્મરક્ષણ અને દેશાભિમાનને ખાતર વીરવ્યાઘ્ર અર્જુનની પેઠે ત્રિલોકવિજયી ગાંડીવનો વિજયટંકાર કરીશું તે દિવસે આ સંસારમાં એવી કયી પ્રબળ શક્તિ છે કે જે ઘુંટણીએ પડીને શિર નમાવે નહિ? ગીતાસિદ્ધાંતના પાયા ઉપર જે દિવસે આપણે સંગઠન કરી લઇશું તે દિવસે વિશ્વની પ્રભુતામત્ત શક્તિઓ પણ ધ્રૂજી ઉઠશે અને ભયંકર કૃતાંત કાળ પણ કંપી ઉઠશે.

(કલકત્તાના "હિંદુપંચ" ઉપરથી સારાનુવાદ)

५१—आंखनुं भक्षण करवानो उपाय!

ચ્યાસતેલનું કાજળ—કવિરાજ પ્રતાપસિંહજી, હિંદુ વિશ્વવિદ્યાલય કાશીના "આજ" પત્રમાં લખે છે કે:—ભારતવર્ષમાં પ્રાચીનકાળથી સ્ત્રીઓમાં [illegible] શૃંગારરૂપે તથા આંખના રક્ષણ માટે અંજન કરવાની રીત ચાલી આવે છે. આજકાલ શાસ્ત્રીય પદ્ધતિ મોજુદ હોવા છતાં શહેર તેમજ ગામડામાં વસનાર સ્ત્રીઓ પોતાની તેમજ પોતાનાં બાળકોની આંખમાં દરરોજ કાજળ આંજે

છે. અત્યારસુધી તો એ કાજળ આ દેશની જૂની રીત પ્રમાણે ઘી, સરસવનું તેલ, તલનું તેલ, એરંડિયું તેલ, નાળીએરનું તેલ વગેરે માંથી ગમે તે તેલના દીવા વડે કાજળ બનાવીને વાપરવામાં આવતું હતું, અને તે કાજળ કાંસાના કે માટીના પાત્રમાં એકઠું કરવામાં આવતું અને તેનો ઉપયોગ સ્ત્રીઓ હમેશાં કરતી. કેટલાંક પુરુષો સુરમાનો પણ ઉપયોગ કરે છે. આ સુરમો સીસાની ધાતુને પીસીને બનાવવામાં આવે છે. આ સુરમામાં આ વખતે બરેલીનો સુરમો વખણાય છે અને પ્રસિદ્ધ છે, પરંતુ સુરમો વાપરવાનો વધુ રિવાજ મુસલમાન જાતિમાં દેખાય છે. શોખીન વૃત્તિના હિંદુ ભાઈઓ પણ સુરમાનો ઉપયોગ કરે છે, પણ તેમની સંખ્યા બહુજ થોડી છે. નવીન સભ્યતાના કારણે દેશમાં કેટલીક નવી ચીજો વપરાવા લાગી છે અને તેનું પ્રમાણ પણ વધતું જાય છે. કેરોસીન તેલ-ગ્યાસતેલ-જેને માટીનું તેલ કહેવામાં આવે છે તે પણ એમાંની એક વસ્તુ છે. શહેરોમાં તો પ્રકાશ આપવાનું કામ વીજળીએ લઈ લીધું છે, પરંતુ ગામડાંઓમાં આ માટીના તેલનો (કેરોસીનનો) ઉપયોગ પ્રતિદિન વધતોજ જાય છે! જે ચીજ છૂટથી અને વધુ વપરાય છે તેના ઉપયોગ સાથે તેનો દુરૂપયોગ પણ થવા લાગે છે. સ્ત્રીઓ કાજળ પાડે છે. તેઓ કયારેક કયારેક આ કેરોસીન તેલને સામાન્ય તેલ સમજી તેનું કાજળ બનાવી વાપરે છે! અને તેનાથી થતી હાનિ જીંદગીભર ભોગવી રહે છે. મારા ઘરમાં મારી માતાજીને આંખની દુર્બળતાને લીધે હમેશાં કાજળ આંજવાની ટેવ હતી. એક દિવસે નોકરાણીએ માટીના તેલનું (કેરોસીનનું) કાજળ બનાવી તેની આંખોમાં આંજી દીધું! પરિણામ એ આવ્યું કે, તેથી આંખો સૂજી ગઇ! અને તેમાં એવો તો કોઇ વિચિત્ર પ્રકારનો દાહ થઈ ગયો કે જેની અનેક પ્રકારે ચિકિત્સા કરવા છતાં શાંતિ નજ થઇ. જીંદગી સુધી આ દાહ અને તેની પીડા ભોગવીજ રહી.

(જૂન-૧૯૩૨ના "આરોગ્યસિંધુ"માંથી)

५२–वींछीना केटलाक उपाय

૧–વિંછી ડંખે તે જગાએ મીઠું ઝીણું વાટી ઘસવાથી નહિ ચઢે.

૨–માણસના નખ તથા સોપારીનો ભૂકો બીડીમાં પીવાથી અથવા કરોળીઆનું પડ ચલમમાં પીવાથી વિંછી ઉતરે છે.

૩–નાગરવેલનાં બે પાનમાં ચપટી ચપટી મીઠું નાખી ચાવી જવાથી વિંછી ઉતરે છે.

૪–ડંખ ઉપર મધ ઘસવાથી ફાયદો થાય છે.

૫–જાંબુડાનાં પાન, પાકાં કેળાં અથવા ડુંગળીને વાટી લુગદી બાંધવાથી ઝેર ઉતરે છે.

૬–આંબલીનો કચૂકો ઘસી ધોળો થાય ત્યારે ડંખ ઉપર ચોડી દેવાથી તે ઝેર ચૂસી ખરી પડશે.

૭–તુલસીનાં પાન ચાવી કાનમાં ફૂંકવાથી વિંછી ઉતરશે.

૮–પાશેર પાણીમાં ત્રણેક તોલા મીઠું વાટીને નાખવું અને ખૂબ હલાવી તે પાણી ગાળીને શીશીમાં ભરી રાખવું. આ પાણીમાં રૂનું પોલિયું ભિંજવીને વિંછીના ડંખ પર મૂકી દેવું તથા વિંછી ચઢ્યો હોય ત્યાંસુધી એજ પાણી ચોપડી જમણા હાથ વડે ઉપરથી નીચેની બાજુ તરફ જરા ભાર દઇને ઘસવું તથા થોડુંક ૨ શીશીના પાણીમાં ઘાલીને વિંછી જે બાજુ કરડ્યો હોય તેની સામેની બાજુના નાકમાં જોરથી તેમાંનું પાણી સુંઘાડવું તથા એજ (બીજી બાજુના) કાનમાં એ શીશીમાંનું પાણી થોડુંક નાખવું. આથી પણ મટે છે.

૯–હીંકરામાં થોડા અંગારા ઉપર હળદરની ભૂકી ભભરાવી તેનો ધૂમાડો કરડેલા અંગની સામેના નાકમાં જોરથી સેરડાવવો.

૫૬–સોનેરી વચનો

(સ્વામી ભાસ્કરાનંદ અને ગોસ્વામી વિજયકૃષ્ણના ચરિત્રના આધારે)

દીનદુઃખીઓનાં દુઃખ જોઈ ગોસ્વામીજીનું હૈયું રડી ઉઠતું. પણ બીજી તરફ જ્યારે ધર્મને નામે ધતિંગ, સત્યની અવગણના અને સત્તાનો દુરૂપયોગ થતાં જુવે ત્યારે તેમનો પુણ્યપ્રકોપ પણ તેટલાજ જોરથી ઉછળી આવી તેમનું હૈયું વજ્રથી પણ કઠણ બની જતું. સત્યની બાબતમાં ગોસ્વામીજીને બાંધછોડની નીતિ ગમતી નહિ. સિદ્ધાંતનો ભંગ તો તેઓ જરા પણ સાંખી શકતા નહિ. પછી ભલેને સામો માણસ કોઇ સત્તાધીશ, સ્નેહી કે સંબંધી હોય. કર્તવ્યપાલન કરતાં ગમે તેવાં સંકટ આવે તેને તેઓ હર્ષભેર વધાવી લેતા. અસત્ય અને અન્યાય સામે તેઓ વીરની પેઠે લડતા. રામાયણમાં મહાકવિ વાલ્મીકિ શ્રીરામચંદ્રના ગુણ વર્ણવતાં કહે છે કે:—

वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।
लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ॥

અર્થાત લોકોત્તર વ્યક્તિઓનાં–મહાપુરુષોનાં–હૃદયને કોણ સમજી શકે? કેમકે તેઓ અવસ્થાભેદે ક્યારેક તો કુસુમથીયે કોમળ જણાય છે તો ક્યારેક વજ્રથી પણ કઠોર જણાય છે!!

× × × ×

કેટલાકે તો વ્યભિચારને પણ ધર્મ તરીકે ઠોકી બેસાડ્યો છે. જ્ઞાનપ્રકાશ વગર આ દુરાચારરૂપી અંધકારનો નાશ થાય તેમ નથી. દુકાળમાં ભૂખ્યાઓને અન્નદાન આપવામાં ન આવે કે મહારોગમાં માંદાઓની માવજત કરવામાં ન આવે તેને કેટલાક નિર્દયતા ગણે છે; પણ અજ્ઞાનાંધકારમાં ગોથાં ખાતા લોકોને વ્યભિચાર, અને કુકર્મોના ખાડામાં પડ્યા રહેવા દેવા તેને કોઇ નિર્દયતા કહેતું નથી. ભૂખ્યાં-તરસ્યાંને તથા દીનદુઃખીઓને અન્નદાન વગેરે આપવું, તેમ રોગીઓની સેવા-ચાકરી કરવી એ પણ પરોપકાર તો છેજ; પરંતુ અજ્ઞાનાંધકારમાં ભટકતા લોકો કે જેઓ દુરાચારમાં સડ્યા કરે છે તેમને ત્યાંથી બહાર કાઢી જ્ઞાનપ્રકાશમાં લાવવા, એ સર્વોત્તમ પરોપકાર છે. દુનિયામાં એનાં જેવી ઉત્તમ દયા બીજી નથી.

૫૭–સોય જેવા બનો, કાતર જેવા નહિ.

(લેખકઃ–શ્રી. મસ્તફકીર)

તમે આ નિરીક્ષણ કર્યું છે કે? તમારે ત્યાં લગ્નપ્રસંગ જેવો કોઈ શુભ પ્રસંગ આવવાનો હોય, ઘરનાં બૈરાંછોકરાં અને એ પ્રસંગ પર બહારગામથી આવેલાં નજીકના સગાના લુગડાંઓ સીવવા ઘેર દરજીને બેસાડ્યો હોય, એ જેરામ મેરાઈ દરરોજ સવારે પોતાના કામ પર ચડવા તમારે ત્યાં આવે ત્યારે જ્યાં તેનો સીવવાનો સંચો પડ્યો હોય ત્યાં આગળ આવતાં હાથમાંથી કાતર અને ગજને ધબ દઈને નીચે પડતી મૂકે અને સોયને પોતાની મોટી જેવી પાઘડીમાં ચઢાવી દે. આટલી ક્રિયા કર્યાં પછી જ દરજી તેને જેમ ફાવે તેમ કપડાં સીવવા માટે નીચે સાદડી પર કે સંચા સામે ખુરશી પર બેઠક લે.

આ દશ્ય જોઈ કોઈને પ્રશ્ન થાય કે દરજીની કળામાં, કપડાં સીવવા માટે સોય અને કાતર બંનેની સરખી ઉપયોગિતા છે. છતા એક શિર પર સ્થાન મેળવે છે, જ્યારે બીજીને ભુમિ પર શા માટે ફેંકવામાં આવતી હશે? નાણાની નજરે વસ્તુની કિંમત ગણીએ તો સોય કરતાં કાતરની કિંમત ઘણીજ વધારે હોય છે. ત્યારે એકનું સન્માન અને બીજીની અવગણના શા સારૂ? એક ચબરાક દરજીને મેં આ પ્રશ્ન પુછતાં તેણે જે પ્રત્યુત્તર આપ્યો એ સાંભળીને હું તો છક્કજ થઈ ગયો. તેણે કહ્યું કે, કાતર તો કાપે છે. ભેગું હોય તેને જુદું કરે છે. એ આડી જાય તો વેતરી નાખે છે અને કપડાને બગાડે છે. અલબત્ત, દરજીના ધંધામાં જુદું પાડવાની જરૂર ખરી. કાપડના એક તાકામાંથી અનેક કટકાઓ બનાવવાની જરૂર ખરી, વસ્ત્રોને સુંદર પોશાકનું સ્વરૂપ આપવા માટે કાતરથી વેતરવાની જરૂર પણ ખરી; પણ એ કાતરની પાછળ કોઈ કુશળ કારીગરનો હાથ હોવો જોઈએ. સારા અને ઉપયોગી અ ઉપયોગ હાથથી કાતરનો ઉપયોગ થવો જોઈએ, જ્યારે સોય તો સારા કે નરસા કોઈના પણ હાથમાં જાય ત્યાં સાંધવાનું–એ જુદા કટકાને એકત્ર કરવાનું–કામ કરે છે.

સારા કુશળ હાથમાં સોય હોય તો સારું સંધાય, વસ્ત્રો સારાં સીવાય. ખબર ન પડે એ રીતે કુશળ દરજી સોયથી લૂગડાંમાં બખીઆ આપી વસ્ત્રોના બે ટુકડાને ભેગા કરવા છતાં એક અને આખું અને અખંડ વસ્ત્ર જાણે હોય એવું દેખાડી શકે. કાતર એક કાપનારી છે, જ્યારે સોય સાંધનારી છે એટલે એનું સન્માન છે. અને તે માટે અમે દરજીઓ સોયને અમારે માથે ચઢાવીએ છીએ.

× × × ×

દરજીના આ ખુલાસાથી હું વિચારના વમળમાં પડી ગયો. [illegible] વિચાર કરતાં મને લાગ્યું કે, માનવજીવનમાં જેઓ સાંધવાનું કામ કરતા હશે, તેને જનતા વધુ સન્માનતી હશે, અને જેઓ [illegible] ફાડવાનું, જુદા પાડવાનું, વેતરવાનું કામ કરતાં હશે તેને [illegible] હશે.

[illegible] એક સ્થળે કહી ગયા છે કે, હિંદના આર્ય [illegible] અને વીર યોદ્ધાઓ [illegible] હિંદના જુદી જુદી જાતોનું એકીકરણ [illegible] આ દેશની આર્ય પ્રજાએ [illegible]

[illegible]

હવી અને પૂજ્યા.

એજ પ્રમાણે એમના જમાનામાં શ્રીકૃષ્ણ મહાન યોદ્ધા, શિક્ષક અને મુત્સદ્દી હતા. ન્યાયને માર્ગે ચાલી તેમણે પાંડવોનો પક્ષ લીધો અને સત્તાના મદમાં ઘેલા બનેલા કૌરવકુળનું નિકંદન કરાવ્યું; ઉપરાંત ગરીબ ભરવાડો, ખેડુતો, ગોવાળો અને આમદી-ઓની સાથે ફરી તેણે સામાન્ય જનતામાં ચેતનાનો પ્રાણ પૂર્યો. હિંદમાં મહાન ચક્રવર્તી રાજાઓ થઇ ગયા જેવા કે ચંદ્રગુપ્ત, અશોક, સમુદ્રગુપ્ત, વિક્રમ એવા ઘણા થઇ ગયા છે; પણ એ રાજવંશીઓ ઉચ્ચ અને વિશુદ્ધ સામાન્ય જનતા પર તે માત્ર શાસનજ કરતા. એમની આસપાસ, એમના સાનિધ્યમાં રહેનારો જમાનો અધિકાર [illegible]

[illegible]

તેમને સ્વતંત્ર તંત્રનું વસ્ત્ર પહેરાવવાની તેમની અભિલાષા છે, પણ જાણી જોઇને આકું વેતરી ડૂગડુંજ બગાડે ત્યાં મિથ્યા ભલી અભિલાષા પર કોણ વિશ્વાસ રાખે વારૂ?

× × × ×

આપણે જરા ફિલસૂફીમાં ઘસડાઇ ગયા. હવે જરા સામાન્ય વાતો પર ઉતરીએ. દુનિયામાં કેટલાંક માણસો સોય જેવાં આવે છે. કજીયો થતો હોય ત્યાં લડનારાઓને શાંત પાડી મામલો ટાઢો પાડે. નાતમાં પણ તડાં પડી ગયાં હોય તો પોતે વચમાં પડી નાતીલાઓ વચ્ચે સંપ કરાવે. કોઇના ઘરમાં કલેશ થયો હોય તો ત્યાં પોતે ઘરનાં દરેક માણસને સાંત્વન આપી કલેશને ટાળે છે, જ્યારે કેટલાક માણસો કાતર જેવાં હોય છે. તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં કુસંપનાં બી વાવે છે. એકબીજાને લડાવી મારે છે, અને ચાડીચુગલી કરી ઘરમાં, ગામમાં, ઑફિસમાં, નાત કે જમાતમાં માણસોનું અરસપરસ દિલ કેમ ઉઠી જાય અને કેમ કજીયા, કંકાસ અને મારામારીરૂપી હોળી સળગે એ એમની દાનત હોય છે. આવાં કાતર જેવાં માણસ ઘણાં ભયંકર હોય છે પોતાની જાત માટે, અને પોતે જેની સાથે રહેતા હોય તેને માટે. અને તેથીજ આવાં કાતરીઆં માણસને જનતા ધિક્કારે છે. આખા દેશોના દેશોને યુદ્ધની આગમાં હોમનારી મહાન કાતરવ્યક્તિઓ જગતના ઇતિહાસની રંગભૂમિ પર નૃત્ય કરી ગઇ છે. પણ એમની મુરાદમાં એ ફાવ્યા પછી માનવસમાજ તરફથી શીરપાવમાં તો એવી વ્યક્તિઓને ખાસડાંજ મળ્યા હોય છે.

× × × ×

કેટલાંક બૈરાં પણ કાતર જેવાં હોય છે. એમની જીભ કાતરની માફક સડસડાટ ચાલે છે અને એ એમની જીભડીના પ્રતાપથી ઘણાં બિચારાં નિર્દોષોનાં ઘર ભંગાય છે. કાતર જેવી જીભવાળાં બૈરાં જીવતું નિંદાખાતું હોય છે. તેને આખા ગામની પંચાત હોય છે અને લોકો સુલેહ, સંપ, સંતોષ અને આનંદમાં રહે તે આ કાતરકૈશનનાં

એમને પસંદ પડતું નથી. કાતર જેવાં બૈરાં બોલવામાં ગમે તેવું વેતરી નાખે છે. માટે સમાજે આવી કાતરોથી ચેતવાની જરૂર છે.

સોય જેવી બહેનો હમેશાં સાસુવહુ વચ્ચે, ધણીધણીઆણી વચ્ચે સંપ અને સલ્લાહ કરાવવામાં આનંદ લે છે. આવી સોય-બહેનોને લોકો દેવી ગણી પૂજે છે.

("પ્રજામિત્ર કેસરી"ના એક અંકમાંથી)

५८–पुरोहितनुं वलिदान !

પુરોહિત—રાણાજી! તમને બન્નેને આ શું સૂઝયું? ક્ષત્રિયની તલવાર ભાઇ ભાઇના ગળા પર! હા! આ નરવીરોની ભૂમિનો આ શો અધઃપાત! રાણાજી! ચિતોડનું સત્યાનાશ વળી જશે. આ તલવારના ઘા ભાઇને ગળે નથી; એ ચિતોડને ગળે [illegible] દુશ્મનો ઝઝૂમી રહ્યા છે; ચિતોડ ઉપર ઘોર આફત લટકી રહી છે; આ વખત ભાઇભાઇનાં ગળાં કાપવાનો? પૃથ્વીરાજે અને જયચંદે લડીને આર્યાવર્ત ગુમાવ્યું, એ યાદ છે? યાદ કરો! તમારા પ્રતાપી પૂર્વજોનું વીરત્વ સંભારો! ચિતોડ તમારો મોંઘો વારસો છે. બલિદાન અને શિરસમર્પણની આ ભૂમિ ભારતની કીર્તિનો ખજાનો છે. ભાઇ ભાઇ કપાઇ મરશો, તો એની રક્ષા કોણ કરશે? એના રક્ષકો એકમેકના ટોટા પીસશે તો ચિતોડનું શું થશે? તમારી સમશેરો—તમારું વીરત્વ—તમારી શક્તિ શત્રુઓ સામે વાપરજો! ભાઇ ભાઇની આ તકરાર ચિતોડના નાશની ઘોર ખોદે છે. જો ચિતોડની દાઝ દિલે હોય, તો આ હાથ આ રીતે લોહીથી ખરડાતા બચાવો અને વેર ભૂલીને ભાઇએ ભાઇ ભેટો! આ બ્રાહ્મણના આશીર્વાદ છે કે...

સાકતસિંહ—ચિતોડ! અરે ચિતોડ તો હવે મોગલોનું છે. ગોરદેવ! એ વિદ્વત્તાના [illegible] ચંદીના માંડવામાં સંભળાવજો. સાકતસિંહ હવે આ વેર નહિ ભૂલે. કાં તો હું નહિ કે કાં તો આ મિથ્યાભિમાની પ્રતાપ નહિ. ચિતોડ જશે તો એવાને પાપે

જશે. આ અપમાન કરતાં ચિતોડ દુશ્મનનું થાય, એ શું બહેતર નથી? જાઓ, દૂર જાઓ; નહિતર તમે નાહક છુંદાઇ જશો.

(પુરોહિતને હડસેલે છે.)

પુરોહિત—અધધધ! આ શું સાંભળું છું? આ બ્રાહ્મણનું અપમાન? ઓ નરાધમ! લે, હું આ ઉભો! ચલાવ તારી એ પાપિણી તલવાર, આ ગળે ચલાવ! ક્ષત્રિયો ધર્મ ભૂલ્યા, જાત ભૂલ્યા, ટેક ભૂલ્યા, દેશ ભૂલ્યા, ત્યાં બ્રાહ્મણની જીંદગી શા કામની! હાય! રજપૂતાનાનો વિનાશ હવે અચૂક છે! ઓ ઉંચા આકાશ! તારા વજ્રનિપાતો વરસાવ! ઓ પ્રતાપી માર્તંડ! તારી આગની જ્વાલાઓ પ્રકટાવ! ઓ મેઘ! તારા પ્રલયથી આ ધર્મભ્રષ્ટ ભૂમિનો નાશ કર! ઓ ઉડુગણો! આ પતિત ભૂમિ ઉપર તૂટી પડો! ઓ દિગ્ગજો! આ હૃદયશૂન્ય માનવજાતિનો ભાર હલકો કરો! ઓ શેષ! તારી ફણા સળકાવ! ઓ દેવાધિદેવો! તમારાં આયુધોથી આ આર્યત્વવિહોણી ભૂમિને આસુરી તત્ત્વોથી ઉગારો! ઓ નવખંડ પૃથ્વીને વિંટાયેલા અપાર રત્નાકર! તારાં અમાપ જળમાં આ અધર્મી જાતિને સમાવી દે! તપસ્વીઓની યોગસમાધિશા, માનવલોક અને સ્વર્લોકની સીડીશા ઓ ધુર્જટિ હિમાદ્રિ! તારી અચલતા ટૂંક અને આ અત્યાચાર, કર્મ અને ધર્મભ્રષ્ટ મનુષ્યો ઉપર તૂટી પડ! ઓ કૈલાસવાસી ત્રિપુરારિ! તમારૂં ત્રીજું લોચન ખોલો અને ભારતમાંથી અધર્મને બાળીને ભસ્મ કરી નાખો! નથી—નથી—ભારતમાં હવે આર્યત્વ નથી, ક્ષત્રિયોમાં ક્ષત્રિયત્વ નથી, બ્રાહ્મણોમાં બ્રહ્મત્વ નથી, આર્યત્વનાં ઓજસ નથી! જે ભૂમિમાં નરરત્નો પાક્યાં, તે ભૂમિમાં પથરા નીકળ્યા! જે આર્યબાળાને-સતીને ખોળે વીર કેસરી ધર્મમૂર્તિ અમર પુરુષો જન્મ્યા, તે ખોળે આજ [illegible] જન્મ્યા! ઓ સતીઓ—ઓ શૂરી ક્ષત્રાણીઓ ચોધાર આંસુડે રડો છો! [illegible] ભારતની આ [illegible] દશાને માટે દેવ સભાગામી દેવ-દેવીઓ આજે લાજે છે! હા! ભારત એના [illegible] [illegible] થયું. આજે એક [illegible] કરો, પણ [illegible]

એકના અનેક તમારે પાપે આ ભૂમિમા ઉભરાશે! અને જે પ્રતાપ અને શક્તસિંહ કપાઇ મરશે, પણ યાદ રાખજો કે, એ આગ સમસ્ત ભારતમાં, ગામોગામમાં અને ઘેરઘેર સળગશે! અને ભાઇ ભાઇના વિનાશના એ દાવાનળમાં આ પ્રાચીન ભૂમિના પુરુષાર્થ, ધર્મ અને સંસ્કૃતિનો નાશ થશે. ઓહ! આ મારાથી નથી જોવાતું! ચિતોડની ભસ્મ ચોળીને, ચિતોડની ધૂળ માથે ચઢાવીને, ચિતોડના કાંકરાની શિવપૂજા કરીને, ચિતોડની રિદ્ધિસિદ્ધિના અભિલાષ સેવને હું મોટો થયો, એ આશાઓના આજે ચૂરેચુરા થઇ ગયા! બસ! હવે હદ થઇ! તમારામાંથી એક મરે તે પહેલા હું આ ભૂમિનો ત્યાગ કરીશ. (પુરોહિત પોતાના શરીરમા ખંજર ભોકી દે છે.)

(તા. ૫-૩-૧૯૨૭ના "પ્રતાપ"ના મુખપૃષ્ઠપરથી)

૫૯–गुरु गोविंदसिंहनो संदेश

(શ્રી. ટી. એલ. વાસ્વાનીના "પ્રચારક"મા છપાયેલા ભાષણ ઉપરથી)

અમને એક બિમારી લાગુ પડી છે અને તે ભૂલી જવું-તે છે. અમે પોતાને ભૂલી ગયા. અમારા ઐતિહાસિક વીરોને ભૂલી ગયા અને આપણી જાતિના આદર્શોને ભૂલી ગયા.

હું બધા ધર્મો અને બધી જાતિઓનું સન્માન કરૂં છું: પણ નમ્રતાની સાથે મારૂં કહેવું એ છે કે, સભ્યતા અને આદર્શવાદિતામાં ભારતના ઇતિહાસની બરોબર બીજા કોઇ દેશનો ઇતિહાસ નથી; ભારતનો ઇતિહાસ મને શાસ્ત્રોની સમાન પુનિત છે. તે મારે માટે પંચમ વેદ છે. તમારામાંથી કેટલા લોક એ જાણતા હશે? કેટલા પોતાના જીવનમા તેની કદર કરતા હશે?

ઇશુમના એક વારે એક સભામા બોલતાં ખેદની સાથે કહ્યુ હતું:–'હું સતાનહીન છું મારૂં હૃદય એટલા માટે દુઃખી છે કે જાતિસેવા માટે અર્પણ કરવા મને પુત્ર નથી' ઘણા યુવકોએ ઉઠીને એક દમ ઉત્તર આપ્યો:–'મહાશય! અમે આપના પુત્ર છીએ.' તમારામા-

થી કેટલા જણા ગુરુ ગોવિંદસિંહના પુત્ર થવા ઇચ્છુક છો?

કેટલાએક આવીને મને કહે છેઃ—'હવે તો આ દશ ગુરુઓની વાતો ભૂતકાળની થઇ ગઈ છે.' હું નમ્રતાપૂર્વક કહીશ કે, 'આ વાતો નાશ પામેલાં પુસ્તકોની નથી, પરંતુ જીવતી જાગતી ભરી છે.' ગુરુ ગોવિંદસિંહના જીવનમાં વર્તમાન ભારત માટે એક જવલંત અપીલ છે.

કેવું મહાન ચરિત્ર છે! ગુરુના જીવનને વાંચો! તેઓ પહાડ પર ધ્યાન કરે છે. આકાશવાણી થાય છેઃ—'પુત્ર! સંતોની રક્ષા અને પાપીનો નાશ કરો.'

ગુરુ ગોવિંદસિંહના કાળમાં ભારત પર ઔરંગઝેબ રાજ્ય કરતો હતો. તે ઘણી વિચિત્ર વ્યક્તિ હતી. તે શાકાહારી હતો. દારૂનો તિરસ્કાર કરતો હતો. વ્યક્તિગત જીવનમાં તે બહુ સાદો હતો. તે ભક્તિભાવથી કુરાન ભણતો; પરંતુ તેણે એ અનુભવ નહોતો કર્યો કે, ધર્મ બળથી નથી ફેલાતો, કારણ કે ધર્મ તો પ્રેમ છે.

અઢીસો વર્ષ પહેલાની વાતોને સાંભળીને મને આશ્ચર્ય થાય છે કે, ઔરંગઝેબદ્વારા કરાયેલા અનાચારો અને અત્યાચારોને હિંદુઓએ કેવા સહ્યા હતા!!! હિંદુસમાજમાં એ અદ્દભુત શક્તિ શા માટે છે? એણે ઘણું સહન કર્યું છે અને ઘણું જીત્યું છે. હિંદુસમાજની આ શક્તિ આજે દબાઇ ગઇ છે. વાસ્તવિક રીતે તમે કમજોર નથી, પણ તમારી શક્તિ કેદમાં છે. તે સાંકળોથી બંધાયેલી છે. આ સાંકળો ક્રૂર રિવાજોની છે, મિથ્યા અભિમાનની છે. આ સાંકળોને તોડી નાખો તો તમે હિંદુજાતિનો પુનરુદ્ધાર કરી શકશો.

જંજીરોને કોણ તોડશે? ગુરુ ગોવિંદસિંહ. જેમના સંબંધમાં તમારી સામે હું ભાષણ દઈ રહ્યો છું, તેમણે રાષ્ટ્રને બચાવવાને માટે પોતાનું સર્વસ્વ બલિદાન કરી દીધું. તેમણે પોતે પોતાના પિતાને પ્રજાને માટે બલિદાન કરવાનું કહ્યું. ગુરુએ પોતાના પિતાને કહ્યું કેઃ—'તમારા કરતા વધારે શ્રેષ્ઠ બીજું કોઇ નથી.' અને જ્યારે ગુરુ તેગબહાદૂરના શહીદ થવાના સમાચાર આવ્યા ત્યારે ગુરુ ગોવિંદસિંહને જરા પણ દુઃખ થયુ નહિ. વીરોના શબ્દકોષમાં 'ઉદાસી' શબ્દ છેજ નહિ. તેઓ કેવળ એકજ મંત્ર જાણે છે અને તે મંત્ર છે

શક્તિને. ગુરુ ગોવિંદસિંહ બહાદુર હતા. તેઓ પોતાના પિતાના મૃત્યુને ઈશ્વરીય ઉદ્દેશ્ય સમજતા હતા. તેમણે ગુરુ પામેથી ૯ વર્ષની ઉંમરમાં પોતાના ધર્મ અને રાષ્ટ્રની રક્ષા માટે તલવાર ધારણ કરી હતી. ગુરુ ગોવિંદસિંહે પિતાને જે વચન આપ્યાં હતાં, તે તેમણે પૂરાં કર્યાં. ગોવિંદસિંહ એક વીર યોદ્ધા હતા. તેમણે પોતાના આદર્શની રક્ષા માટે પોતાનું સર્વસ્વ અને છેવટે ચાર પુત્ર સુદ્ધાંને બલિદાન કરી દીધા.

પોતાના પાંચ પ્રિય ચેલાઓને ગુરુએ કહ્યું છે:–'પહેલાં મૃત્યુને સ્વીકારો, દરેકની રજ બની જાઓ અને પછી મારી પાસે આવો.' શું આ શબ્દોમાં આજના ભારત માટે સંદેશ નથી?

ગુરુ કહે છે:–'મૃત્યુનો સ્વીકાર કરો.' જો કોઈ રાષ્ટ્ર જીવિત રહેવા ઇચ્છતું હોય તો તેણે મૃત્યુથી ન ડરવું જોઈએ; પણ તેણે મુક્તિની દૈવી યુક્તિ સમજવી જોઈએ. કષ્ટો સહન કરવામાં જ રાષ્ટ્રનો પુનર્જન્મ છે, કોમળતા જ અમારું પાપ છે. જેઓ ખરે જેના વિનમ્ર હોય છે, તેઓ કમજોર નથી હોતા. 'પહેલાં મૃત્યુનો સ્વીકાર કરો, રજ બની જાઓ' એ સિદ્ધાંત આપણામાંથી કેટલા માને છે? સેવાના સન્માર્ગ પર ચાલનાર કેટલા પુરુષો છે? અમારા ભાગલા ને અહારસા તડોના મૂળમાં અહંકાર છે. આથી એક જાતિ બીજી જાતિ સાથે, એક વર્ગ બીજા વર્ગ સાથે, એક સમાજ બીજા સમાજ સાથે અને એક ભાઈ બીજા ભાઈ સાથે મળીને નથી રહેતો–અલગ પડી જાય છે. અહં-કાર રાખીને અમે દીન અને નિર્બળોને વિસારી દીધા છે. ગુરુ દીન અને દુઃખીઓને પોતાના પુત્રની પેઠે છાતીએ લગાવતા હતા. ગુરુ તેમને કેટલો પ્યાર કરતા હતા! જો ગુરુના બતાવેલા માર્ગ પર અમે ચાલવા ઇચ્છતા હોઈએ તો અમારે દુઃખીઓની સેવા કરવી જોઈએ. ગુરુના પરિવારમાં અસ્પૃશ્યો નહોતા, બધા ભાઈ ભાઈ હતા. તેમણે કહેલો મૃત્યુનો સ્વીકાર અને પ્રેમ તથા વિનમ્રતાની સાથે ગરીબોની સેવા કરવાના મહાન સંદેશમાં ભારતના કલ્યાણની આશા છે.

તેમનો સંદેશ છે:–'પહેલાં મૃત્યુનો સ્વીકાર કરો, પ્રત્યેક રજ બની જાઓ અને પછી મારી પાસે આવો.'

६०—नवयुवकों को वसवानी का संदेश

ગુરુકુલ જયંતિ કે અખિલ-ભારતીય યુવક સંમેલન મેં આચાર્ય બસ્વાની ને સ્ફૂર્તિપ્રદ વાણી મેં કહા કિ, હમ લોગ શ્યામસુંદર કૃષ્ણ કે સેવક હૈં. વહી હમારા ઇષ્ટદેવ હૈ, ઔર હમ ચાહતે હૈં કિ શ્રીકૃષ્ણ કે સંદેશ સે હમારે નવયુવકોં કા હૃદય ભર જાય. કોઇ કહતા હૈ કિ યહ શાંતિયુગ હૈ; કિંતુ મેરા વિશ્વાસ હૈ કિ, યહ શાંતિ કા યુગ નહીં. યુવકોં કે કર્મ કા યુગ હૈ. મૈં હમેશ સે યુવકોં કો પ્યાર કરતા રહા હૂં, ઔર મેરે હૃદય મેં અબ ભી યુવકોં કે પ્રતિ ઘોર પ્રેમ કા સાગર લહરા રહા હૈ. મેરા વિશ્વાસ હૈ કિ, પર-માત્મા કી અતુલ અનુકમ્પા સે યુવક હી નવીન રાષ્ટ્ર કે નિર્માતા હો સકતે હૈં. લોગ કહતે હૈં કિ, ભારતીય યુવક ભટક રહે હૈં, નષ્ટ હો રહે હૈં ઔર ઉનસે કોઇ આશા નહીં; પર મૈં આશાવાદી હૂં. ઔર મૈં ભારત કા ઉદ્ધાર નવયુવકોં દ્વારા દેખતા હૂં. મૈં રાત્રિ મેં એકાન્ત મેં આકાશ કે તારોં કો દેખતા હૂં, ઔર ઉસ સમય હમારે હૃદય સે દર્દભરી અવાજ નિકલતી હૈ, ઔર સોચતા હૂં, કિ ઇન્હીં તારોં ને રામ ઔર કૃષ્ણ કે ભારત કો ગૌરવમય ઔર સંપન્ન ભારત કો, બલશાલી ઔર જગતગુરુ ભારત કો દેખા હૈ, ઔર આજ યે દરિદ્ર, પરતંત્ર, ઘૃણિત ઔર અછૂત ભારત કો દેખ રહે હૈં. ઉસ સમય હમ અપની માતા સે પૂછતે હૈં કિ, એ માઁ! તૂને હમારે નવયુવકોં કી ઓર સે ક્યોં મુખ ફેર લિયા હૈ? માતા કહતી હૈ કિ, ભારત કે યુવક ઔર યુવતિયોં કી ઓર દેખો. વહી ભારત કા ઉદ્ધાર કરનેવાલે હૈં. ઉન્હીં કે હાથોં મેં ભારત કા ભવિષ્ય હૈ, ઔર વે હી ભારત કી આશાલતા હૈં. ઇસ પ્રેમ કે બદલે મે મૈં ઉનસે યહી ચાહતા હૂં કિ, વે સત્ય ધર્મ પર આરૂઢ રહેં.

એક જમાના થા કિ જબ ભારતવર્ષ સારે સંસાર કા ગુરુ થા, કિંતુ આજ વહ અછૂત માના જાતા હૈ. હજારોં વર્ષ પૂર્વ ભારત સૈંકડોં દેશોં પર શાસન કરતા થા. ભારત કો, સ્વતંત્રતા કૌંસિલોં

ઔર પાર્લામેંટ મેં નહીં પ્રાપ્ત હોગી, વરન્ વહ યુવકોં કી શક્તિ સે હી ઉન્હે મિલેગી. પ્રશ્ન હૈ યુવકોં કો નિયંત્રિત હોને કી અત્યંત આવશ્યકતા હૈ. આપને આદેશ દિયા કિ દેશ કે હર ભાગ મેં, આશ્રમ ખોલે જાને ચાહિયે, જહાં પર યુવકગણ સત્ય ધર્મ પર ડટ કર ભારત કા આત્મ-નિર્માણ કરને કે લિયે શિક્ષા પા કર તૈયાર હો સકે, જો ભારતીય ધર્મ કે ફૈલાને મેં સહાયક હોં. ભારતવર્ષ કેવલ અપને હી લિયે નહીં જીતા, વરન્ વહ સંસાર કી માનવતા કી-ભલાઈ કે લિયે જીતા હૈ. યદ્યપિ ભારત માતા આજ મલિન ઔર દલિત હૈ, તથાપિ મેરા વિશ્વાસ હૈ કિ, વહ અમિટ ઔર અમર હૈ.

આશ્રમોં કો ચલાને કે લિયે પ્રોગ્રામ કા જિક્ર કરતે હુએ આચાર્ય ને કહા કિ, આશ્રમ કે પ્રત્યેક મનુષ્ય કો પ્રાચીન ભારત કા સંદેશ અવશ્ય પઢના ચાહિયે. પ્રત્યેક આશ્રમવાસી કો દૃઢ ઔર સરલ હોના ચાહિયે; ક્યોંકિ સરલતા મેં હી બલ ઔર જીવન વાસ કરતે હૈં. સાદગી મેં શક્તિ હૈ, બલ હૈ, ઓજ હૈ. દેશ કે નવયુવક ફૈશન કે ગુલામ હૈં, પર ફૈશન મૂર્ખતા હૈ ઔર ઇસ પ્રકાર મૂર્ખતા કે પીછે હમારે નવયુવકોં કો નહીં પડના ચાહિયે. હમારે ઋષિમુનિ ઔર પૂર્વજ સાદે થે. × × × × યુવકોં કો ફૈશન કા દાસ ન હોના ચાહિયે, ક્યોંકિ ફૈશન કા અર્થ મૂર્ખતા હૈ. પ્રત્યેક નવયુવક કો મહાપુરુષોં કી જીવનિયોં કા અધ્યયન કરના ચાહિયે ઔર ઉનકે પદચિન્હોં કા અનુસરણ કરના ચાહિયે. મહાત્મા સુકરાત ને યુવકોં કો યહી ઉપદેશ દિયા થા કિ, અપને કો પહિચાનો. હમ આજ દેખતે હૈં કિ, હમારે નવયુવક અપને દેશ કે પ્રાચીન ગૌરવ કો ભૂલતે જા રહે હૈં. પર ભારત કી સ્વતંત્રતા કે લિયે નવયુવકોં કો ઉસ પ્રાચીન ગૌરવ કો અપનાના હોગા. ઉન્હેં રામાયણ, મહાભારત, ગીતા આદિ કા અધ્યયન કરના હોગા; ઔર પાંચવા મંત્ર-અંતિમ પર-સબસે મુખ્ય સેવા હૈ, ઔર આશ્રમ કે પ્રોગ્રામ મેં ઇસકા મહત્ત્વ બહુત હી અધિક બઢા હુઆ હૈ. રાષ્ટ્ર-નિર્માણ બ્રહ્મચર્ય-નિર્માણ કે અતિરિક્ત અન્ય વસ્તુ નહીં હૈ.

આત્મીય યુવકોં કે પ્રયત્નોં કો દૂર કરના ચાહિયે.

ભારત મેં યહ એક ભારી દુર્ભાગ્ય હૈ કિ, વહ પશ્ચિમ કા ઉપાસક બનતા જા રહા હૈ. મૈં પશ્ચિમ કી સ્વાધીનતા, કારીગરી, બુદ્ધિચમત્કાર-સબકો પ્યાર કરતા હૂં, પરંતુ જો પશ્ચિમ હમારે પૈરોં મેં બેડિયાં ડાલતા હૈ, ઉસકી કઠોર ઔર કરુણાહીન સભ્યતા કો મૈં સહન નહીં કર સકતા. મૈં ચાહતા હૂં કિ, પ્રત્યેક યુવક પાશ્ચાત્ય-સભ્યતા કે સમસ્ત ચિન્હોં ઔર વિચારોં કો અપને ઉપર સે ઉતાર ફેંકે, ઔર ભારતીયતા કો ગ્રહણ કરે. (હર્ષ) અંત મેં આચાર્ય ને હૃદય-વીણા કે તારોં કો ઝંકાર દેનેવાલે મર્મસ્પર્શી શબ્દોં મેં યુવકોં સે અપીલ કી કિ "જાઓ, પ્રિય નવયુવકો! ગ્રામોં કો જાઓ! સત્યતા, ધર્મ ઔર પ્રેમ કે રાજ્ય-મેં જાઓ! અપને દેશ કી ઇજ્જત કે સ્થાનોં કો જાઓ! જાઓ, ઔર બતા દો પીડિત ભાઇયોં કો કિ, ભારત અબ તક ક્યોં જીવિત હૈ, જબ કિ રોમ, ગ્રીસ ઔર મિસર મ્રિયમાણ હો કર ગંભીર સમાધિ મેં સુપ્ત હો રહે હૈં! હે રાષ્ટ્ર કે વીર યુવકો! જાઓ, જાઓ! ઔર સમસ્ત ભારત કો મંત્રમુગ્ધ કર દો, ઉસે જગા દો! (હર્ષ) ઇસકે બાદ પ્રિન્સિપાલ બસ્વાની ને નિમ્નાશય કી કવિતા કો પઢ કર અપના ભાષણ સમાપ્ત કિયા:-

"જાગો! જાગો! હે પૂર્વ દેશ કે ઋષિયોં કી સંતાનો, જાગો! કબ તક નિંદ કી ખુમારી મેં પડે રહોગે? ક્યા જાગોગે અથવા યશ-આનંદ કે સપને હી દેખા કરોગે?"

('વર્તમાન' તા. ૨૭-૩-૨૭ ના અંકમાંથી)

૬૧–કુંભમેળામાં જુઓ હાલના ધર્મધુરંધરો

(લેખક–શ્રી. 'નારદ')

દુનિયા મેં સબસે અધિક ધર્મપરાયણ જાતિ યદિ કોઈ હૈ તો દુજાતિ હૈ ઇસકે ધર્મ કી મહિમા દેખની હો તો ચલો વૃન્દા-ન, જહાં આજ ભારી મેલા હો રહા હૈ, અગર વહાં ન જા ા તો ચલો હરિદ્વાર કો, જહાં કુંભ કા મહામેલા હોનેવાલા હૈ.

વહાં ધર્મ કે બડે અદ્ભુત નમૂને દિખાઈ દેંગે. ઐસી ઐસી તેં દિખાઈ દેંગી, જિન્હેં સીધી ખોપડી કે આદમી સમઝ ન સકે.

જો જો કુછ દિખાઈ દેગા, ઉસકે કુછ નમૂને સુનિયે.

* * * *

વહાં આપકો ઐસે ત્યાગી દિખાઇ દેંગે જિનકે તબેલોં મેં દસ હાથી ખડે હૈં; દસ દસ નૌકર સોને ઔર ચાંદી કે બર્તનોં ખાના ઔર પાની લે કર તૈયાર ખડે રહતે હૈં.

× × × ×

વહાં આપ ઐસે ઐસે જતી દેખેંગે જિનકે ઘરોં મેં દો દો તીન ન જગતનિયાં રહતી હૈં, ઔર ઉનકી વાસનાઓં કો તૃપ્ત કરતી હૈં.

× × × ×

વહાં આપકો ઐસે ઐસે મહંત ભી દિખાઇ દેંગે જિનકા જીવન જો કોઇ કામ હૈ તો ગરીબોં કી મહેનત કી કમાઇ કો ઉડાના ઔર ગે ઉડાના, ઔર સ્વયં દંડ પેલના ઔર ખાએ હુએ માલ પચાના.

× × × ×

ઉસ કુંભ મેં આપ ઐસી ઐસી કુલાંગનાઓં કો દેખોગે જો દ પર હાથભર કા લમ્બા ઘુંઘટ કાઢે બિના ઘરસે બાહિર નહીં કલતી, પરંતુ લુચ્ચોં ઔર બદમાશોં કી આંખોં કે સામને નંગે દન નહા કર મોક્ષ પાના ચાહતી હૈં.

× × × ×

વહાં આપકો ઐસે ઐસે ધર્માત્મા સેઠ ભી દિખાઈ દેંગે જો

ઘર મેં અનાથાલય કા ચન્દા આને પર વહીં સે સાબિત કર દે હૈં કિ ઉનકે પાસ દાન દેને કે લિયે એક કૌડી ભી નહીં હૈ, પરંતુ નિઠલ્લે અન્નમય કોષો કે ચરણોં મેં હજારોં કી થેલિયાં રખને કો તૈયાર હો જાયંગે.

× × × ×

જિસ જાતિ કે પાસ ઐસે ઐસે ધર્મ કે નમૂને હો, ઉસકે બરાબર ધર્માત્મા જાતિ સંસાર મેં કહાં મિલેગી? બસ, યહાં તો જો કુછ હોતા હૈ ધર્માનુકૂલ હોતા હૈ. ચોરી, બદમાસી, ગરીબોં કી લૂંટ, દુરાચાર ઔર મુફ્તખોરી–સબ ધર્મ કે નામ પર! બોલો ધર્મ કી જય!

(તા. ૧૭–૩–૨૭ ના "અર્જુન"માંથી)

૬૨–કોને પડી છે!

(લેખકઃ–શ્રી. બાપુલાલ. વી. ગામી.)

દુનિયામાં આપણે જોઇએ છીએ કે, કોઇને કોઇની પડી હોતી નથી. સૌને પોતપોતાની પડી હોય છે. બહારથી પરાર્થ દેખાતા પ્રયત્નોનું કેન્દ્ર જો તપાસીએ તો તે સ્વગામીજ હોય છે. પરાર્થે પીડા વહોરનારા અને તેમાં માનનારા વીરલાજ હોય છે અને આવા વીરલાઓજ સમાજ અને દેશનું કંઇક ભલું કરી શકયા છે.

અત્યારે આપણા સમાજમાં જે દાવાનળ સળગી રહ્યો છે, જે દાવાનળની પીડાથી હજારો કુટુંબો પાયમાલ થતાં જાય છે, જેના ત્રાસથી પુરુષ, સ્ત્રી અને બાળકોનાં જીવન છિન્નભિન્ન અને અધોગામી બની રહ્યાં છે, તે દાવાનળને ઠારવામાં તેની ભભૂકતી જ્વાળાઓને શાંત પાડવામાં કેટલા બધા પ્રયત્નની જરૂર છે અને કેટલા ત્યાગની આવશ્યકતા છે, તે યથાર્થ જાણી લઇ તે પ્રમાણે કમર કિપાવી લેવાની દરેક સમાજસેવકમાં જો લાગણી થઇ આવે તો તે કાર્ય સુલભ થઇ પડે. અનેક કુરિવાજો, વહેમો અને અજ્ઞાનાંધકારને

જેમ વધુ પડેલો આપણો સમાજ દિનપ્રતિદિન તેજવિહીન, શક્તિ-
હિન અને નમાલો બનતો જાય છે. તેમાંથી તેને ઉગારવાનો ઇલાજ
નથી થાનોમાં રહ્યો, નથી આપણોમાં રહ્યો, નથી સભાઓમાં રહ્યો કે
નથી ઠરાવોમાં રહ્યો. તેને માટે તો ધન, માન અને કીર્તિનો ભોગ
આપી જગતથી અજ્ઞાત એકાદ ખૂણામાં પડયા રહી શાંતિથી કાળજા-
પૂર્વક કામ કરવાની જરૂર છે. હુન્નર, ઉદ્યોગ અને કેળવણીનાં
નવાં નવાં ક્ષેત્રો ઉઘાડી, તેને વિકસાવી દિનપ્રતિદિન તેને આગળ
ને આગળ ધપાવી મંડયા રહેવામાંજ આપણો ઉદય સમાયો છે.
[illegible] ઘોરતા આપણા સમાજ આગળ કામના કાર્યક્રમ રજુ કરવા-
ની જરૂર છે. આવડતને અભાવે તેની શક્તિનો વેગ વિરુદ્ધ દિશામાં
વહી જાય છે. કુસંપ, ઇર્ષા અને અજ્ઞાનમાં રીબાતા સમાજને તારવા-
નો ઉપાય તેની આજુબાજુ સંસ્કાર અને ઉદ્યોગનું વાતાવરણ
ઊભું કરવામાં રહેલો છે.

પણ પ્રશ્ન એ થાય છે કે, આ બધું કરે કોણ?

અજ્ઞાનાંધકારમાં ભટકતો સમાજનો વિશાળ સમૂહ એ કામ
[illegible] અભિમાન છે; ત્યારે સમાજ
[illegible] ઉપાડવા, યથાર્થ જ્ઞાનને અભાવે અશક્તિમાન છે; [illegible] કેળવાયેલાને સમાજની
ના કેળવાયેલા આ કાર્ય ઉપાડી શકે? [illegible]
[illegible] પડી છે? તેમના હૃદય સમાજના દુઃખો અને વેદનો [illegible]
[illegible] છે? પોતાના સમાજને જગતમાં ઉચ્ચ સ્થાન
[illegible] છે? સમાજનું [illegible]
અપાવવા તેમના હૃદયમાં તનમનાટ [illegible] છે? [illegible]
[illegible] તેમનું હૃદય તૈયાર છે? ધન, માન, કીર્તિનો ભોગ આપવા
[illegible] કાર્ય કરવામાં તેમને આનંદ મળે છે?
તેમણે નિશ્ચય કર્યો છે? [illegible]
[illegible] છે, [illegible]
[illegible] છે, એ તો [illegible] છે કે, [illegible]

[illegible]
નિરાશ [illegible]
[illegible]
[illegible]

હોય છે, ત્યાં જરૂર આપણા કેળવાયેલા આગળ પડતા હોય છે. જ્યાં સત્તાની લગામ મૂર્ખાઓ [illegible] હોય છે, ત્યાં ગોટાળાઓ આપણા કેળવાયેલા નેતાજ હોય છે. કાર્યનું ગમે તે થાય પણ પોતાનો માનમરતબો જળવાતો હોય તો [illegible] પણ કામ કરતાં ન અટકવામાં ટેવાયેલાં આપણા કેળવાયેલા નેતાજ હોય છે.

યાદ રાખવાની વાત એ છે કે, કોઈ પણ કાર્ય બોલવાથી થતું નથી. કાર્ય ઉપર એકનિષ્ઠા કે ભક્તિ સિવાય તે કાર્ય ફળતું નથી. તેને માટે સતત વિચાર કર્યા સિવાય કાર્યની પ્રગતિ થતી નથી, તે પોષાતું નથી અને ખીલતું પણ નથી. આખાયે વર્ષમાં બે–ચાર દિવસ તે ઉપર વિચાર કરવાથી શું કરી શકવાના હતા? ચોવીસે કલાક પોતાની જંજાળમાં મચી રહેનારા પરાર્થે કર્મ કરવાના રહસ્યને શું સમજી શકે? જંજાળમાં ગુંચવાયેલી અને તેમાંજ રમખાણ થતી બુદ્ધિ સ્પષ્ટ શું જોઈ શકે? એને તો જ્યાં ત્યાં પોતાના જેવાજ વ્યવહાર દૃષ્ટિએ પડે તેમાં શું આશ્ચર્ય! સ્વચ્છ બુદ્ધિ સ્વચ્છ કાર્યોને જોઈ શકે. સ્વાર્થના આવરણથી ઢંકાયેલી બુદ્ધિને સર્વત્ર સ્વાર્થ દેખાય, સારામાં પણ ખોટાનો ભાસ થાય, ગુણોને ન પારખી શકે, છિદ્રો ઝટ શોધી કાઢે અને છિદ્રોને દૂર કરવાનો ઉપાય ન લેતાં આખીયે વસ્તુનો નાશ કરવા તૈયાર થઈ જાય.

આવી સ્થિતિમા કોને કોની પડી હોય? બીજાનું ગમે તે થાય, પણ તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને શો ફાયદો મળવાનો છે તેનોજ વિચાર કરવામાં આવે છે.

"ભાષણો કરવામાં મારું શું જાય છે? લાવને પચીસ પચાસ વાક્યો પોપટની માફક બોલી નાખું! ક્યાં એ મારા હૃદયને અડે છે? ક્યાં મને એ લાગુ પડે છે? ભલે, લોકો તે પ્રમાણે વર્તે કે ન વર્તે તેમાં મારું શું જવાનું છે? આપણને માન મળે છે, મોટાઈ મળે છે, પછી બીજું શું જોઈએ? આપણી વાહવાહ ગવાય છે. ભલેને પડે બીજા ઉંડા ધરામાં! તું તારું સાધી લેને!" આવી વિચારપરંપરાથી જ્યાં કાર્યો થતાં હોય તે કેટલા દિવસ ટકે? તેની

તેમાં કોને ફિકર હોય?

“આજ આપણો સમાજ નિર્જીવ અને નમાલો બની જતો હોય તેમાં મારે શું? ગામડાંઓમાં દબાયેલા રૂપિયા ચટણી થઇ જતા હોય અને ઘરનાં ઘર ઉજડી જતાં હોય તેમાં શું? આખુંયે જીવન ધંધું ને રોટલા ખાતર અને કૂતરાના જેવું જીવન ગાળીને સંસાર-યાત્રા પૂરી કરવામાં આવતી હોય તેમાં મારે શું? સામાન્ય સિપાઈ-ને જેમ કાગળનું ધારતું હોય, નીચું મોં કરી તેની બે-ચાર ગાળો સહન કરી લેવાની હોય તો મેં શું કામ ગયું? મારાં છોકરાંઓને બેસઆગળની કેળવણી નથી મળતી' તેથી દાડકાં નમાવ્યા સિવાય તેને તો રોટલો મળતો નથી છે. મારી કીર્તિ અને વાદવાદ સમાજ ખાધામાં ગવાઇ રહી છે મોટી મોટી સભાઓના પ્રમુખ થવાનું ને માન મળ્યે જાય છે. સમાજના કોઇ પણ કાર્યમાં મારો અગ્ર સ્થાન તો હોયજ છે. સર્વ મારી તરફ માન અને ડરની દૃષ્ટિથી જોઇ રહ્યા છે. તેમની દૃષ્ટિએ હું કેટલો બધો મોટો લાગું છું? દા મોદીનો રોટલો મને મળી રહ્યો છે, તો પછી મારે શું જોઇએ?

સૌને પોતપોતાની લાગી હોય છે. ત્યા કોણ કોને સંભારે? પોતાનું કાર્ય સાધવા જતા કદાચ અકસ્માતે સમાજનું કામ આવી જાય તો ઠીક છે બે-ચાર વાક્યો બોલી હાના-ના કરી મોટા થવાનું ને સેવામાં શું જવાનું છે? જ્યા આવુંજ ચાલી રહ્યું હોય ત્યાં જાતિની શી આશા રખાય? જ્યાં જ્ઞાતિહિત માટે ધગશ અને બળતરા ન હોય, ત્યા કેવા કાર્ય થઇ શકે? પોતાનું પડતું મૂકી, રાતદી, સમાજનું કે દેશનુ હિત સાધવા જ્યાંસુધી યુવકો ન નીકળી આવે, ત્યાસુધી જે કાંઇ બોલવું તે ધુળ ઉડાડવા બરાબર છે, લખવું ખાલી લીટા કર્યા સમાન છે અને ઠરાવો કરવા તે ખાલી ઢબ. પરમાત્મા આપણ સર્વને યથાર્થ કામ કરવાની પ્રેરણા આપે!

(પોષ-૧૯૮૩ના "ચેતન"માંથી)

६३-श्रीरामचंद्र की खिन्नता

(લેખકઃ-શ્રીયુત પંડિત ગંગાપ્રસાદજી અગ્નિહોત્રી)

नूनमर्थवतां मध्ये समवाक्यमनुत्तमम् ।
भाति कालेऽभिहितं तेनास्मि हरिणः कृशः ॥

ત્રૈલોક્ય કા પરિભ્રમણ કરતે-કરતે અત્યંત થકે હુએ હોને પર ભી જ્યોં હી નારદજી કો યહ સ્મરણ હો આયા, કિ આજ ભારત કે સનાતન ધર્મપ્રેમી સજ્જન મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્રજી કી જયંતિ મનાને કા સમારોહ કર રહે હોંગે, ત્યોં હી ઉનકે હૃદય મેં શ્રીરામચંદ્રજી કી ભક્તિ કા રત્નાકર ઉમડ ઉઠા, ઉસકી તરંગોં મેં ઉનકી પરિશ્રમજન્ય થકાવટ ન જાને કહાં બહ ગઈ. વે બડે ઉત્સાહ સે શ્રીરામજન્મોત્સવ દેખને કે લિયે ભારત કી ઓર ચલ પડે. ભારત કે બમ્બઈ, કાનપુર, કરાંચી, દિલ્લી ઔર કલકત્તા આદિ નગરોં મેં બસનેવાલે પરમ ધાર્મિક ધનવાનોં કે ભવનોં પર નારદજી ને પધાર કર વહાં શ્રીરામચંદ્ર કે જન્મોત્સવ કો દેખ, ઇતના સુખ પાયા, કિ ઉસકા વર્ણન કરને કે લિયે ક્ષીર-સાગર ગયે બિના ઉનસે નહીં રહા ગયા. વે કલકત્તે સે સીધે ક્ષીર-સાગર કે લિયે રવાના હો ગયે. વે મન મેં સોચતે જાતે થે, કિ જબ શ્રીરામચંદ્રજી ભારતવાસિયોં કી ભક્તિ કા વર્ણન મુઝસે સુનેંગે, તબ વે નિઃસંદેહ બહુત પ્રસન્ન હોંગે.

ક્ષીરસાગર મેં પહુંચ કર જ્યોં હી નારદજી ને અપને પહુંચને કે સમાચાર ભગવાન રામચંદ્રજી કે પાસ ભિજવાયે, ત્યોં હી ભક્તવત્સલ શ્રીરામચંદ્રજી ને આપકો બુલવાયા. આપકે ભગવાન કે સમીપ પહુંચતે હી ભગવાન ને આપકા સ્વાગત કર આપસે કુશલ પૂછી ઔર આપકો બૈઠને કે લિયે આસન દિયા. આસન પર બૈઠ કર નારદજી ને ભારતીય ભક્તોં કી ભક્તિ કા વર્ણન ભગવાન કો કહ સુનાયા ઉસે સુન કર ભગવાન કા વર્ણ કુછ પીલાસા હો ગયા ઔર વે દુઃખીસે દીખ પડે. શ્રીરામચંદ્રજી કી ઉક્ત અવસ્થા

મ, નારદજી ને બડી આતુરતા કે સાથ પૂછા, કિ ભગવન્! વર્ત-
ાન ભારતીય ભક્તોં કી ભક્તિકથા સુન કર આપકી યહ દશા ક્યોં
ો ગઈ? ઉત્તર મેં, શ્રીરામચંદ્રજી ને બડે દુઃખ કે સાથ કહા કિ:-

"नूनमर्थवतां सध्ये मम वाक्यमनुत्तमम्।
न भाति कालेऽभिहितं तेनास्मि दर्पिणः छलाः॥

હે નારદજી! મૈને નરદેહ ધારણ કર ભારતવાસિયોં કો ઉનકે
ાચાર્ય જો અમોઘ ઉપદેશ દિયે થે, ઉનકો વર્તમાન ભારતવાસી
ંદુમાત્ર ભી નહીં માનતે. અપને ઉપદેશોં કી અવજ્ઞા હોતી દુઇ
ખ કર મૈં બહુત હી દુઃખી હો જાતા હૂં!"

ઉક્ત બાત કો સુન કર નારદજી આશ્ચર્યચકિત સે હો રહે.
ન્હોંને બડી નમ્રતા કે સાથ શ્રીરામચંદ્રજી સે પૂછા કિ, ભગવન્!
આપને અપને પરમ પ્યારે ભારતીયોં કો કૌનસા ઉપદેશ દિયા થા,
જિસકી અવજ્ઞા કર વે શ્રીમાન કો ઇસ પ્રકાર દુઃખી કર રહે હૈં?
ઉત્તર મેં શ્રીરામચંદ્રજી ને કહા કિ મૈંને રામાવતાર મેં ભારતીય
જનોં કો યહ ભલીભાંતિ સમઝા દિયા થા. કિ ભારત કો ધનધાન્ય
તથા સુખ-સંપત્તિશાલી બનાયે રખને કે લિયે ઉન્હેં ગોરક્ષા, કૃષિ
ઔર વાણિજ્ય કી રક્ષા ઔર વૃદ્ધિ કરતે રહના હોગા; ઇતના હી
નહીં કિન્તુ કૃષ્ણાવતાર મેં મૈંને સ્વયં ગોપરિપાલન કર ઉન્હેં
પ્રત્યક્ષ શિક્ષાદ્વારા સમઝા દિયા થા, કિ તુમ લોગ કલ્યાણપરંપરા
કી દાત્રી કલ્યાણી ગૌ કી સેવા સદા કરતે રહના. મેરે ઇસ હિતકર
ઉપદેશ કા યથેષ્ટ આદર કરતે રહના. મૈંને ઉનસે કહા થાઃ—

[illegible] वात्सल्यानां ये विवत्सोद्ध गामयाः।
क्षीरन्तु यान्ति [illegible] आयन्ते कुलपांसनाः॥
न तेषां क्षीरगा काचित् [illegible]
(म. ५ १२५-११)

અર્થાત્ જો લોગ છોટે બછડેવાલી ગૌઓં કા દૂધ પી જાતે
હૈં, ઉનકે વંશ મેં દૂધ પીનેવાલી ઔર દૂધ કી વૃદ્ધિ કરનેવાલી
સંતાન નહીં હોતી.

નારદજી! મેરા યહ ઉપદેશ [illegible] કા મંત્ર [illegible]

સે ઓતપ્રોત ભરા હુઆ હૈ; પર પરમ ખેદ ઔર સંતાપ કા વિષય હૈ, કિ વર્તમાન ધનવાન ભારતવાસી મેરે ઇસ ઉપદેશ કા સોલહોં આને અનાદર કર રહે હૈં. છોટે બછડોં કે હિસ્સે કા દૂધ પી જાને કી બાત કૌન કહે, વે ઉન ગૌઓં કા દૂધ પીતે હૈં, જિન કે દૂધમુંહે બચ્ચાં કો લાલચી ગ્વાલે માર ડલતે હૈં. ઉન્હી ગૌઓં કે દૂધ ઔર ઘી સે બનાયે હુએ પકવાન્નોં કા મુઝે નૈવેદ્ય દિખા કર મુઝે 'વદતોવ્યાઘાત' દોષ કા દોષી બના કર મુઝે પ્રસન્ન કરના ચાહતે હૈં. વે અપની ઇસ નિંદ્ય ભક્તિ પર તનિક ભી લજ્જિત નહીં હોતે. નારદજી ! બસ મેરી ઉદ્વિગ્નતા કા યહી કારણ હૈ.

શ્રી ભગવાન રામચંદ્રજી કે શ્રીમુખ સે ઉક્ત વાક્ય કો સુન, નારદજી ભી બહુત દુઃખી હુએ ઔર ભારતવાસિયોં કી મંગલકામના સે પ્રેરિત હો કર આપને પૂછા, કિ ભગવન્! અબ તક જો હો ચૂકા સો તો હો ચૂકા, પર અબ આગે ભારતવાસિયોં સે ઇસ જઘન્ય પાપ કી પુનરાવૃત્તિ ન હો, ઇસકા કોઇ સરલ ઉપાય હો, તો ઉસકા વર્ણન કીજિયે. મૈં 'હિંદૂપંચ' દ્વારા ઉસ ઉપાય કો ઉન પર પ્રકટ કર દૂંગા. ભક્તવત્સલ ભગવાન ને નારદજી કી ભારત-હિતકામના સે પ્રસન્ન હો કર કહા કિ, ભારત કે ધનવાનોં કો સમઝા દો, કિ વે ધનહીનતા કે બહાને કો બહા કર અપની અપની કોઠિયોં પર ગોસાહિત્ય કા સદાવ્રત ખોલ દેં. કુમ્ભ આદિ પર્વો પર ગોસાહિત્ય કા દાન કિયા કરેં. અપને બડે-બૂઢોં કે શ્રાદ્ધ મેં ગોસાહિત્ય કા પ્રચુર માત્રા મેં દાન કિયા કરેં. લડકે-લડકિયોં કે વિવાહોત્સવોં પર ગોસાહિત્ય કા વિતરણ કરેં. ઇતના દાન કર કે હી વે સંતુષ્ટ ન હો જાયેં. ઉન્હેં સ્થાન-સ્થાન પર આદર્શ ગોશાલાએં ખોલ કર, ઉનમેં ગવાયુર્વેદ કી શિક્ષા કે અનુસાર ગોપરિપાલન કરના ચાહિયે. બસ તો ભારતવાસી તભી સુખી હોંગે—તભી મનુષ્ય-દેહ કે લાભ લેંગે, જબ મેરે આજ્ઞાનુસાર ગોપરિપાલન કર આરો-ગ્ય જીવન કો હૃષ્ટપુષ્ટ ઔર સુખી બનાયેંગે.

[illegible] નારદજી ને શ્રીરામચન્દ્રજી કે મુખ સે ઉક્ત

કલ્યાણપ્રદ ઉપદેશ કો સુન, ભગવાન્ કો પ્રણામ કિયા ઔર કહા કિ ભગવન્! આપકી ઇસ મંગલમયી આજ્ઞા કા પ્રચાર જુઠન કે ભય સે અન્ય પત્ર સંપાદક ભલે હી ન કરેં, પર 'ભારત ધર્મ' ઔર 'ગોગ્રાસ' તો ઇસકે મહત્ત્વ કો જાન કર ઇસકા પ્રચાર અવશ્ય હી કરેંગે.

ભગવાન સે બિદા હોતે સમય નારદજી ને બહુત ધીરે સ્વર મેં કહા, કિ મૈં અનુમાન કરતા થા, કિ આપ બમ્બઈ, કલકત્તા ઔર દિલ્હી કે પિંજરાપોલ કે સંચાલકો કી ગોભક્તિ સે બહુત પ્રસન્ન હોંગે; પર આપને ઉનકી ચર્ચા તક નહીં કી. ઉત્તર મેં ભગવાન ને કહા, કિ પિંજરાપોલવાલે ઉલટી ગોભક્તિ કર રહે હૈં— યદ્યપિ વે ગૌ કી સેવા તબ કરતે હૈં, જબ વહ દુષ્ટોં દ્વારા નિરુપયોગી બના ડાલી જાતી હૈ. ઉન્હેં ઐસા પ્રબંધ કરના ચાહિયે, કે ગોવંશ કા એક ભી પ્રાણી નરાધમો દ્વારા નિરુપયોગી ન બનાયા જાયે. વે ગોપરિપાલન કી શિક્ષા કા યથેષ્ટ પ્રચાર કરેંગે તો ઉસસે ભારતીય ગોધન કા પ્રત્યેક પ્રાણી ઇતના સ્વસ્થ ઔર સરંજીવી હોગા, કિ વહ જન્મભર ભારતવાસિયોં કા હિત કરતા રહેગા! ઉન્હેં ઉન સાત્વિક ભોજનોં કો દેતા રહેગા, જિનકે સેવન સે મનુષ્યોં મેં સાત્વિક બુદ્ધિ, સાત્વિક વૃત્તિ ઔર સાત્વિક મન કા ઉદય ઔર વિસ્તાર હોતા હૈ ઔર ઉનકી કૃપા સે વહ મનુષ્ય-જન્મ કે પ્રધાન-હેતુ કલ્યાણ કો પ્રાપ્ત હોતા હૈ.

નારદજી ને ભગવાન સે બિદા હોતે સમય વહ વર પુનઃ માંગા કિ ભગવન્! અબ ભારત કે ધનવાનોં કો ઐસી સુબુદ્ધિ દીજિયે, કિ 'હિંદૂપંચ' મેં આપકે ઉપદેશ કો પઢ કર ઉસે કાર્ય કા રૂપ દેં, અપને હિત કા સાધન કરને લગે ભગવાન ને 'તથાસ્તુ' કહ કર નારદ કો બિદા કિયા.

નારદજી કી હી પ્રેરણા સે હમ, કેમ ઉપવાસ ... હૈ ... ઉપકાર કરના સમઝદાર, ભાગ્યવાન, ધનવાન ભારતીયોં કે આધીન હૈ (તા. ૭-૪-૧૯૨૨ ઈ. 'હિંદૂપંચ' સે)

૬૪—મૂંગો સમર્પણ ધર્મ

[illegible] અને તેમની [illegible]-માં [illegible] એક [illegible] છે.

[illegible] અલંકારો-થી વિભૂષિત એક પંડિત હતા. તેમની લેખિનીએ સાહિત્યનાં અનેક પુસ્તકો લખ્યાં [illegible] જનતાને [illegible] હતાં અને એ પુસ્તકોની કિંમત તરીકે પંડિતજીને વિશ્વવ્યાપી કીર્તિ અને અઢળક દ્રવ્ય સાંપડ્યાં હતાં. પંડિતજીના શિરોવસ્ત્રમાં કીર્તિનાં અનેક સુવર્ણ-રંગી પીછાંઓ ખોસાયાં હતાં.

એ પંડિતજી એક દિવસ તેમના મિત્રજનને ઘેર એક ગામડે ગયા. થોડા દિવસ ત્યાં રહ્યા. દરમિયાન, ઘરની એક બાલિકા સાથે તેમને ગાઢ મૈત્રી જામી. ગ્રામ્ય ફૂલવાડીના ઉઘડતા ફૂલસમી નિર્દોષ અને તોયે ચતુર એ બાલા અને દુનિયાદારીમાં પાવરધા એ પંડિતજી વચ્ચે અનેક અવનવી ગોઠડીઓ થઇ. પંડિતજીને જવાની વેળા આવી. વિદાયની ઘડીએ બાળા પંડિતજીની કોટે વળગી પડી: "દાદા! તમે ઘણાં પુસ્તકો લખ્યાં, પણ તેનું પરિણામ શું?"

"મારે કીર્તિની વાંચ્છના હતી. તે વાંચ્છના સંતોષાઇ. આજે હું જગદ્વિખ્યાત છું. બેટા! તારી શી ઇચ્છા છે?" દાદાએ પૂછ્યું.

બાળાએ પંડિતજીની કોટેથી હાથ ઉઠાવી લીધા. તે થોડે દૂર જઇ ઉભી રહી. થોડી પળ તાજુબીના મૌનમાં સ્તબ્ધ બની ગઈ. પંડિતજીના પ્રશ્નનો ઉત્તર શોધતી હોય તેમ તેણે તેના અંતરમાં ઉંડી શોધ કરવા માંડી. આખરે કંઈ જવાબ મળ્યો હોય તેમ તે બોલી:—

"હું? હું તો તમે જશો એટલે આ પડખેની ઝુંપડીમાં જઈ મારા કામમાં લાગી જઇશ. એ મઢુલીમાં એક વૃદ્ધ વિધવા વસે છે. તે ગરીબ છે, બિમાર છે, પથારીવશ છે. તેની સારવાર કરવા કોઇ તેની પાસે નથી જતું. અમારા ગામનાં માણસો તેના ઘર પાસેથી પસાર થાય છે, ત્યારે તે ડોસી ઉપર તિરસ્કારની—અવગણનાની એક કઠોર નજર ફેંકી ચાલ્યા જાય છે; પણ કોઇ એ વિધવાને મીઠા

શબ્દોથી દિલાસો નથી દેતું. હું એ વિધવા પાસે જઇશ. હું તેનું ઘર વાળીચોળીને સાફ કરીશ, તેને માટે રસોઇ કરી આપીશ, તેની પથારીએ બેસી તેનું માથું ચાંપીશ, તેને માટે ઔષધિ લાવી આપીશ......અને ત્યાં તો સાંજ પડી જશે."

પંડિતજી ગયા; પણ એક ક્ષણના એ વાર્તાલાપથી તેમનું અંતર વલોવાવા લાગ્યું. એ ગ્રામ્ય બાલિકાના શાંત, નિર્દોષ શબ્દો- માંથી કોઈ ઈશ્વરી ઠપકો તેમના હૃદયમાં વ્યથા મચાવી રહ્યો. "તમે કીર્તિને માટે તલસો છો, હું શાંત આત્મસમર્પણ માગું છું." એ સ્વરો પંડિતજીના મગજમાં ઘુંટાવા લાગ્યા.

"કીર્તિની ઝંખના નહિ, પણ શાંત આત્મ-સમર્પણ" એ શબ્દો પંડિતજીના કાનમાં ગુંજી રહ્યા. તેમની છાતીમાં એ શબ્દો કોતરાઇ ગયા. પંડિતજીએ પુસ્તકો લખવાનું છોડી દીધું. તેમણે કીર્તિ- ને માટે વલખાં મારવાનું મૂકી દીધું. તેમણે તેમનો જરીનો શિર- પેચ અને સુવર્ણનાં કીર્તિપત્રો ઉતારી નાખ્યાં. "કીર્તિની ઝંખના નહિ, પણ શાંત આત્મ-સમર્પણ"ની સાધના તેમણે આદરી.

× × × ×

કીર્તિ નહિ, પણ મૂંગો ત્યાગજ આજના ભારતનું—તરુણ હિન્દીઓનું જીવનધ્યેય હોવું જોઇએ. આત્મ-સમર્પણની ભાવનાજ આ યુગનો જીવનમંત્ર હોવો જોઇએ. એ મંત્રમાંજ આજના પરા- ધીન ભારતવર્ષને નવજીવન અર્પવાનું બળ છે. કીર્તિના ભૂખ્યા નહિ, પણ શાંત સમર્પણ-ધર્મનાજ અનુયાયી કેટલા હિન્દી- ઓ આજે ભારતમાતાની મઢુલીમાં ચુપચાપ સેવાકાર્ય કરવા તૈયાર છે!

("નવજીવન" ના-૨૯-૫-૨૧ માંથી)

६५-अंतरचक्षु ऊघडे तेने तो तकज तक छे.

અંતરની આંખો ઉઘાડી હશે તેને તો જ્યાં ત્યાં તક જણાઈ રહેશે. આન્તરિક કાન ઉઘડયા હશે તેને તો મદદ માગતાં માગતાં મરી જનારાંની પુષ્કળ ખૂમો જ્યાં ત્યાં સંભળાશે. સહાયપાત્ર સ્થળો અને માનવીઓની ખોટ ખુલ્લાં દિલવાળાને નહિજ પડે.

(આગળ ધસો ઉપરથી)

६६-मगरथी वचवानो उपाय

(લેખકઃ-શ્રી. જેઠાલાલ મોતીલાલ)

'ગુજરાતી' પત્રના તા. ૩-૧૦-૨૬ના અંકમાં પાના ૧૫૦૧ માં લખ્યું છે કે, ચોમાસાની ઋતુમાં નદીનાળાં ઉતરતાં કંઇક માણસો મગરના ભોગ થઇ પડે છે, તો તે દૂર રહે ને માણસ પાસે આવે નહિ તેવો ઉપાય કોઇ બતાવશે તો જનસમાજમાં ઉપકાર થશે; તો તેનો ઉપાય ચોક્કસ નીચે મુજબ છેઃ-

જ્યાં મગરનો ભય છે ત્યાં ઉતરનાર માણસોએ આકડાના ઝાડનું એક ડાળખું પાસે રાખી ઉતરવું, .જેથી મગર જીવ લઇને નાસી જાય છે ને પાસે બિલકુલ આવશે નહિ. મગરને આકડાના દૂધનું એક ટીપું અડકી જવાથી કોઈ કોઇ મરી જાય છે, તે બીકથી મગર જીવ લઇ નાસી જાય છે.

(તા. ૧૦-૧૦-૨૬ના 'ગુજરાતી'માંથી)

૬૭–છોકરાંનાં માતાપિતાને થોડાક પ્રશ્ન

(લેખકઃ–શ્રી. કૃ. જે. બાગલ)

૧ છોકરાંઓ અને તમે પણ રોજ વહેલાં ઉઠો છો ?

૨ ઉઠતાં વેંતજ ઝાડે ફરી આવી, કોગળા કરી નાખી દાતણ પાણી કરો છો ?

૩ સવારમાં સારાં ભજનો–શ્લોકો બોલો છો–બોલાવો છો ?

૪ છોકરાંઓને ખુલ્લી હવા અને કસરતનો લાભ આપો છો ?

૫ છોકરાઓને દેખતા ચાહ–બીડી પીને તેમને છંદ લગાડો છો ?

૬ છોકરાંઓને દેખતાં નાગી ઉઘાડી વાત કરો છો ?

૭ પોતાનું કામ જાતે કરવું, તે મોટાઈ અને ડાહાપણનું લક્ષણ છે એવું તમે તેમને સમજાવ્યું છે કે કેમ ?

૮ નાહતી વખતે શરીરનો કયો ભાગ રોજ કાળજીથી ધોવો તે તમે બાળકોને સમજાવ્યું છે ?

૯ ટાઢા પાણીથી નાહવાના ફાયદા તમે છોકરાંઓને કહ્યા છે ?

૧૦ છોકરાંઓને તમે તરતા શીખવ્યું છે કે કેમ ?

૧૧ શરીરે તેલ ચોળવાના ફાયદા છોકરાઓને સમજાવ્યા છે ?

૧૨ હાલ બજારમાં વેચાતા માથામાં નાખવાના તેલ નુકસાનકારી છે એ તેમને સમજાવ્યું છે ?

૧૩ નાહ્યા પછી શરીરનો કયો ભાગ ખૂબ ઘસીને લુછવો તે સમજાવ્યું છે ?

૧૪ નાહવામાં હમેશાં પ્રથમ ટાઢા પાણીથી માથું ધોવાનું અને પછી ડુંટી, ગુદા, જનનેન્દ્રિય અને તેના પાસેનો ભાગ ધોતાં શીખવો છો ?

૧૫ આંખને શી રીતે ધોવી તે તમે જાણો છો અને શીખવ્યું છે ?

૧૬ ઠંડા પાણીએ આંખો અને માથું ધોવાના ફાયદા તમે છોકરાંઓને કહ્યા છે ?

૧૭ દાંત, દાતણ અને આરોગ્યનો સંબંધ તમે સમજાવ્યો છે ?

૧૮ થુંક અને લાળનો આરોગ્ય સાથેનો સંબંધ તમે સમજાવ્યો છે ?

("વ્યાયામ"ના એક અંકમાંથી)

છીએ. સરકારી શિક્ષાલયોમાં ભણવાથી નોકરી મળીજ શકે છે, એ દાવો તો મિથ્યા છે. સરકારી વિદ્યાલયોના, સરકારી શિક્ષણ-પદ્ધતિના મોટામાં મોટા અને કટ્ટામાં કટ્ટા પક્ષપાતીઓને હું પૂછું છું કે, શું તેઓ બતાવી શકે છે કે, ત્યાં કેળવાયલા બધા વિદ્યાર્થીઓને નોકરી મળીજ જાય છે અથવા તેમની રોટીનો સવાલ ટળી જાય છે? જો તેમ ન હોય તો શા સારૂ આપણને પૂછવામાં આવે છે કે, રાષ્ટ્રીય શિક્ષાલયો—ગુરુકુલો સુદ્ધાં—ના વિદ્યાર્થીઓનું ભવિષ્યમાં શું થશે? બંને ઠેકાણે રોટીનો સવાલ સરખોજ મુશ્કેલ હોય તો લોકો રાષ્ટ્રીય વિદ્યાલયોને શા સારૂ નથી અપનાવતા? કારણ આમાંથી નીકળીને તો વિદ્યાર્થીઓને રાષ્ટ્રસેવા અને સમાજસેવાનો અવસર મળશે, જ્યારે સરકારી વિદ્યાલયોમાં રહીને તો સરકારી ચક્કી ચલાવવાની છે, સરકારને ગુલામીનું રાજ્ય કાયમ રાખવામાં મદદ કરવાની છે." ('નવજીવન' તા–૨૭–૩–૨૭ ના અંકમાંથી)

૭૦–વીજળીથી સાવચેત રહેવાની જરૂર

આકાશમાં ઘનઘોર વાદળ છવાયાં હોય અને વીજળી ચમકાર કરી રહી હોય, ત્યારે કોઇએ પણ અગાશીમાં નહિ જવું જોઇએ.

યાદ રાખવું કે, ઉંચી ચીજો. જેવી કે ઝાડ, ધ્વજા યા કોઇ ઉંચી ઇમારત વીજળીને પોતાની તરફ ખેંચે છે, માટે આ ચીજોથી દૂર રહેવું જોઇએ. જો તમે કોઇ ઝાડવાળી જગામાંજ હો તો ઝાડની પાસે ન જવું. જો એકલા અને બીજાઓથી જુદા ઉભા હો તો ઝાડના ઝુંડમાં રહેવું, ઉંચાં ઝાડથી દૂર રહેવું.

વરસાદ વરસતો હોય અને વાદળ ગાજી રહ્યું હોય તો દોડીને એક સ્થળેથી બીજે સ્થળે ન જવું; દોડવાથી હવામાં હલનચલન પેદા થાય છે, તેનાથી થતા વેગને લીધે વીજળી તેના તરફ ખેંચાઈ આવશે.

આવે વખતે તમે કોઇ ઘરમાં હો તો બારીએથી દૂર રહેજો

૭૨—ગામડીઆઓનાં સદ્ભાગ્ય અને શહેરીઓનાં દુર્ભાગ્ય !

લોકગીતાના એક લોકકવિએ સમાજને એક પ્રશ્ન પૂછ્યો છે કે, શહેરના લોકો પ્રભુને દિવસમા કેટલી વખત યાદ કરે છે? જુઓ, ગામડાના લોકો તો લોકગીતોદ્વારાજ પોતાની સ્થિતિનું રસિક વર્ણન કરે છે કેઃ—

હું તો ઢોલે રમું ને હરિ સાંભરે રે,
મારાં હૈડાં પડી પડી જાય રે; ઢોલે૦
હું તો દાતણ કરૂં ને હરિ સાંભરે રે,
મારાં દાતણીયાં પડીપડી જાય રે; ઢોલે૦
હું તો નાવણુ કરૂં ને હરિ સાંભરે રે,
મારાં નાવણીયાં ઠરી ઠરી જાય રે; ઢોલે૦
હું તો ભોજન કરૂં ને હરિ સાંભરે રે,
મારાં ભોજનિયાં ઠરી ઠરી જાય રે; ઢોલે૦
હું તો પોઢણુ કરૂં ને હરિ સાંભરે રે,
મારી નિંદરડી ઉડી ઉડી જાય રે; ઢોલે૦

શેરીએ શેરીએ ચંદ્રિકા ચમકે એટલે લોકહૃદય એ ચંદ્રિકાના તેજમાં નાચી ઉઠે; ઢોલ વાગતાં લોકહૃદયમાં પ્રભુનાં મીઠાં સ્મરણાં જાગે અને ખાતાં—પીતાં, બેસતાં—ઉઠતાં અને સૂતાં એ સ્મરણાં જાગ્યા જ કરે; એ લોકજીવન ક્યાં અને આજનું શહેરી જીવન ક્યાં! પેટને ખાતર, કીર્તિને ખાતર, સમાજમાં જીવવાને ખાતર, ગમે તેને ખાતર, સવારથી સાંજ સરવાળા અને બાદબાકી કરતો એકાદ મુંબઈ જેવી મોહમયી નગરીનો રહીશ ક્યાં? એને જીવનની દરેક મિનિટ પૈસા કયી રીતે કમાવા એજ વિચાર હોય છે. કદાચ પૈસાનો વિચાર ફળીભૂત થાય તો સમાજમાં સારો કેમ કહેવાઉં? એ ચિંતા ઉભી થાય છે. કદાચ એમાંથી મુકત થાય તો સરકારદરબારમાં માન-પાન શી રીતે પામું એની ઉપાધિઓ વળગે છે. આવી સ્થિતિમાં

[illegible] શહેરમાં રહેનારો પ્રભુને કેટલી વખત યાદ કરે છે.? એ પ્રશ્ન [illegible] દિવસ જરૂર પુછજો. બહુ ઓછા ટકા, તમે ન માનો એટલા [illegible] આંકમાંડ પ્રભુને દિવસમા એકાદ વખત યાદ કરતા હોય તો [illegible] જશે! આખી ગીતા વાંચનારા, સવારમાં પુજનના પાટલા પાસે [illegible] માળા ફેરવનારા, પણ હરિને સાચી રીતે એકધ્યાનથી યાદ [illegible] છે કે નહિ? એનો જવાબ તો તેઓજ આપે તો ઠીક. પ્રભુને [illegible] કરવામાં જે તલ્લીનતા—જે એકધ્યાનની મસ્તી જોઈએ એ તો [illegible] ઓછાના ભાગ્યમાં લખ્યું હોય છે. આવું જ્યાં સમાજની [illegible] ચર્યાનું ચિત્ર છે, એ સમાજ, કોઈ વ્યક્તિ, જ્ઞાતિ કે દેશને [illegible] તલ્લીન બને એ ન માની શકાય એવી વાત છે.

(તા. ૨૮-૪-૨૭ ના 'સોદાગૃદિનેસ્ગુ' માંથી)

૭૩-हिंदुवटने हाकल !

("સૌરાષ્ટ્ર" ના તા. ૨૩-૪-૨૭ ના અંકમાંથી ઉદ્ધૃત)

હિંદુ સંગઠન એટલે હિંદુ નામ ધરાવતા આ આર્યભૂમિના [illegible] એ પુત્રને હિંદુત્વના [illegible] ઝુંડા નીચે ભેગા કરવા તે. હિંદુ [illegible]ઠન એટલે ગમે તે પંથ કે ધોરણનું તિલક કરતા પણ હિંદમા [illegible]ત્વનું ઉજ્જ્વળ અભિમાન ધરાવતા ચાલીસ કરોડ આર્યોને [illegible]ની [illegible] [illegible] કરવા તે [illegible] [illegible] [illegible] [illegible] આજ [illegible] [illegible] હોય તો હું કહું છું કે, અમે [illegible] [illegible]ઈએ.

[illegible] [illegible] [illegible] કરે છે કે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] બનતી જાય છે. [illegible] [illegible] [illegible] [illegible] છે કે, [illegible]

એમ અર્થ થતો હોય તો હું કહું છું કે, હિંદુ હવે એ સહિષ્ણુતા-માં નથી માનતો. એ સહિષ્ણુતા નથી પણ આત્મસંહાર છે. કોઇ કોમ આત્મ-સંહારમાં નજ માની શકે.

'હિંદુઓને હું એટલુંજ કહેવા માગું છું કે, તમને આ પૃથ્વી ઉપરથી સાફ કરી નાખવા જબ્બર પ્રવૃત્તિ ચાલી રહી છે. એ આક્ર-મણકારી પ્રવૃત્તિની હાજરીમાં તમે નિષ્ક્રિય રહેશો એ નહિ ચાલે. હિંદુની આજની લાચાર દશા એ તેની નિષ્ક્રિયતાનુંજ પરિણામ છે. કોઇ ન માનજો કે, હિંદુધર્મ અપમાનો સહ્યા કરવાનું સૂચવે છે. હિંદુઓ! વસ્તુસ્થિતિને ઓળખો અને તેનો મર્દાનગીપૂર્વક સામનો કરો.

'દુનિયાની કોઇ પણ પ્રજા જેને માટે મગરૂર બની શકે એવા તમારા વિશિષ્ટ ધર્મ અને સંસ્કૃતિ ઉપર આજે આફત ઝઝૂમી રહી છે. કાં તો તમે તમારા મનુષ્યત્વની ઘોષણા કરો અને આફતને ટાળી નાખો; અને કાં તો તમારી ગરવી સંસ્કૃતિને અને તમારા પ્યારા ધર્મને ભીરુતાપૂર્વક નાશ પામવા દો. હિંદુઓની જો આજન[illegible] મનોદશા નહિ બદલાય તો હિંદુ કોમ અને હિંદુધર્મ તથા હિંદુસં-સ્કૃતિનો આ પૃથ્વી ઉપરથી લોપ થશે......હું દુનિયાના દેશ દેશમ[illegible] ભટકયો છું, અને મેં તમામ પ્રજાઓના ઇતિહાસ અને સંસ્કૃતિ[illegible] અવલોકન કર્યું છે. એ બધા પછી, હું પ્રમાણિકપણે માનું છું કે[illegible] હિંદુસંસ્કૃતિ અને હિંદુ જીવનની કયાંય જોડી મળે તેમ નથી. મ[illegible] શ્રદ્ધા છે કે, એક દિવસ આખું જગત આ હિંદુસંસ્કૃતિની ઉપાસન[illegible] માંડશે; પણ એ શુભ દિવસ ઉગે ત્યાંસુધી, હિંદુઓ! તમે તમાર[illegible] સંસ્કૃતિને જીવતી રાખી શકશો?'

(લાલા લજપતરાયના ભાષણ ઉપરથી

...માટુંગામાં ભિખારીઓ માટે ખ્રિસ્તી છાવણી

... ભિખારીઓને મદદ કરનારા કમિટિના કામકાજનો ...નો મ્યુનિસિપલ કોરપોરેશન ઉપર મોકલવામાં આવ્યો છે. તેમાં ...વવામાં આવે છે કે, માટુંગામાં રાવલી કેંપ ઉપર ઉભા કરેલા ...વેલી ભિખારીઓની કુલ સંખ્યા ૨૧૭૮ નીચે મુજબ છે— ...મી ૨૯૮, હિંદુ ૮૧૬, ખ્રિસ્તી ૬૮, જુદી જુદી જાતના ૪૯૯. ... પ્રમાણે ભિખારીઓની સંખ્યા નીચે મુજબ છેઃ—મરવાડી ...૯, મરાઠા ૨૨૨, મહાર ૧૯૫, ભામ્બા ૮૧, હિંદુ ૮૧, ખ્રિસ્તી ... ચૌધરી ૩૫, મદ્રાસી ૩૨, માંગ ૧૮, ઠાકોર ૧૬, તેલુગુ ૧૫, ...૧૫, આહીર ૧૪, ચમાર ૧૩, પરદેશી ૧૨, કોળી ૧૧, ... ૯, ધાંડી ૮ અને બીજી ન્યાતોના બીજા ૩૧ જણા છે.

મરાઠા મુલકમાંથી ભિખારીઓની સર્વથી વધુ સંખ્યા જોવામાં ... છે. તેનો સબબ સને ૧૯૪૧ માં તે તરફ ચાલેલા દુકાળનો ... તે વેળાએ આ શહેરમાં કામ શોધવા આવેલાઓ સાથે લંગડા, ... આંધળાં વગેરે પણ આવ્યા હતા. કેટલાક આખા કુટુંબો ...માં હતાં, જેમાં કેટલાક દાખલાઓમાં માબાપ આંધળા હતા, તેઓનાં પાંચ છ નાના છોકરા હતા.

ઘણા ઇસ્લામીઓ મુંબઇમાં ઉત્તરહિંદથી આવે છે, પણ ઘણા ...સાઓમાં તેઓ લાંબા વખત સુધી પ્રથમ મુંબઇમાં ધંધો કરે છે.

...છાવણીમાં તદ્દન લાચારોને દાખલ કરવામાં આવે છે, જે નીચલા ...ડા ઉપરથી જોવામાં આવશે. દાખલ કરવામાં આવેલાઓમાંથી ... આંધળા, ૧૮૮ લંગડા, ૩૯૦ બિમાર, ૩૦ નબળા મગજના અને ...ગામહેરા હતા; જ્યારે ૧૬ વરસની અંદરના છોકરા ૩૨૪ હતા.

ભિખારીઓમાં ઘણીખરી બિમારી પુરતા ખોરાકની ગેરહાજરી ખુલ્લામાં રખડવાને પરિણામે લાગુ પડે છે. તેમાંના કેટલાક ટકા નાલાયક થઇને પોતાના બિમાને લઇ અથવા તો પોતાને ... જાય છે; જ્યારે મોટો ભાગ કાયમનો અશક્ત હોય છે.

મુક્તિફોજના આસામીઓ મહોલ્લે મહોલ્લે ફરી ભિખારીઓને

સમજાવવાને છાવણીમાં લાવે છે. કોઇ પણ ભિખારીને તેની મરજી વગર જબરીથી છાવણીમાં મોકલવામાં આવતો નથી.

ભિખારીઓને નિયમિત ખોરાક આપવામાં આવે છેઃ-સવારે ૭ વાગતે ચા, બપોરે ૧૧ વાગતે કઢી-ચાવલ; સાંજે ૭ વાગતે ચાવલ, દાળ અને રોટલી તથા જેઓ માગે તેમને અઠવાડિયામાં બે વાર માંસ આપવામાં આવે છે. બને ત્યાંસુધી રોટલી વગેરે બનાવવામાં ભિખારીઓ પોતે બાવરચીને મદદ કરે છે. છાવણીમાં બે વૉર્ડ સ્ત્રીઓ માટે અલાહેદા રાખવામાં આવ્યા છે. આ છાવણીમાં એકી વેળા આશરે અઢીસો ભિખારીઓ રહે છે.

ભિખારીઓની તબીબી સારવાર ઉપર પહેલું ધ્યાન આપવામાં આવે છે.

છાવણીનો લાભ ફક્ત અશક્ત ભિખારીઓને આપવામાં આવે છે, જેથી તેઓ પાસેથી ફતેહમંદીથી કામ લઇ શકાય એમ નથી; તે છતાં કેટલાકો ખુરશીને નેતર ભરવા જેવાં કામ કરે છે, પણ છાવણી વસ્તીથી દૂર આવ્યાથી એવાં કામ ઝાઝાં મળતાં નથી. તેને વણતાં શીખવવા માટે બે શાળો પણ રાખવામાં આવી છે અને તેમાં વધારો કરવાનો ઇરાદો રાખવામાં આવ્યો છે. વળી ઘણાઓ ખાલી જમીન ઉપર ખેતીનું કામ ખુશીથી કરે છે. આ છાવણી ઉપર મુક્તિફોજ દેખરેખ રાખે છે.

ભિખારીની નિભાવણી ઉપર માસિક રૂપિયા દશનો ખર્ચ આવે છે. ભિખારીઓને મદદ કરનારી મંડળી, ભિખારીઓની કાયમની છાવણી વધારે સારા પાયા ઉપર ખોલવાની અને પાંચસો ભિખારીઓને નિભાવવાની ખાહેશ રાખે છે, જેથી મંડળી કૉરપોરેશન પાસેથી વધુ ગ્રાન્ટની મદદ માગે છે. કૉરપોરેશને ૧૯૨૨ ના વરસ માટે માસિક રૂપિયા દોઢ હજારની ગ્રાન્ટની બહાલી આપી હતી.

(ઓ હિંદુ-આર્ય પરોપકારીઓ! છે તમને તેમના જેવી સ્વધર્મ સ્વદેશ માટે ઉંડી લાગણી! કાળજી! તાલાવેલી! ધર્મવૃત્તિ અને પરોવૃત્તિ માત્ર ઉપર ઉપરની ન હોય તો આંવળાને પણ સૂઝે તેવી તક [illegible]ર્યક્ષેત્રનો ટોટોજ કયાં છે. લિ૦ બરાબ ભિક્ષુ-અખંડાનંદ)

૭૫–જુવાનોની ઘરડી મનોદશા !

("લોહાણા હિતેચ્છુ"માં લેખકઃ–શ્રી. જદુરાય ડી. ખંધેડીઆ)

"ઘરડાંઓનાં મહાજનો, ઘરડાંઓના રીતરિવાજ, ઘરડાંઓની રહેણીકરણી અને ઘરડાંઓના અવાજમાં સાદ જોનાર જુવાનીઆઓ! જુવાન શરીરોની મનોદશા જુવાન છે ખરી?"

બાર બાર વર્ષના જાહેર અને સાહિત્યજીવનના કડવા–મીઠા અનુભવો પછી મને આ પ્રશ્ન થાય છે. ઘણા અનુભવને અંતે પણ નિર્ણય કરવાની મને સત્તા હોય તો એ પ્રશ્નનો જવાબ હું તો નિરાશાજનક આપું.

બીજાઓને સુધારવા જનારાઓ પોતેજ બગડેલા છે–હોઇ શકે છે એ જોતા નથી. બહાર સુધારો ઇચ્છનારા અંદર સડતા હોય છે. પગ નીચેનું બળતું મૂકી શેરીની આગ હોલવવા જનારા આ વીસમી સદીના માણસાઈ બંબાઓએ ગાડી પાછી હાંકવી જોઇએ.

"મહાજનોને સુધારવા, કુરિવાજો નાબુદ કરવા, સેવા કરવા" એવા એવા તરેહવાર ઉદ્દેશોમાટે યુવકમંડળો સ્થપાયં છે. હવે આપણે એ સુધારક મંડળોનેજ તપાસીએ કે, તેઓ પોતે કેટલા સુધરેલા છે?

યુવકોમાં જેમ બાલ ઓળવાની, ફુલ–ફટાકિયા થઇને ફરવાની અને સીગરેટ પીવાની ફેશનો છે, તેમ તેમની સંસ્થાઓમાં નીચેની નવી ફેશનો દાખલ થયેલી મને જણાય છેઃ–

૧–કોઇ શ્રીમંત શોધી કાઢી તેને પ્રમુખ બનાવી દેવાની ફેશન.
૨–છે એટલું બધું ખરાબ માનવાની ફેશન.
૩–પૈસા વગર સેવા ન થાય એમ માનવાની ફેશન.
૪–સભાના નિયમો ઉંચા મૂકી મનમોજીપણે કામ કરવાની ફેશન.
૫–મંડળના ફંડથી ઉજાણી, ચા–પાણી ઇ૦ કરવાની ફેશન.
૬–લાયકાત નહિ છતા બોલી નાખવાની કે લખી નાખવાની ફેશન.

આ યુવકજાગૃતિના જમાનામા આ ફેશનો છુપા વેશમા ઘુસતી ચાલે એ શું ઇચ્છવા જોગ છે! યુવકોનો મહણનો હિમ કયે દિવસે તે મને કોઇ કહેશે? એમનું ઘર ક્યારે સાફ થશે, તે કોઇ લખશે?

ખાલી ગપ્પાં નથી, અનેક પુરાવાઓ ઉપલા વિધાનના સમર્થનમાં રજુ કરી શકાય તેમ છે.

૭૬—મરિયાં અનેક રોગોની ઉત્તમ દવા છે.

("વાયડા મિત્રમાં" લેખિકાઃ—તિલોત્તમા ત્રીકમલાલ કે. શાહ)

ઘરમાં હમેશાં વપરાતી આ નજીવી ચીજ ઘણા રોગને મટાડવાની શક્તિ ધરાવે છે. તેમાંના થોડાક પ્રયોગો નીચે આપ્યા છે

મંદાગ્નિ ઉપર—મરી ભાંગ સાથે લેવાથી તે સખ્ત ભૂખ લગાડે છે

„ „ મરી પાન સાથે લેવાથી તે સખ્ત ભૂખ લગાડે છે

હડકાયા કૂતરાના વિષ ઉપર—મરીનું સંચળ સાથે સેવન કરવાથી હડકાયું કૂતરૂં કરડયાનું ઝેર ઉતરે છે.

કમળા ઉપર—મરી અને કરીઆતુ લેવાથી કમળો મટે છે.

કમળો—મરી કાકડાશિંગ સાથે લેવાથી મટે છે.

કમળો—મરી બાળી નાખી ભાંગ સાથે લેવાથી મટશે.

દારૂહળદર સાથે મરી સેવવાથી **કમળી** મટે છે.

બરોળ ઉપર—ટંકણખાર સાથે મરી લેવાથી બરોળ મટે છે.

પિત્ત ઉપર—આંબળા સાથે મરી લેવાથી પિત્ત મટે છે.

રક્તપિત્ત—જીરા સાથે મરી લેવાથી રક્તપિત્ત મટે છે.

રક્તપિત્ત—મરી અરણીના રસ સાથે સેવન કરવાથી રક્તપિત્ત તથા તેને લગતા રોગો મટાડે છે.

ઉધરસ—બહેડાં સાથે મરી લેવાથી મટે છે.

વીંછી ઉપર—મરી અને ઘોડાવજ ઘસીને ચોપડવાથી પીડા મટે છે.

ભગંદર ઉપર—મરી અને તલિયો દેવદાર લેપ કરવો.

વાયુ ઉપર—પીપર સાથે મરી લેવાથી વાયુ મટે છે.

પ્રમેહ ઉપર—મરી સુંઠ સાથે લેવાથી તે પ્રમેહ મટે છે.

વાંઝીઆપણું—કસ્તુરી સાથે મરી લેવાથી મટે છે.

ધાતુપુષ્ટિ માટે—ધોળી મુસળી સાથે મરી લેવાથી પુષ્ટિ આપે છે.

વીર્યસ્તંભન માટે—અક્કલગરા સાથે મરી લેવાં.

ઝાડા ઉપર—મરી ભાંગરાના રસ સાથે લેવાથી તે અતિસારને મટાડે છે.

૭૭-पाणीना अनुभवी उपायो

(લેખક-પંડિત મહાવીરપ્રસાદ શર્મા વૈદ્ય)

अप्स्वन्तर् मृतमप्सु भेषजम । अप्सु सोमो अब्रवीदन्त-र्विश्वानि भेषजा ॥ आप पृणीत भेषजं वरूथ्य तन्वे मम । शं न आपो, धन्वन्या, शंमुसन्त्वनूप्याः ॥ शं नः खनित्रिमा आपः शमुयाः कुम्भ आभृताः । शिवा नः सन्तु वार्षिकी ॥ (वेद)

અર્થાત્-જળમાં અમૃત છે, જળ ઔષધિ છે, જળમાં સૌ ઔષધો છે. હે જળ! તું અમારા શરીરમાં રોગ નિવારનાર ઔષધિ-રૂપ થાઓ. અમને મરૂભૂમિ તથા અનુપદેશનું જળ હિતકારક થાઓ. કુવાનું જળ, ઘડામાં ભરેલું જળ સુખદાયક થાઓ. વરસાદનું જળ કલ્યાણદાયક હો વગેરે

પણ આજ જળ રોગ જમાએ અમૃત અને રોગ જમાએ ઝેરનું કામ કરે છે. જુઓ, એ બાબતમાં પણ એક વિદ્વાને કેવું સરસ કહ્યું છે કે:—

ઉષ્ણ શીતલ જલ પવનપર, પાવ કુયોગ સુયોગ;
હોત કુવસ્તુ સુવસ્તુ જગ, લખહિં સુલક્ષણ લોગ.

पयः कीलालममृतं जीवनं भुवनं वनम् । (अमरकोशः)

અમૃત અને જીવન [illegible] જળનાં નામ છે.

જેમ, ત્રિવેણી વગેરેમાં સ્નાન કરવાનો મહિમા મોટો છે; [illegible] ત્યાંના [illegible] અનેક [illegible] હોય છે. તેમાં સ્નાન કરવાથી અથવા [illegible] રોગ નાશ પામે તો તેમાં આશ્ચર્ય [illegible] કુદરતની જળચિકિત્સા-[illegible] સ્નાનથી [illegible] થાય છે. [illegible] ઉપર્યુક્ત [illegible] લખીએ છીએ.

[illegible] છે, [illegible] અને [illegible] નહિ.

(૨) ભોજન બાદ ભીના હાથ એકબીજા સાથે ઘસીને આંખોએ લગાવવાથી આંખોમાં અંધારાં આવતાં નથી.

(૩) જે માણસ સૂર્યોદય પહેલાં અર્થાત્ ઉપઃકાળમાં આઠ અંજલિ શીતળ જળ પીએ છે, તે વાતપિત્તાદિ રોગો ઉપર જય મેળવી દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરે છે.

(૪) પ્રાતઃકાળે જળ સુંઘવાથી વાળ ધોળા થવા, સળેખમ, સ્વર-ભંગ, ખાંસી અને શોથરોગ નાબુદ થાય છે તથા આંખોનું તેજ વધે છે.

(૫) સૂતી વખતે પગ ધોઈને સૂવાથી ઉંઘ સારી આવે છે, આંખોનું તેજ વધે છે અને ખરાબ સ્વપ્નો આવતાં નથી.

(૬) પ્રાતઃકાળમાં લોટે લોટે પાણી રેડી સ્નાન કરવાથી રૂપ, તેજ, બળ, બુદ્ધિ, પવિત્રતા, યશ, મેધાશક્તિ, આયુષ્ય અને આરોગ્ય-ની વૃદ્ધિ થાય છે તથા મળવૃદ્ધિ અને ખરાબ સ્વપ્નનો નાશ થાય છે.

(૭) વહેતા પાણીમાં સ્નાન કરતી વખતે અંડકોષો ધોવાથી કેટલાક માણસોનો અંડવૃદ્ધિનો રોગ મટી ગયો છે.

(૮) સાપના ઝેર અને અફીણના ઝેરમાં રોગીમાં ચેતન ના આવે ત્યાંસુધી માથા ઉપર ઘડેઘડા પાણી રેડવું. આથી ચમત્કારિક લાભ થાય છે.

(૯) પૈત્તિક (પિત્તથી થયેલા) ઉન્માદના રોગીને ૧૦૮ ઘડા પાણીથી સ્નાન કરાવવું ઘણુંજ ફાયદાકારક છે.

(૧૦) અગ્નિ ઉપર ઉકાળીને ¾ ભાગનું પાણી રહે તે પીવાથી પિત્ત, અર્ધું રાખીને પીવાથી કફ અને ચોથા ભાગનું રહે તેટલું ઉકાળેલું પાણી પીવાથી વાતરોગનું શમન થાય છે.

(૧૧) બત્રીસ દીપક (કોડિયાં) પાણીને ઉકાળીને તેમાંથી એક કોડિયા જેટલું પાણી બાકી રહે તે પાણી સહેજ ગરમ ગરમ કેટ-લીક વાર જરૂર પ્રમાણે પાવાથી ભયંકર સન્નિપાત જ્વરમાં અવશ્ય ફાયદો થાય છે.

(૧૨) કફ અથવા લોહી સૂકાઇ જવાથી કે રોકાઇ જવાથી થયેલી આધાશીશી કોઈ પણ પ્રકારે મટતી નથી, તે ઉપર પ્રાતઃ-

કાળમાં નાકવાટે થોડું થોડું પાણી પીવાનો અભ્યાસ પાડવાથી હમેશ-માટે સારું થઈ જાય છે.

(૧૩) પ્રાતઃકાળમાં નાકવાટે પાણી પીવાથી સળેખમ મટી જાયછે.

(૧૪) અત્યંત વ્યાયામ, કરવાથી શરીરમાં ગરમી ઘણી વધી ગઈ હોય તો તરતાં તરતાં કેટલોક વખત હમેશાં સ્નાન કરવાથી તે શાંત થઇ જાય છે.

(૧૫) પગે ચાલવાની મુસાફરીમાં કેટલેક અંતરે પાણીથી પગ ધોતા રહેવાથી મુસાફરીનો તાપ અને થાક બહુ જણાતો નથી.

(૧૬) પાણીમાં બેસીને બસ્તીપ્રદેશને ઘસી ઘસીને ધોતા રહેવાથી બસ્તિપ્રદેશના કેટલાય રોગ નાબુદ થાય છે.

(૧૭) દાંતના દુખાવામાં વહેતા પાણીમાં (જેમકે યમુનાજળમાં) વારંવાર કોગળા કરવાથી અને આંગળી વડે ધીમે ધીમે ખૂબ ઘસવાથી અવાળાં ફૂલવાં તથા બીજા રોગો નાબુદ થાય છે.

(તા. ૨૮-૩-૧૯૨૭ના "કૈલાસ"માંથી)

७८—धर्मने नामे लडी मरता भारतवासीओने

ચક્રવર્તી મહારાજા અશોક શિલાલેખદ્વારા શું કહે છે?

(તા. ૧૫-૭-૨૭ના "રાષ્ટ્રશક્તિ"નું મુખપૃષ્ઠ)

"દેવાનાં પ્રિય પ્રિયદર્શી રાજા (અશોક) સર્વ ધર્મના સાધુઓ તથા ગૃહસ્થોને દાન વડે તેમજ અન્ય વિવિધ પ્રકારે પૂજે છે; પણ રાજા દાન અને પૂજાને એટલું મહત્ત્વ નથી આપતો જેટલું સર્વ પંથની સારવૃદ્ધિને. સારવૃદ્ધિ અનેક પ્રકારની છે; પણ તેનું મૂળ તો વાણીનો સંયમ એજ છે. વાણીનો સંયમ એટલે શું? આપણે આપણી ભાષા ઉપર એવો કાબુ રાખવો જોઈએ, કે જેથી પોતાના પંથનીજ સ્તુતિ અને પારકાના ધર્મની નિંદા ન થાય. ધર્મચર્ચા જેવા ગંભીર પ્રસંગસિવાય ગમે તે વખતે પોતાના

ધર્મની સુંદરતા અને બીજાના ધર્મની એબ બતાવવા બેસવાથી આપણને હીણપત લાગે છે. જે વખતે જેવો પ્રસંગ હોય તે વખતે તે તે પ્રકારે પરધર્મીનો આદરજ કરવો ઘટે છે. આમ કરવાથી માણસ પોતાના ધર્મને ખૂબ વધારે છે અને બીજાના ધર્મની પણ સેવા કરે છે. એમ નહિ કરવાથી માણસ પોતાના ધર્મને પણ તોડે છે અને બીજાના ધર્મને પણ નુકસાન પહોંચાડે છે.

માણસ પોતાના ધર્મનાં વખાણ કરે છે અને પરધર્મની નિંદા કરે છે, તે તો પોતાના ધર્મની ભક્તિથીજ કરવા જાય છે: તેને થાય છે કે, ચાલો આપણે આપણા ધર્મને સુંદર કરી બતાવીએ; પણ તેમ કરતાં તે પોતાના ધર્મનેજ ભારેમાં ભારે નુકસાન પહોંચાડે છે, પોતાના ધર્મનોજ ભારે ઘાત કરે છે. બધા ધર્મોમાં પ્રેમભાવ હોય, બધા હળીમળીને રહે, જાણે કુટુંબ એજ સારૂં છે, એટલે જુદાજુદા પંથવાળા લોકો ધર્મનો ઉપદેશ સાંભળે અને તેનું પાલન કરે.

અશોક રાજાની ખાસ ઈચ્છા છે કે, સર્વ પંથના લોકો બહુશ્રુત થાઓ અને તેમનું જ્ઞાન કલ્યાણકારી નીવડો. (ધર્મ ધર્મ વચ્ચેના ઝઘડા ત્યારેજ શમે કે જ્યારે બહુશ્રુત થવાથી માણસના વિચારની અંધતા મટી જાય છે અને માણસની વિદ્વત્તા સમાજને કલ્યાણ તરફ દોરે.) આ વાત જેમને પસંદ હોય તેમણે લોકોને સમજાવવું જોઈએ કે, અશોક રાજા દાન કે પૂજાને એટલું મહત્વ નથી આપતો જેટલું સર્વ ધર્મોની સારવૃદ્ધિને એટલે કે કલ્યાણ કરવાની શક્તિને. એટલા માટેજ તેણે ધર્મ–મહામાત્રો નીમ્યા છે. સ્ત્રીઓને માટે ઉપદેશકો નીમ્યા છે, વ્રાત્યભૂમિકો નીમ્યા છે અને બીજી સભાઓ પણ સ્થાપી છે. આનું ફળ એ છે કે, દરેકના ધર્મની પણ વૃદ્ધિ થઈ જાય અને ધર્મનો વિજય થાય."

(—અશોક–શિલાલેખ—)

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

વતઃ કાર્ય ઔર ઉદ્યોગ સે ઘૃણા કરતા હૈ. ઐસે મનુષ્ય ઇસમેં થોડે હી હોંગે, જિનમેં ઇસ પ્રાકૃતિક નિયમ કે ઉલ્લંઘન કરને કે યોગ્ય આત્મિક શક્તિ હો."

"દરિદ્રતા હી વહ શક્તિ હૈ, જિસસે મનુષ્ય કાર્ય ઔર ઉદ્યોગ કરને લગતા હૈ. કેવલ ઇતના હી નહીં, ઇસમેં એક વિશેષ ગુણ ભી હૈ—યહ મનુષ્ય કો વાસ્તવિક 'મનુષ્ય' બનાતી હૈ."

"દરિદ્રતા સે મનુષ્ય કા ઉન હજારોં, લાખોં વ્યક્તિયોં સે સંપર્ક હો જાતા હૈ, જિનકી આવશ્યકતાએં ઔર દુઃખ-દર્દ, સ્વાર્થપરતા ઔર ઉસકી આત્મા કો વિશ્વાત્મા કી મધુર સંગીત ધ્વનિ સે અનુગુણિત કર વ્યક્તિગત સ્વાર્થ કો સંસાર કે સ્વાર્થ મેં વિલીન કર દેતી હૈ, જિસસે વહ સમસ્ત સંસાર કો અપના સમઝને કા મહાજ્ઞાન પ્રાપ્ત કર લેતા હૈ."

"દરિદ્રતા આત્મ-શક્તિ પ્રદાન કરતી હૈ ઔર શિષ્ટાચાર કી સુંદર શિક્ષા દેતી હૈ. અતએવ દરિદ્રતા કોઇ ઇશ્વરીય પ્રકોપ યા શાપ નહીં, બલ્કિ પરમ પિતા પરમાત્મા કા સર્વોચ્ચ આશીર્વાદ હૈ."

("હિંદૂપંચ"ના એક અંકમાંથી)

૮૦—આ તમારૂં શિક્ષણ નહિ પણ ભક્ષણ છે.

(લેખકઃ—શ્રી. મૂળશંકર જાદવજી વ્યાસ)

આપણી નિશાળો અને વિદ્યાલયો દેશોન્નતિનાં અમીઝરણાં હોઇ શકે, આપણો સમાજ અને ધર્મ ઇતિહાસના દુર્ગસમાં હોઇ શકે, સ્વાતંત્ર્ય અને સ્વરાજના રથચક્રસમા બની શકે; પરંતુ એ બધું ક્યારે? જ્યારે એ શિક્ષણ-કારોબાર આપણા મત મુજબ ચલાવાય ત્યારેજ.

અંગ્રેજો પૂરા વિચક્ષણ છે, એમણે ભારતવર્ષનો યશસ્વી ઇતિહાસ નિહાળ્યો, એમણે આર્ય સંસ્કૃતિની ઝમક તથા પ્રાચીન ઋષિમુનિઓના પવિત્ર સંસ્કારો જોયા, પ્રાચીન શૂરવીરોના વીરત્વનાં

ગુણગાન સાંભળ્યાં, બ્રહ્મર્ષિઓની ગૃહે ગૃહે વ્યાપી રહેલી બ્રહ્મદીક્ષાઓનું સચરાચર તેજ ભાળ્યું, ભીમ અને રપાટીના કેસરીઓથી પણ અધિક ક્ષત્રિયોની બરમમાં છુપાયેલી દૈવી શક્તિની ચીનગારીઓ ભાળી, વૈશ્યોનાં વાણિજ્યશક્તિનાં માહમો માપ્યાં, શૂદ્રોની ભક્તિપરાયણ નિઃસ્વાર્થ સેવાઓ જોઇ, આકાશમાંથી ઉતરતા વજ્ર સામે ટટાર ઉભા રહેનાર વીરકેસરીઓની સુકીર્તિઓ સાંભળી અને રણમેદાને જતા કંથને કુમકુમતિલક કરીને કમરે સમશેર બાંધનારી અને મૃત પતિની સાથે ચિતામા હસતે મોઢે 'જય માતૃભૂમિ, જય માતૃભૂમિ' 'જય પતિદેવ, જય પતિદેવ'ની જયગર્જના કરતી સળગી જનારી ભાગતી સતીઓનો અપાર મહિમા માંભળ્યો.

જે દેશમાં આવી અજબ સંસ્કૃતિ; આવું અદ્‌ભુત ઘડતર, અનેરૂં ઓજસ અને અપૂર્વ શક્તિ હોય; આ ક્ષણભંગુર દેહને ફેડીને યશસ્વી દેહને ચિરંજીવી કરવાની હોંશ જે દેશમાં હોય; એવા દેશની વિરાટ પ્રજાને વશ કરવાવાળું-તેને ગુલામ બનાવવાવાળું આ જગનમાં કોઇ જન્મ્યું નથી. એ સનાતન સત્ય અંગ્રેજોની વિચક્ષણ બુદ્ધિએ પારખી લીધું ભારતવર્ષમા અંગ્રેજ સલ્તનતના પાયા ઉંડા નાખવા એ વિદેશીઓએ હિંદના બાળહૈયા ઉપર જુદીજ છાપ ચીતરવા માંડી. હિંદની અગાધ શક્તિને મુઠ્ઠીમાં પકડી અને આ દેશમા ટેક, સ્વમાન અને પવિત્ર કીર્તિ માટે મરી ફીટવાનું આદર્શ શિક્ષણ મળતું, તેજ દેશમા આજે અમારા યુવાન હિંદીઓની કૉલેજોમા ભ્રિટિશો સમા કોઈ બહાદુરો પાકયા નથી, હિંદના ઇતિહાસમાં યુરોપના ઇતિહાસ સમુ દૈવત નથી, વેલિંગ્ટન અને નેલ્સન તો ઇંગ્લાંડમાંજ પાકે, નેપોલિયન અને ક્રોમ્વેલ તો યુરોપમાંજ જન્મે, ઇલીઝાબેથ અને મહારાણી વિક્ટોરીઆ જેવી સ્ત્રીવિભૂતિઓ તો લંડનની પટરાણી ગાદીએજ હોય'

વાચક ' ભારતીય માનદાસનો પડદો જરા ઉંચો કર. ઇંગ્લાંડ કે યુરોપની વિભૂતિઓના નામો તો ત્યાંજ અમર હશે અને ત્યાંજ રહેશે.

પરંતુ જગતના દેઢસો કરોડ માનવલોકના ઇતિહાસમા ભગ-

વાન શ્રીકૃષ્ણ અને પ્રતાપી રામચંદ્ર કેટલા થયા છે? જગતમાંથી ગર્વનો નાશ કરનાર પરશુધારી રુદ્રના અવતારસમા ભગવાન પરશુરામ કેટલા છે? દ્રૌપદી અને સીતા જેવી અખંડ દેવીઓ, દમયંતી અને તારામતી જેવી આદર્શ સતીઓ કેટલી છે? શત્રુઓને સંહારનારી દુર્ગાના અવતારસમી, બ્રાહ્મણસમાજના રત્નસમી લક્ષ્મીબાઈ કેટલી છે? મહાન સિકંદર જેની અપૂર્વ શક્તિથી શરમાયો તેવા બ્રાહ્મણસમ્રાટ પોરસ કેટલા છે? મહારાણા પ્રતાપ અને વીર દુર્ગાદાસ કેટલા છે? દેશદિવાલો ખડી કરીને શત્રુઓની સામે માતૃભૂમિની રક્ષા માટે કિલ્લા રચનારા બ્રહ્મતેજથી દેદીપ્યમાન બ્રહ્મર્ષિઓ અને ક્ષાત્રતેજથી દીપતા સૂર્યસમા ક્ષત્રિયો કેટલા છે? ૨૫–૩૦ વર્ષની ટુંકી મુદતમાં જગતની એક મહાન જબરદસ્ત સલ્તનતના પાયા હચમચાવી મૂકી તેના ચૂરા કરનારા શિવાજી મહારાજ કેટલા છે?

વિશ્વમાં જે શોધ્યું ન મળે તેવું ઘણુંએ આપણા આ પવિત્ર હિંદમાં છે, પણ એ ભાન કરાવનાર શાળાઓ અને કૉલેજો તો આજે અમારા ભારતના ભાવી સંચાલકોને ગુલામી પ્રથાનું જ શિક્ષણ દે છે.

ભૂખે મરતી માતાઓ–બ્હેનો અને બચ્ચાંઓના દુઃખભર્યા પોકારો સાંભળીને માતૃભૂમિનો ઉપહાસ થતો જોઇને જે વિદ્યાર્થીઓનાં હૈયાં નથી દુઃખતાં તે વિદ્યાર્થીઓ અને તે શિક્ષણ હિંદને ભારરૂપ છે, બોજારૂપ છે. જે વિદ્યા, જે શિક્ષણ નવયુવાનોમાં સ્વાતંત્ર્યજુસ્સો ઉત્પન્ન ન કરી શકે, માતૃભૂમિની ભક્તિ, સ્વમાન અને સ્વધર્મ માટે મરી ફીટવાનું આદર્શ શિક્ષણ ન આપી શકે; તે વિદ્યા, તે શિક્ષણ, તે શાળા અને કૉલેજો ભારતીય ઉન્નતિ અને સ્વરાજ્ય તેમજ સ્વતંત્રતાની પ્રાપ્તિમાં અડચણ અને વિઘ્નરૂપજ છે. આજનું શિક્ષણ એ શિક્ષણ નથી, પરંતુ ગુલામીનાં બંધનોને મજબૂત કરનારૂં એક ભયંકર યંત્ર છે–રાજ્યકારોબારમાં સહેલાઇથી સસ્તાપણે ચલાવવામાં સહાયભૂત થનારૂં ગુલામીને પોષનારૂં એક યંત્ર છે. જો દેશમાં સ્વરાજ સ્થાપવું હોય, તો વિદ્યાર્થીઓને સ્વમાન, સ્વધર્મ અને

સ્વાતંત્ર્યના સંસ્કારો ઉત્પન્ન કરવા પ્રયાસો આદરો. રાષ્ટ્રોન્નતિ એજ જીંદગીનું સાર્થક્ય. એ પવિત્ર મંત્ર વિદ્યાર્થીઓના કાનમાં જ્યારે ગુંજાર કરતો થાય, ત્યારેજ આપણો પવિત્ર ધર્મ, આપણો દેશ ઉન્નત થાય, સ્વતંત્ર થાય અને જગતમાં ત્યારેજ આપણે ભારતવર્ષનો વિજયડંકો વગડાવી શકીએ.

(તા. ૧૨-૮-૧૯૨૭ના "રાષ્ટ્રશક્તિ"માંથી)

८१–देशी वैदाने उत्तेजन आपो.

(લેખકઃ–શ્રી. વિજયશંકર જયશંકર)

વિદેશી દવાઓમાં ઘણી દવાઓ જેવી કે શીતળાની રસી વગેરે જનાવરોના લોહી–પરૂમાંથી બનાવવામાં આવે છે અને તેથી હજારો તંદુરસ્ત બાળકો તેમજ મોટી ઉંમરના મનુષ્યો તેવી દવાના ઝેરથી બિમાર પડી મરી જાય છે, અથવા તો કાંઇ ભયંકર દરદોથી પીડાય છે. તે વિષે સત્તાવાર હકીકતો પ્રસિદ્ધ કરવા માટે કૃપાળુ અંગ્રેજોએ તથા અમેરિકનોએ ખાસ મંડળીઓ સ્થાપી છે અને તેમનાં માસિકોમાં ઘણી ચોંકાવનારી હકીકતો વખતોવખત ઉઘાડી પાડી છે.

ઉપર જણાવેલી જાતની ઝેરી વિદેશી દવાઓ માણસજાત માટે કેવી જીવલેણ છે, તેનો ખ્યાલ કરવા માટે "શીતળાની રસી" એવા મથાળા નીચે એક ઘણો ચોંકાવનારો લેખ નવસારીમાં પ્રસિદ્ધ થતા ચેરાગ નામના માસિકના ફેબ્રુઆરી ૧૯૨૬ના અંકમાં પ્રસિદ્ધ થયો હતો તે ધ્યાનથી વાંચવા આપને અરજ કરું છું.

અમેરિકાના પ્રેસીડેન્ટ કુલીજના જુવાન દીકરાને શીતળાની તેમજ ટાઇફોઇડની રસીઓ મૂકી. તેને પરિણામે તે કમભાગી જુવાન પુરુષ તરફડી તરફડીને મરી ગયો તે લેખમાંથી નીચેના શબ્દો ટાંકું છું.

આવા મરણો નાદાર્ણ્ય માણસના ઘરમાં થાય છે, ત્યારે તો

૮૩—ગરીબોના ઉદ્ધારક બનો !

('સ્વામી રામતીર્થના સદુપદેશ'માંથી)

સ્ત્રીઓ, બાળકો અને મજુરવર્ગની કેળવણી પ્રત્યે બેદરકારી રાખવી એ તો જે શાખા પર આપણો આધાર હોય; તેજ શાખાને કાપી નાખવા સમાન છે; એટલુંજ નહિ પણ ખુદ પ્રજારૂપી વૃક્ષના મૂળમાંજ ઘા કરવા બરાબર છે.

હિંદુસ્થાનમાં અનેક હિલચાલો વિજયી ન નીવડવાનું કારણ એજ છે કે, કાર્ય કરનાર લોકોએ પોતાની સર્વ શક્તિ મૂળ તરફ ન વાપરતાં માત્ર ફળ અને પાંદડાંઓને—મોટા કહેવાતા લોકોને—પાણી છાંટવામાં ગુમાવી દીધી છે; ખરી રીતે તો રાષ્ટ્રવૃક્ષના આધાર-રૂપ બિચારા શૂદ્રોનેજ પ્રકાશ અને ચૈતન્યની જરૂર છે.

આજ આપણા આ કમનસીબ દેશમાં એમની કિંમત મીંડા જેટલી ગણવામાં આવે છે અને આવાં ગરીબગુરબાંઓની સેવા કરવા તમે બહાર પડશો, તેમના ભલા કાજે ચિંતા કરશો એટલે લોકો તમને ઠપકો પણ દેશે; કેટલાક મશ્કરી કરવા લાગશે; પરંતુ એટલું ધ્યાનમાં રાખજો કે, આ મીંડાને એકડાની જમણી બાજુએ મૂકવાથી એકડાની કિંમતને દશગણી વધારવાની તેનામાં શક્તિ છે.

કમનસીબે હાલના ઉપદેશકોની વૃત્તિ એવી છે કે, સરકારી અમલદાર વગેરે મોટા લોકો પોતાના વ્યાખ્યાનમાં આવે એટલે તેઓ પોતાને કૃતકૃત્ય માને છે. એ ખરૂં છે કે, સરકારી નોકરો બીજા માણસો કરતાં વધુ હોંશિયાર હોય છે અને તેથી તેઓ થોડા-ઘણા ઉપયોગી પણ છે; પરંતુ તેમનો જુસ્સો હમેશના ઘસડબોરાથી મંદ પડી ગયેલો હોય છે. એ લોકોને તેમના માનમરતબારૂપી કેદ-ખાનાના શ્રેષ્ઠ આસન ઉપરજ બેસી રહેવા દો; કારણ, દેશનો ખરો ઉદ્ધાર તો દેશરૂપી ઝાડનાં ગરીબ મૂળોથી થવાનો છે. એ બરાબર ધ્યાનમાં રાખજો કે, ગરીબ લોકો, સ્ત્રીઓ અને બાળકોના હાથથીજ સત્યની સ્વારી આગળ વધશે.

લોકોની હાલની ધર્મબુદ્ધિ અને દાન કરવાની વૃત્તિ પણ બહુ બગડી ગયેલી છે. ભૂખમરાથી ટળવળતા ગરીબ લોકોની આપણે

જરાયે ચિંતા કરતા નથી. માત્ર ભરેલાં પેટવાળાઓ, નિરુદ્યોગી અને આળસુઓનેજ ભોજનનું દાન કરવાથી સ્વર્ગે પહોંચી જવાય છે એમ માનીએ છીએ; અને આ દાનસંબંધે પણ લોકોના વિચાર એવા થઇ ગયા છે કે સમાજના એક ભાગને છેક નીચોવી નાખી, તેને તદ્દન કંગાળ બનાવી દઇને મેળવેલા પૈસામાંથી નહિ જેવો ભાગ દાનતરીકે પાછો આપવો. પોતેજ નીચોવી લીધેલા ગરીબો તરફ તેમની ઘણી દુઃખી હાલતમાં કીર્તિ કે હોદ્દાને ખાતર એકાદ ટુકડો ફેંકી દેવો એજ જાણે કે મોટું ધર્મ-દાન ન ગણાતું હોય, એમજ એ બિચારાઓ સમજે છે; પરંતુ ખરી ઉદારતા શું છે તે તમે જાણો છો? દીન-ગરીબ અને પતિત-નીચે પડેલા લોકો તરફ સાચી લાગણીથી જે જુએ છે, તેજ ખરો ઉદાર ગણાય છે!

હિંદુસ્થાનના રાજારજવાડાઓ! ધનાઢ્યો! ધર્મગુરુઓ અને રાજકર્તાઓ! થોડાંજ વર્ષોમાં શું પરિણામ આવશે તેનો તમને ખ્યાલ છે?

આજ અસંખ્ય જાતિભેદ અને ચોકાધર્મથી શું પરિણામ આવ્યું છે તે જાણો છો? એ સાચું છે કે, યુરોપઅમેરિકાની જેમ અસંખ્ય હડતાળો નથી પડતી, પરંતુ આખો દેશ દુર્બળ અને મૂંગા મોંઢાથી પણ વધારે બીકણ બની ગયો છે. હાલના જરીપુરાણા ધર્મ ગરીબો [illegible] જ્ઞાન-ભગવાનરૂપી વસ્તુની નીચે શું છે? ગરીબ અને ભૂખે મરતા સાક્ષાત્ નારાયણસ્વરૂપ હિંદી એકનો!

કરોડોના સમયમાં આપણે જન્મેલા દેશની સેવા કરવાના પ્રસંગ ત્યારે તેટલા છે. આજ તમને દેશધર્મ [illegible] છે કે, [illegible] જાતિભેદને ગૌણ માનો! પોતાનાં રાષ્ટ્રીય બંધુભાવ [illegible] નાનામોટા સર્વ [illegible] પ્રેમ રાખનારી માતાના જેવું આપણા [illegible] છે, અને એ [illegible] ત્યારે તમે [illegible] અંજલિ આપવા તૈયાર છો. [illegible] અને હિંમત તમારામાં હોય તો ઊઠો અને [illegible] ઉદાર બનો!

૮૪-વાળાના અનુભવેલા ઉપાયો

(૧)

(લેખકઃ-શ્રી. જદુરામ રવિશંકર ત્રિવેદી)

૧-જ્યાં ડાંગર પાકે છે ત્યાં ક્યારડાઓમાં આસોથી માગશર-સુધી ડાંગરના છોડવા ઉભા હોય છે. તેની ઉપર લટકતો કોશેટો હોય છે. તે કોશેટાને સૂકવી વાટીને, ગોળમાં તેની ૭ ગોળી વળાવવી અને દરરોજ ૭ દિવસ સુધી રોજ સવારના દાતણ કરીને એક ગોળી ખાવી. એના ઉપર પરેજી પાળવી પડતી નથી. આ એક અકસીર ઉપાય છે. એક કોશેટાની ૭ ગોળીજ આ દરદ મટાડવા-માટે પૂરતી છે. આ દવાથી વાળો ફરીથી થશે નહિ.

૨-બાદીઆના તોલો ૦ા થોડા દહીં સાથે દિવસમાં ત્રણ વાર ત્રણ દિવસસુધી ખાય તો વાળો ગળી જઇ આરામ થાય છે.

૩-વાળાના મોઢા ઉપર ભેરવશીંગ (કૌચાંની શીંગ)ની રૂવાંટી ચીમટાવતી ઉપાડી મૂકવી; એટલે વાળો તુરત બહાર નીકળે છે.

૪-એળીઓ, હીંગ, અફીણ, કબૂતરનો હગાર (ચરક), આ ચારેને સરખે વજને લઇ અરીઠાના પાણીમાં વાટી વાળા ઉપર ચોપડવી. તે પર આકડાનું પાન બાંધવાથી ૨૪ થી ૩૬ કલાકમાં વાળો નીકળી પડે છે. આ દવાથી ઘણાજ માણસોના વાળા મટયા છે.

૫-સરગવાના ઝાડનાં મૂળીઆં છાશમાં ઘસી જે જગોએ વાળો નીકળ્યો હોય, તે જગાએ જાડો લેપ કરવાથી વાળો ગળી જશે.

૬-અમરવેલ, તાંતણા જેવી પીળા રંગની વેલ થોરની વાડો ઉપર થાય છે તે, વાટીને તેની લુગદી જે જગાએ વાળો થયો હોય તે જગ્યાએ મારવાથી વાળો મરી જાય છે અને એની મેળે બહાર નીકળી જાય છે.

(તા. ૧૨-૯-૧૯૨૬ના "ગુજરાતી"માંથી)

(૨)

(લેખકઃ-શ્રી. કાલીદાસ રાજાભાઈ)

૧-માખો દરગો નામે ઝેરી વનસ્પતિ થાય છે, તે એટલી બધી ઝેરી છે કે તેની નીચે કોઇ કોઇ વેળા નાનાં પક્ષીઓ મરેલાં જોવામાં આવે છે. આ વનસ્પતિનાં મૂળ કબાડી લોકો વાળા માટે ઘણીવાર વેચવા આવે છે. વાળાવાળી જગો ઉપર આ મૂળ ઘસીને કે વાટીને લગાવતાં વાળો પાંચ મિનિટમાંજ બહાર આવી પડે છે.

૨-જે જગ્યાએ વાળો નીકળ્યો હોય તે જગો પર ત્રાંબાનું પતરૂં વેહવાળું રાખી તેમાંથી વાળાને બહાર કાઢવો. તે જગો પર વિંછીનો ડંખ અપાવવો. ત્રાંબાનું પતરૂં રાખવાનું કારણ ફક્ત વાળાવિનાની કોઇ જગો પર વિંછી ડંખ ન મારી શકે તે છે. બની શકે ત્યાંસુધી વાળાપરજ ડંખ આવવો જોઇએ

૩-અગીઠાં, ઝેરકચોલાં, અફીણ, ખાખરાનાં બીજ, (પિત્તપાપડો), સાદું કપૂર અને ગુગળ વગેરેને વાટી, પીંપળાનાં પાન પર લેપ કરી લગાવતાં વાળો બહાર આવી પડે છે.

૪-ભેરવશિંગ(કૌચાં)ની રૂંવાટી પાડી વાળા ઉપર દબાવવી, જેથી વાળો બહાર આવી પડે છે.

ઉપરના ચાર ઉપચારો અમારા જાતિ અનુભવના છે.

વાળો ખરાબ પાણી પીવાથી અને તામસી ખોરાક લેવાથી થાય છે. વાળાનું દર્દ ચોમાસાની બેસતી ઋતુમાં ઘણું ભયંકર નીવડે છે. વાળાની પીડા હજાર મૃત્યુની પીડા બરાબર છે; માટે સંભાળીને રહેતાં અને ખાનપાનનો યોગ્ય વિચાર કરી ચાલતાં એ પીડા દૂર થાય છે.

(તા. ૨૫-૭-૨૬ ના 'ગુજરાતી'માંથી)

૮૫–यज्ञनी आहुतिओ

(લેખકઃ–મહાત્મા અરવિંદ ઘોષ)

ગીતા પણ આપણી પાસે એજ માગે છે કે આપણે આપણા આખા જીવનને એક સજ્ઞાન યજ્ઞના રૂપમાં ફેરવી શકીએ–અર્થાત્ કે આપણે બુદ્ધિપૂર્વક અને ભક્તિભાવથી આપણી જાત ઈશ્વરને અર્પણ કરી દેતાં શીખીએ. આપણાં નાનામાં નાનાં અને નજીવાં ગણાતાં કાર્યો પણ આપણે યજ્ઞના સમર્પણભાવથીજ કરતાં શીખવું જોઈએ. આપણી અહંતાથી પર જે પરમાત્મા છે તેને એ સઘળાં અર્પણ કરી દેવા જોઈએ. દાન કરતી વખતે પણ ગમે તે વસ્તુ આપતા હોઈએ અથવા ગમે તેને આપણે દાન કરતા હોઈએ તોપણ આપણે યાદ રાખવું કે, આપણે તે સર્વવ્યાપી ઈશ્વરનેજ દાન કરીએ છીએ. ભોજન કરતા હોઈએ ત્યારે પણ આપણો દરેક કોળિયો પ્રભુને અર્પણ થવો જોઈએ. કેવળ સ્વાદેન્દ્રિયને તૃપ્ત કરવાનો ભાવ આપણામાંથી નષ્ટ થવો જોઈએ. વળી કોઈ પણ મહાન કાર્ય, મુશ્કેલીભર્યો યજ્ઞ અથવા તપશ્ચર્યા કે યોગસાધના જેવું બીજું કોઈ પણ સાહસ ઉઠાવવાને તૈયાર થઈએ, કિંવા આપણા કે સમગ્ર મનુષ્ય જાતિના ભલા માટે કામ પણ કાર્ય આરંભીએ ત્યારે પણ આપણા પોતાના પંડનો કે દુનિયાનો ખ્યાલ છોડી દઈને પ્રભુનેજ એ સર્વ કાર્ય આપણે અર્પણ કરી દેવા જોઈએ. કારણ કે તેના પ્રતાપેજ સર્વ આ દૃષ્ટિ–સર્વ અભિવ્યક્તિ ઉત્પન્ન થાય છે. સર્વ મહાન શક્તિ અને અભિવ્યક્તિ તેમાંથીજ ઉત્પન્ન થાય છે, તેમાંજ કાર્ય કરે છે. [illegible]

([illegible])

८६–छोकरा–छोकरीओनी सेळभेळनां फळ

મીસ મેયોએ "મધર ઇંડિયા" અને "દેવતાઓના ગુલામ" નામનાં પુસ્તકો હિંદુસ્થાનની અને હિંદના રહેવાસીઓની હીનસ્પતિ અને માનહાનિ કરવા માટે પ્રસિદ્ધ કર્યાં તેનો જડબાતોડ જવાબ આપનારાં પુસ્તકો હિંદમાં પણ પ્રગટ થયાં છે, જેમાં હિંદી સંસ્કૃતિ અને હિંદુ ધર્મની સર્વોપરિતા પ્રતિપાદન કરવામાં આવી છે. મિ. કનૈયાલાલ ગૌવને "દેવતાઓના ગુલામ"ના જવાબમાં "અંકલ સૅમ" લખ્યું છે. તેમાં અમેરિકા પૈસાનું ગુલામ હોવાનું જણાવ્યું છે અને પૈસાની ગુલામીને લઇને સૌંદર્યના ગુલામ, સુંદર સ્ત્રીઓની ખરીદી, અત્યાચાર, નશાખોરી, હરામખોરી અને વ્યભિચારનું બજાર તેજ જણાવ્યાં છે. કોર્ટના જજ લીંડસેએ જણાવ્યું છે કે, સેંકડે ૪૫ છોકરીઓ અમેરિકામાં ગુપ્ત [illegible] વ્યભિચારી થઇ જાય છે. અમેરિકન યુવતીઓના સંબંધમાં ડૉ. બર્નાર્ડ મેકફેડન જણાવે છે કે, કાચી ઉમરની છોકરીઓ વ્યભિચાર કરે છે. [illegible] મેગેઝીન" નામના પત્રે જાહેર કર્યું છે કે, ત્યાંના [illegible] છોકરાઓ [illegible] છોકરીઓ સાથે વ્યભિચાર કરે છે અને સેંકડે ૯૭ છોકરીઓ [illegible] છે અને ૧૦૦ માં ૬૦ ને [illegible] એવી ટેવ છે કે પહેલી મુલાકાતમાં [illegible] છોકરીઓ અનેક છોકરાઓ સાથે વ્યભિચાર કરે છે, [illegible] ગર્ભની [illegible] છે અને [illegible] અમેરિકામાં દર વર્ષે આ પ્રમાણે [illegible] છે.

([illegible])

૮૭–તુલસીકૃત રામાયણ મધુ હૈ.

(લેખકઃ–શ્રી. પંડિત રામનરેશજી ત્રિપાઠી)

આજ સે તીનસૌ વર્ષ પહલે તુલસીદાસરૂપી મધુપ ને સંસ્કૃત કે અનેક રામાયણ, પુરાણ, કાવ્ય, ઇતિહાસ, નાટક, સ્મૃતિ, ઉપનિષદ્ ઔર સંહિતારૂપી અત્યંત સુંદર ફૂલોં કા મધુર રસ એકત્ર કર કે રામચરિતમાનસરૂપી જો મધુ તૈયાર કિયા થા, વહ આજ તક હિંદુઓં કે ઘર ઘર મેં મૌજૂદ હૈ; ઔર જિતના હી વહ પુરાના હોતા જાતા હૈ, ઉતના હી ઉસકા સ્વાદ અધિક મધુર હોતા જાતા હૈ. જૈસે મધુ અનેક શારીરિક વ્યાધિયોં કો નાશ કરને મેં ઔષધિયોં કો સહાયતા પહુંચાતા હૈ, વૈસે હી રામચરિતમાનસરૂપી મધુ અનેક માનસિક વ્યાધિયોં કો નાશ કરને મેં સહાયક હોતા હૈ.

કેવલ અયોધ્યાકાંડ હી કી રચના મેં તુલસીદાસજી ને ડેઢસૌ સે અધિક સંસ્કૃત ગ્રંથોં કા રસ ગ્રહણ કિયા હૈ.

× × × ×

ખોજને સે રામચરિતમાનસ કે સબ દોહોં, સોરઠોં, છંદોં ઔર ચૌપાઇયોં કે મૂલ સંસ્કૃત–ગ્રંથો મેં મિલ જાયંગે. યહ દેખ કર મહાન્ આશ્ચર્ય હોતા હૈ કિ તુલસીદાસજી ને સંસ્કૃત ગ્રંથોં કા કૈસા સૂક્ષ્મ અધ્યયન કિયા થા. કહીં કહીં તો એક દોહે મેં દો–દો ગ્રંથોં કે શ્લોકોં કા અનુવાદ મિલતા હૈ. અબ યહ પ્રશ્ન સ્વભાવતઃ સામને આતા હૈ કિ કયા સંસ્કૃતિ કે સંપૂર્ણ ગ્રંથ તુલસીદાસજી કો કંઠસ્થ થે? હમ જિતને હી ગહરે જાતે હૈં, ઉતના હી ઇસ અદ્વિતીય રામાયણ કી અદ્ભુત પ્રતિભા દેખ કર ચકિત હો જાતે હૈં. સંસ્કૃત નંદન–કાનન મેં વિચરણ કર તુલસીદાસરૂપી મધુપ ને સમસ્ત ફૂલોં કા રસ લે કર જો મધુ તૈયાર કર કે હિંદૂ–જાતિ કો દાન કિયા હૈ, ઉસકી તુલના સંસાર કે કિસી દાન સે નહીં કી જા સકતી.*

("કલ્યાણ"ના રામાયણાંકમાંથી)

---

*સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયમાં તુલસીકૃત રામાયણ હાલ મળતી નથી. ૧૯૮૯ના જેઠ–આષાઢમાં નવી આવૃત્તિ નીકળવા સંભવ છે.

८८—वेल्स साहब का सार्वभौम-धर्म

એચ. જી. વેલ્સ સાહબ અંગ્રેજી કે બડે પ્રસિદ્ધ લેખક હૈ. ઉનકા કહના હૈ કિ યદિ ઇન (અનેક) ધર્મોં મેં પારસ્પરિક વિરોધ હૈ તો ઉસકા કારણ યહ હૈ કિ ઉનમેં દોષ (પીછે સે) ઉત્પન્ન હો ગયે હૈં. એક ધર્મ દૂસરે ધર્મ પર વિજય પ્રાપ્ત કર પૃથ્વી પર ફૈલ જાયગા, યહ આશા હમેં નહીં રખની ચાહિયે. સત્ય કી પ્રચંડ અગ્નિ મેં જલ કર જબ સબ દોષમુક્ત હો જાવેંગે તબ સભીમેં એક હી સત્ય કા પ્રકાશ લક્ષિત હોગા. જો લોગ યહ સમઝતે હૈં કિ ધર્મ ઔર વિજ્ઞાન મેં વિરોધ હૈ વે અભી ભ્રમ મેં પડે હુએ હૈં. અંતઃકરણ કી ભાવના સે ધર્મ ને જિસ સત્ય કા પ્રતિપાદન કિયા હૈ ઉસીકો ઇતિહાસ ઔર વિજ્ઞાન ભી સિદ્ધ કર રહે હૈં. વહ સત્ય યહ હૈ કિ સભી મનુષ્ય એક કુટુંબ હૈ જિનકા મૂલ એક હૈ. ઉનકા વ્યક્તિગત જીવન, જિનકા રાષ્ટ્રીય ઔર સામાજિક જીવન, સભી મિલ કર માનવજીવન કે અંતર્ગત હો જાતે હૈં. અપને ગ્રંથ કે અંત મેં વેલ્સ સાહબ ને ભવિષ્ય મેં એક સાર્વભૌમ ધર્મ કા દર્શન કરાયા હૈ. આપકા કથન હૈ કિ વિશ્વ-સામ્રાજ્ય મેં એક હી વિશ્વધર્મ હોગા. વહ ન તો જટિલ રહેગા ઔર ન સંકુચિત. વહ સરલ ઔર વિશાલ હોગા. વહ ન તો ઇસાઇ-ધર્મ હોગા, ન ઇસ્લામ-ધર્મ ઔર ન બૌદ્ધ-ધર્મ. વહ પવિત્ર ઔર નિર્દોષ ધર્મ હી હોગા. ઉસમેં બૌદ્ધ ધર્મ કે અષ્ટ ઉપાય રહેંગે, ઇસાઇ ધર્મ કા સ્વર્ગરાજ્ય રહેગા, ઇસ્લામ ધર્મ કા ભ્રાતૃભાવ ઔર ગીતા કા નિષ્કામ કર્મ રહેંગે.

ભવિષ્ય કા યહ સુખસ્વપ્ન કિસકો આહ્લાદકારક ન હોગા?

("સરસ્વતી"ના એક અંકમાંથી સારાંશ)

८९–तहेवारोनी आवश्यकता

આપણા હૃદયમાં એ પ્રશ્ન ઉઠવો સ્વાભાવિક છે કે, વર્ષભર-
માં આટલા બધા તહેવારો કે જેને વ્રતો અથવા પર્વો કહીએ છીએ,
તેની શી આવશ્યકતા છે? અમારા તુચ્છ વિચાર પ્રમાણે તો હિંદુ-
જાતિને સંગઠિત કરવામાં, ભેદભાવ મટાડવામાં અને ઉચ્ચ આદર્શો-
ના અનુકરણથી પોતાને ઉચ્ચતમ બનાવવામાં ખાસ ઉપયોગી થવા
માટેજ એ તહેવારોની ઉત્પત્તિ થઇ છે. આપણા પૂર્વજોએ માત્ર
ઉપયોગિતાવાદી બનીનેજ તેની રચના કરી નથી, પરંતુ તેમણે
મહત્ત્વવાદને પોતાનું લક્ષ્ય બનાવ્યું હતું. તેઓ મહત્ત્વવાદી હતા,
તેથી માત્ર પોતાના ચિત્તને શાંતિ આપવા માટે તેનો પ્રચાર કર્યો
નથી; પણ વર્તમાન અને ભાવી પ્રજાના ભલા માટેજ આ તહેવારો-
ની રચના કરી હતી. જે સમયે આ તહેવારોની રચના આપણા
પૂર્વજોએ કરી, તે સમયે તેમની સમક્ષ હિંદુસંગઠનનો ઘણોજ
આવશ્યક પ્રશ્ન ઉભેલો હતો. તે સમયે ભારતવર્ષ પર વિદેશીઓના
હુમલા થવા લાગ્યા હતા; હિંદુઓમાં પણ કાટકૂટનાં બી વવાઇ
ચૂક્યાં હતાં; ભારતીય રાજાઓ ભારતવર્ષની બહારના દેશો ઉપરનો
અધિકાર ગુમાવતા ચાલતા હતા; હિંદુઓના ધર્મગ્રંથો વિધર્મીઓ
બાળી નાખતા હતા; લક્ષ્મી પણ લુંટારાઓ દ્વારા બીજા દેશોમાં
ચાલી જતી હતી; અને વૈદિક કાળના ઉચ્ચ ભાવ, પવિત્રતા, સચ્ચ-
રિત્રતા, સત્યપ્રેમ, સહાનુભૂતિ તથા એકતાનો હ્રાસ થઇ રહ્યો હતો.
અસ્તુ. ભારતની ભાવી અવદશાનું ચિત્ર તે ઋષિમુનિઓને દેખાવા
લાગ્યું અને તેમ થતું અટકે, અથવા બને તેટલું ઓછું થાય,
એવા હેતુથી જેમ જેમ અસર પડતી ગઇ, તેમ તેમ એ પર્વોની
સંખ્યા પણ વધતી ગઇ.

તહેવારોએ [illegible]

ભજન તથા પૂજન કરીએ છીએ; તેથી શરીર તથા મન બંનેની શુદ્ધિ થાય છે અને શરીરના રોગોનો નાશ થાય છે. વળી એથી એકસાથે હળીમળીને કાર્ય કરવામાં અમૂલ્ય શિક્ષણ મળે છે; સમાજની પ્રત્યેક વ્યક્તિને પ્રેમપૂર્વક ભેટવાનો સુઅવસર મળે છે; અને સૌ ભાઇઓ સાથે મળીને પોતાની જાતિ અને દેશની અવસ્થા ઉપર વિચાર કરવાનો પ્રસંગ મળે છે.

પ્રત્યેક વ્યક્તિનો ધર્મ છે કે, તે પોતાની શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક ઉન્નતિની સાથે સાથે પોતાનાં ભાઇબહેનોને પણ ઉન્નતિને માર્ગે લઇ લઇ જાય, અને એ ઉદ્દેશ આપણે તહેવારો-દ્વારા સિદ્ધ કરી શકીએ છીએ. પરંતુ એમાં શ્રદ્ધા તથા પ્રેમની આવશ્યકતા છે.

કોઇ પણ જાતિના તહેવારો, તે જાતિના ચારિત્રનાં ઉજ્જ્વળ ઉદાહરણરૂપ હોઇને તેની યાદીદ્વારા તે રસને આગળ વધારનાર છે. જો કોઇ જાતિ પોતાના ચારિત્રને ભૂલી જાય તો તેણે પોતાના આગલા ઇતિહાસમાંની મહત્ત્વપૂર્ણ ઘટનાઓને જોવી જોઇએ, તેના ઉપર વિચાર કરવો જોઇએ તથા તેમાંથી શિક્ષણ અને પ્રેરણા લેવાં જોઇએ. બીજો ઉપાય એ છે કે, તે પોતાના જાતીય તહેવારોને શ્રદ્ધાપૂર્વક ઉજવે, કે જેથી તેમના પૂર્વજોનાં ચિત્ર-ચરિત્ર તેમની આંખો સામે રહ્યા કરે. પોતાના જાતીય તહેવારોને ભુલાવી દેવા એ પોતાની જાતિના જીવનનેજ ભુલાવી દેવા જેવું અને મૃત્યુ તથા પતનના મુખમાં જલદીથી પડવા જેવું છે.

બીજાં પર્વો ઉપરાંત વર્ષમાં ૨૪ એકાદશી આવે છે. એ એકાદશીઓના માહાત્મ્યની વિચિત્ર કથાઓનું ગમે તેમ હોય, પરંતુ એકાદશીને દિવસે ઉપવાસ કરવાથી શરીર તથા મન શુદ્ધ થાય છે; તેજ, બળ અને જીવન વૃદ્ધિ પામે છે; ભગવાનનું ભજનપૂજન કરવાથી મનની શુદ્ધિ થઇને પવિત્ર વિચારો ઉપજે છે.

૧૦–કુટેવો ટાળી સુટેવો પાડવાની ખાસ યુક્તિ

(લેખકઃ–શ્રી. ચુનીલાલ ધ. પટેલ)

(મનુષ્ય એવો શક્તિમાન છે કે તે જે ધારે તે કરી શકે છે, એટલુંજ નહિ પણ બીજાઓ પાસે પણ તેમ કરાવી શકે છે. આ દિશામાં અમેરિકામાં એક સામાન્ય મનુષ્યે પ્રયત્નપૂર્વક કેવું કામ કરવા માંડ્યું છે, તે વાંચીને વાચક પોતાના જીવનમાં પણ અનેક પરિવર્તનો કરી શકે છે.)

થોડા વખત પહેલાં અમેરિકાના અગ્રગણ્ય કેળવણીકારો એક પ્રશ્નને છણવા ભેગા થયા હતા. "ચારિત્ર્ય કેમ ઘડવું ?" એ મહાન પ્રશ્ન તેમની આગળ મુકાયો હતો. ઘણી વિચારશ્રેણીઓ ઉપર વિચાર ચલાવવામાં આવ્યો, પણ કોઇએ દૃઢતાપૂર્વક તેમ ન કહ્યું કે તેની રીત સમબાણ ઇલાજ છે.

છતાં એ દેશમાં એક માણસ એવો છે, કે જેની ચારિત્ર્ય ઘડવાની રીત દરેક ઘર, નિશાળ કે કેદખાનામાં અજમાવવી જોઇએ છે. તેનું નામ જે. ફ્રેંક ચાઇલ્ડ, ડી. સી. એસ. છે. ડી. સી. એસ. નો અર્થ થાય છે "ડૉક્ટર ઑફ કૉમન સેન્સ" (સામાન્ય બુદ્ધિનો વૈદ્ય). આ ઉપાધિ તેણે એક કેદખાનાના કેદીઓ પાસેથી મેળવી છે, કારણ કે તેણે તેમને ખરા રસ્તે ચઢાવ્યા હતા.

આજથી ૨૦ વર્ષ પહેલાં ફ્રેંક ચાઇલ્ડ રેલ્વેમાં એક સામાન્ય એંજિનિયર હતો. ચાઇલ્ડ કહે છે કે, તે વખતના રેલ્વે કામદારો બે બાબતમાં મશહૂર હતા. એક જુઠાં સમ ખાવા અને બીજું દારૂ પીવા-ની ના ન કહેવી. ચાઇલ્ડ પોતે આ બે બાબતમાં મશહૂર હતો અને [illegible] દિવસની ૨૦ સીગાર [illegible] ફુંકી જતો. ડૉક્ટરોએ તેને સલાહ આપી કે જો તે બીડી પીવાનું નહિ છોડે તો મરી જશે. અને જો એકદમ છોડી દેશે તો પણ તે મરી જશે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નહિ છોડી દે તો નક્કી [illegible]. તેણે ઘણું વર્ષ સુધી આ બની

કુટેવો છોડવાના ધીમે ધીમે પ્રયાસો કરવા માંડયા, પણ નિષ્ફળ નીવડયો. કોઇ પણ માણસ એમ સફળ થયોજ નથી અને થશે પણ નહિ. તમારે જો કોઇ નવી ટેવ પાડવી હોય તો ખરો રસ્તો એ છે કે તેની આજેજ શરૂઆત કરો.

એક દિવસ રાઈટને વિચાર થઇ આવ્યો કે, જે જીંદગીનો તે સરમુખત્યાર માલીક છે તે પોતે ચલાવતા એક એન્જીન જેવી છે. તેણે ખુબ વિચાર કર્યો તો માલુમ પડયું કે, એન્જીન એ મનોબળ છે. સ્ટીમ (વરાળ) એ ઇચ્છાશક્તિ છે, અને ઇજનેર પોતે એ સારૂં નરસું સમજવાવાળું હૃદય છે. આ વિચાર પછી તેણે કુટેવોના ટેકણે તંદુરસ્તી, જ્ઞાનતંતુઓની સશક્તિ, પૈસાનો બચાવ અને છેવટે કુટેવો છોડી દેવાથી કેટલો ગોબો જળવાશે વગેરે વિચારોથી પોતાનું મગજ ભરી દઇ સુઇ ગયો. આ વિચારો તેણે પોતાના મગજમાં એટલી સજ્જડ રીતે ઘુસાડી દીધા કે સવારમાં ઉઠતાં તેણે અજાયબી સાથે જોયુ તો તેની બીડી પીવાની આદત એની મેળે નાબુદ થઇ ગઇ હતી સત્ય એ છે કે, તમારા મગજમા ખરા વિચારો ભરો તો ખોટા વિચારો એની મેળે ભાગી જાય છે અથવા અંદર પેસી શકતા નથી.

બીજા શબ્દોમા કહીએ તો રાઇટને હવે પ્રકૃતિનું અનાદિકાળનું એક મહાન તત્ત્વ હાથ લાગ્યું હતું. મનોબળ એ બીજું કશુંજ નથી, પણ સારી અથવા નરસી ટેવો છે; અને ટેવો એ આપણે કેવા વિચારો કરીએ છીએ એ ઉપર બધાય છે. અને વિચારો ! વિચારો સારા યા નરસા લાવવા એ આપણા હાથની વાત છે. આમ જો કોઇ સંપૂર્ણપણે જોઇ શકે તો તે પોતાની જીંદગીને કાબુમાં રાખવાનું બળ મેળવેજ.

રાઇટે આ પ્રયોગ કેટલાક મિત્રો ઉપર અજમાવ્યો, અને તે વિજયી નીવડયો. પાછળથી તેણે કેદખાનાના કેદીઓ ઉપર આ રીત અજમાવી, અને એથી હજારો કેદીઓ સુધરવા માંડયા. એવા સુધરેલા કેદીઓમાંથી લગભગ પાંચ ટકા જેટલા બીજી વાર ગુન્હો

કરી કેદખાનામાં ગયા હશે. ઘણાખરા તો કામધંધે વળગી જઇ ખરા શહેરીઓ બની ગયા.

સાત વર્ષ સુધી રાઇટે આ પ્રમાણે કેદીઓમાં કામ કર્યા પછી કોઇએ તેને કહ્યું કે, જો આ પ્રયોગ કેદખાનામાં સફળ નીવડયો છે તો શા માટે નિશાળના છોકરાઓ ઉપર ન અજમાવવો જોઇએ? અને એ રીતે ગુન્હાના મૂળનેજ શા માટે ન છેદવું?

પરિણામે રાઇટને નિશાળના વિદ્યાર્થીઓ ઉપર આ અખતરો અજમાવવાની તક મળી. છેલ્લાં ૧૦ વર્ષમાં રાઇટના આ (પાથ ફાઇન્ડર્સ) માર્ગશોધકોએ ૭૫૦૦૦ વિદ્યાર્થીઓને પોતાની રીતથી વાકેફ કર્યા છે. રાઇટની ડેટ્રોઇટમાં મોટી ઑફિસ છે, અને તેની રીતનું શિક્ષણ પામેલ શિક્ષકો તેમાં કામ કરે છે. દર અઠવાડિયે વિદ્યાર્થીઓ અને કેદીઓમાંથી તેને ૫૦,૦૦૦ કાગળ મળે છે. સોળ વર્ષ થયાં એ એવું સ્થળ ખોળી રહ્યો છે કે જ્યાં તે પોતાની રીત સફળ કરી શકયો ન હોય. તેની રીત શિક્ષિત કે અશિક્ષિત, ગરીબ કે તવંગર, યુવાન કે બુઢ્ઢાને એકસરખી રીતે લાગુ પડે છે.

ત્યારે તમે આતુરતાથી પૂછશો કે "રાઇટ આ લોકોને શું કરે છે?" અમે પણ અમારાં બાળકોને શિખામણ તેમજ ચેતવણી વારંવાર આપીએ છીએ, પણ આવું સારૂં પરિણામ આવતું નથી.

પણ તમોએ કોઇ વખત તમારા બાળક સાથે બાળક બની તેની ભેગા બેસી વાતો કરી છે? આની અસર કેવી થાય છે તેનો તમને ભાગ્યેજ ખ્યાલ આવી શકે. "ખરી લાગણીવાળા સમાજ-સેવકો–સાચા માર્ગશોધકો–ખરા કર્મયોગીઓ" એમની રીતજ એવી હોય કે, તેઓ બાળક સાથે બાળક બની તેમની ચાલતી જીંદગીના પ્રશ્નો વિષેજ વાટાઘાટ ચલાવે. જ્યારે વર્ગમાં આ "માર્ગશોધક" આવે છે, ત્યારે બાળકો રાજી રાજી થઇ જાય છે શા માટે? કારણ કે એની આગળ બાળકને પરીક્ષાઓ પસાર કરવાની હોતી નથી, તેમજ નથી હોતું તેને કોઇ લડનાર કે તેની કોઇ ટીકા કરનાર; કોઇ જાતના માર્ક કે નંબર પણ હોતા નથી. બાળક સ્વતંત્ર—ભયથી

મુક્ત-ખરૂં બાળક બને છે અને જ્યારે તે ખરેખરૂં સ્વતંત્ર બાળક હોય છે, ત્યારે તે જે કંઇ કરતું હોય તેમાં તે પોતાનું સર્વસ્વ રેડે છે.

મા—બાપોમાં આમ બનતું નથી. તેઓ બાળકો માટે ભયંકર તોપ જેવા હોય છે; ત્યારે સામી બાજુએ બાળક સ્વતઃ અંદરથી જાગવાખોર હોય છે. 'માર્ગશોધક'નું કહેવું એ છે કે, બાળક પોતે પોતાની ટેવો બાંધતાં શીખે. મા—બાપ કે બીજા કોઇના ઉપર તેને આધાર રાખવાનો ન હોય. ખરેખર રાઇટ આનાથી પણ વધુ ગહન વિચારો બાળક આગળ પાચન થાય તેવા રૂપમાં મૂકે છે. દાખલા—તરીકે હિંમત, ફરજ, સદકાર, પ્રેમ, જવાબદારી વગેરેના વિચારો બાળકના મગજમાં એવી સચોટ રીતે ઠસાવવામા આવે છે કે, જ્યારે તે આડે રસ્તે ચડી જવાની તૈયારીમાં હોય તે વખતે તેની મદદમાં આવી ઉભા રહે છે કારણ કે જેવા તમો વિચારો રાખો તેવાંજ કાર્યો કરવા તમે પ્રેરાઓ છો. દાખલાતરીકે તમારે ખાસ ઉતાવળનો પ્રસંગ ન હોય તેમજ મુસાફરીનો ખાસ કંટાળો ન હોય અને તમારે મુંબાઇથી અમદાવાદ જવાનું બની આવ્યું. તમો વિચાર કરશો કે, મેલમા જવું કે લોકલમાં જવું ? તમો જાણો છો કે, લોકલ કરતાં મેલ વધારે ઉતાવળે જાય છે. હવે આ દુનિયામાં એવી કોઇ શક્તિ નથી કે જો તમો ઉતાવળે જવાનો વિચાર રાખતા હો તો તે સમયે તમને મેલમાં જતા ખાળી શકાય જ્યાંસુધી દારૂડીઓ દારૂ પીવાનો વિચાર ધરાવતો હોય, અને બીજા કશાનો વિચાર કરતો ન હોય તો તે જરૂર દારૂ પીવાનોજ. પણ જેવા તમો મેલમા મુસાફરી કરવાનો વિચાર રાખતા હો. તે સમયે લોકલમાં જવાથી પૈસાનો બચાવ થાય છે એવું જ્ઞાન થાય કે તુરતજ તમો મેલમાં જવાનુ પડતુ મુકશો હવે તમો પૈસાનો બચાવ થાય છે એ વિચારના સકંજામા પકડાઇ ગયા, અને તમો લોકલમા મુસાફરી કરવાના. આજ પ્રમાણે તમે ક અને બીજા પોતાની જીંદગીમા વર્તી રહ્યા છે. જે વિચારો ખાસ મહત્વના હોય છે તે અનુસારજ આપણે દોરાઇએ છીએ.

ત્યારે અહીં રાઇટ ખરૂં કામ કરી રહ્યો છે. તે તમારા મગજ-

માં જીંદગીનું સંરક્ષણ અને બચાવના વિચારો બરાબર ઠસાવે છે. આવા વિચારોની મદદથી કોઇ પણ માણસ દુષ્ટ કર્તવ્ય કરતો અટકી જાય એ સ્વાભાવિક છે. એક એવો ભયંકર માણસ હતો કે તેની પાસે જવું હોય તો ભરેલી રિવોલ્વર જોઇએ. પણ તે "માર્ગશોધક" ના શિક્ષણમાં રસ લેતો થયો અને પરિણામે હાલ તે ૬૦૦ માણસના કારખાનાનો ઉપરી બન્યો છે. રાઇટે આવા જીંદગીના ઉંધા પાટલે બેસી ગયેલા ખુનીઓને ખરા રસ્તે વાળી ઉત્તમ શહેરીઓ બનાવ્યા છે.

રાઇટ શીખવાડે છે કે, દરેક મનુષ્યને અમુક વખત અને શક્તિ વાપરવાનાં હોય છેજ. અને જીંદગી એક એવો ભંડાર છે, કે તેમાં સઘળી ચીજો સમાયલી છે. જેઓ એમ પૂછે છે કે, જીવવાનું સાફલ્ય શું? તેઓએ જાણવું જોઇએ કે, મનોબળ કેળવો, સારી ટેવોના વિચાર કરો–ટુંકામાં ચારિત્ર્ય કેળવો. જો તમારા જ્ઞાનતંતુઓમાં સારા વિચારો ઘર કરી રહ્યા હશે તો તમો લોકોપયોગી કામ કરવા જરૂર પ્રેરાશો.*

("નવયુગ"ના એક અંકમાંથી)

(પણ આવા લેખો હાલના પોથાંપંડિતો કે વિલક્ષણ શિક્ષણ-માં ખૂડેલા શિક્ષકો માટે અત્યારે તો ભાગ્યે કામ લાગે. તેમને ઉંડી બુદ્ધિ સાથે સ્નાનસૂતક નહિ એટલે એ વિલક્ષણ શિક્ષણ વડે ઉગતી પ્રજાના મગજ અને બુદ્ધિને રહેંસી નાખનારાં કારખાનાં કસાઈખાનાં–સ્કૂલ, બોર્ડીંગ ઇત્યાદિરૂપે જ્યાં ત્યાં ચલાવતા જણાશે. પણ સાવચેત! દુનિયા ક્યાંય સદા ઠગાયલી રહી નથી અને રહેવાની નથી! અને સેવા નહિ પણ શત્રુનું કામ તેમણે બજાવ્યું હતું એ ખરી વાત આખરે તરી આવશે.

અવગુણસાગર (ભિક્ષુ–અખંડાનંદ)

---

* અંગ્રેજી ઉપરથી

९१-व्रतों अने तहेवारो तंदुरस्ती अने मानसिक शान्ति माटे छे.

(ઑગસ્ટ-૧૯૨૯ના "વૈદ્યકલ્પતરુ"માં લખનાર શ્રી. "[illegible]")

હિંદનાં વ્રતો, ઉત્સવો અને તહેવારો દેખાવેથી, રૂઢિ અને વહેમથી પળાય છે અને ઉજવાય છે. તે બધામાં ગૂઢ તત્ત્વો અને વિજ્ઞાન છે અને બાર મહિનાના તહેવારોમાં શ્રાવણ મહિનાના તહેવારોનું વધારે મહત્ત્વ છે તથા ધાર્મિક સ્વરૂપે વેદ સાથે સંબંધ ધરાવે છે. નિત્યની સંધ્યામાં અઘમર્ષણ મંત્ર એવું સૂચવે છે કે, પૃથ્વી વગેરે પરમેશ્વરે ઉત્પન્ન કરેલ છે બાર મહિનાનાં નામો, ઋતુ વગેરે જ્યોતિષશાસ્ત્રને અનુરૂપ છે. શ્રાવણ સુદ ૧૫ ના રોજ-પૂર્ણિમાને રોજ શ્રવણ નક્ષત્ર હોય છે એટલા માટે શ્રાવણ માસ એવું નામ આપવામાં આવ્યું છે અને પૂનમનું નામ શ્રાવણી રાખવામાં આવ્યું છે. માણસમાં ચાર વર્ણ છે:-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. શ્રાવણી તહેવાર બ્રાહ્મણોનો છે, વિજયાદશમી ક્ષત્રિયોની છે, દિવાળી વૈશ્યોની છે અને હોળી શૂદ્રોની છે. મતલબ એ છે કે, શ્રાવણીમાં વેદોનું અધ્યયન થવું જોઈએ એટલે વેદ ભણવા અને ભણાવવા જોઈએ. શ્રાવણી પૂર્ણિમાને દિવસે ઉપાકર્મ, રક્ષાબંધન અને શ્રાવણી કર્મ કરવામાં આવે છે. દૈવયોગે પૂર્ણિમાને દિવસે ચંદ્રગ્રહણ કે સંક્રાંતિ હોય છે તો ઉપાકર્મ, રક્ષાબંધન વગેરે શ્રાવણ સુદ ૫ ને રોજ કરવામાં આવે છે. ઉપાકર્મ સાથે રક્ષાબંધન સંકળાયેલાંજ છે, એમ ગૃહ્યસૂત્ર કહે છે. શ્રાવણીને દિવસે ઉપાકર્મ કર્યા પછી આચાર્યોને આ વેદાધ્યયન થતું જે પોષી પૂર્ણિમાએ સમાપ્ત થતું. ઉપાકર્મમાં પંચગવ્ય (ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ) એટલા માટે વપરાય છે કે તેથી આંતરિક અને બાહ્ય-શુદ્ધિ થાય છે. ગાય જંગલમાં ચરીને અનેક વનસ્પતિ ખાય છે અને તેમાંથી છાણ બને છે. માટે છાણ (ગોબર) ને પવિત્ર ગણ્યું છે. દર્ભના સપ્તર્ષિમાં કશ્યપ, ભરદ્વાજ, ગૌતમ, અત્રિ, અરુંધતી સાથે

વસિષ્ઠ અને વિશ્વામિત્ર, એમ સાત ઋષિઓની પ્રતિષ્ઠા કરવામાં આવે છે. શ્રાવણમાં વર્ષાઋતુની પ્રબળતાથી દૂર્વા, અઘેડો (અપામાર્ગ) અને બીજી દૈવી વનસ્પતિઓ પુષ્કળ થાય છે. દૂર્વા અમૃત છે, અપામાર્ગ અને કુશ (દાભડો) અનેક રોગો તથા પાપોનો નાશ કરે છે. આ પાપનાશક વસ્તુઓ છે. માર્જન કરવાથી સ્વચ્છતા, શીતળતા અને પ્રબળતા પ્રાપ્ત થાય છે. પંચગવ્યથી વાત, પિત્ત અને કફના રોગો, રક્તદોષ, ભ્રમ, શ્રમ, વિષમજ્વર, અર્શ, સંગ્રહણી, ગુલ્મ, પાંડુ, શૂળ, ખુજલી, શ્વાસ, આમજ્વર, અજીર્ણ, સોજા, મુખ અને નેત્રરોગ, અપસ્માર વગેરે મટે છે; દેહશુદ્ધિ થાય છે; નેત્રનું તેજ વધે છે, બુદ્ધિ તેજ થાય છે; ભૂતબાધાનું નિવારણ થાય છે; આયુષ્ય વધે છે; મંગળરૂપ હોઇ હૃદય હિતકારી થાય છે અને અમૃતસમાન ગુણ કરે છે. માટી અને ભસ્મથી ચામડી સાફ થઇ કુષ્ઠરોગ મટે છે તથા દાહ, દુર્ગંધ અને વાતાદિ રોગો નાશ પામે છે.

આ બધી વાતો પાશ્ચાત્ય રંગે રંગાયેલા આપણા દાક્તર સાહેબોને ગળે નહિ ઉતરે, પણ આજ બાબત અમેરિકા અથવા યુરોપમાંથી જાહેર થાય તો ડૉક્ટર સાહેબો કહેશે કે, નવી શોધ બહાર પડી છે! છાણમાં જંતુઓ નાશ કરનારૂં તત્ત્વ છે એમ અમેરિકાના સુપ્રસિદ્ધ વિદ્વાન વિજ્ઞાનશિરોમણિ ડૉ. અબ્રહામ લિંકને જાહેર કર્યું છે. વર્ષાઋતુમાં પિત્ત સંચય થાય છે તે આ ક્રિયાથી નાશ પામે છે. આ તો ઉપાકર્મનું વૈદ્યક વિજ્ઞાન થયું, પણ તેનું તાત્ત્વિક વિજ્ઞાન તો ઘણું છે. રક્ષાબંધન ઉપાકર્મ થઇ રહ્યા પછી બપોર પછી થવું જોઇએ. સરસવ, ચોખા અને સુવર્ણની એક પોટલી બનાવી તેને રેશમી દોરે બાંધી પૂર્વદિશા તરફ ઉભા રહી મંત્રવડે હાથે બંધાવવી. બલિરાજાને રક્ષા બાંધવાથી તે મહાબળવાન અને દાનવીર થયા હતા. પ્રાચીન કાળમાં રાજાઓ રાખડી બંધાવી રણસંગ્રામમાં સીધાવતા હતા અને વિજય મેળવતા હતા.

ભારતીય વારાંગનાઓ વિધર્મીઓના આક્રમણ વખતે ધર્મદૃષ્ટિએ રાખડી બાંધી અત્યાચારીને ભાઇ બનાવી દેતી અને એ

પ્રમાણે પોતાનું પતિવ્રત પાળી સતી હતી.

પર્વો અને તહેવારોનાં માહાત્મ્યો બતાવનારાં અનેક પુસ્તકો બહાર પડ્યાં છે, એટલે આ ઠેકાણે તે બધાનું વર્ણન અશક્ય છે; પણ મુખ્ય તહેવાર નમુનારૂપે અત્રે લખ્યો છે. જૈનધર્મના પર્યુષણ પર્વ પણ શ્રાવણ માસમાં આવે છે મુસલમાનોના પેગંબરની જન્મતિથિ અને પારસીઓના કેટલાક તહેવારો પણ શ્રાવણમાસમાં આવે છે. હિંદુઓ શ્રાવણ માસને પવિત્ર માસ ગણી એક વખત જમે છે. સ્ત્રીઓ નાગોની પૂજા કરે છે. શ્રાવણના મેળાઓનું સ્વરૂપ પણ ઘણું [illegible] છે.

સુધરેલા વાતાવરણે જનોઈ અને શિખા (ચોટલી) કઢાવી નાખી નેકટાઈ અને [illegible] દાખલ કરી છે. જે બ્રાહ્મણો સુધી પણ પહોંચી છે. 'બાપ મૂવા અને [illegible]' એ હિસાબે હવે બધું "[illegible]" જેવું ચાલે છે. જંતુવાદના આ જમાનામાં હોટેલો, [illegible], રેલ્વે ટ્રેનો અને ધર્મશાળાઓ જંતુઓ ફેલાવે છે. જમતી વખતે નાહવાનું તો દૂર રહ્યું, પણ [illegible] કપડાં બદલવાનું અને હાથ, પગ અને મોં [illegible] ત્યારે [illegible] તે પણ પીવાનું [illegible] કે [illegible] પર પાડ્યું છે. પરિણામે રોગો અને અકાળ મરણો [illegible]

आदि [illegible] कोई मूर्ति, [illegible] हमारे [illegible] [illegible] किसी [illegible] [illegible] किसी [illegible] [illegible] [illegible] हमारी [illegible] है। [illegible] नहीं। [illegible] —[illegible]

१२–प्राचीन भारत की कुछ ग्रंथ–विभूति

ઇસ બાત કા સાક્ષી ઇતિહાસ હૈ કિ હમારે અધિકાંશ બહુ-
મૂલ્ય પ્રાચીન ગ્રંથ જલા–જલા કર હમ્મામ ગરમ કિયે ગયે હૈં.
એક બાર નહીં, અનેક બાર હમારે પૂર્વજોં કી કીર્તિ ઔર ઉનકી
પ્રતિભા કા પ્રમાણભૂત સાહિત્ય નષ્ટભ્રષ્ટ કર ડાલા ગયા હૈ. જો કુછ
ગ્રંથ ભી બચ રહે, તો ઉન્હેં વિદેશી વિદ્વાન કૌડિયોં કે મોલ
અપને દેશોં કો લે ગએ. યહી કારણ હૈ કિ જબ વિદેશી જાતિયોં
કે ઘમંડી લોગ હમેં અસભ્ય ઔર આવિષ્કાર કી શક્તિ સે રહિત
કહ કર હમારા ઉપહાસ કરતે હૈં, તબ હમ ઉનકો મુંહતોડ જવાબ
દેને લાયક કુછ પ્રમાણ અપને પાસ ન પા કર ચૂપ રહ જાતે હૈં.
વિદેશિયોં કી બાત જાને દીજિયે, નઇ શિક્ષા–દીક્ષા પાએ હુએ
અધિકાંશ આધુનિક હમારે દેશી ભાઇ ભી યહ વિશ્વાસ કરતે ઔર
કહતે હૈં કિ ભારત મેં પારલૌકિક ઉન્નતિ ચાહે જિતની હુઇ હો,
પર આજકલ કે યોરપ ઔર અમેરિકા મેં જો નવીન–નવીન આ-
વિષ્કાર હુએ ઔર હો રહે હૈં, વૈસે આવિષ્કાર હમારે યહાં કભી
નહીં હુએ. મગર અસલ મેં બાત ઐસી નહીં હૈ. યહાં પહલે
જમાને મેં જિતને ઔર જૈસે આવિષ્કાર હો ચૂકે હૈં, ઉતને ઔર
વૈસે આવિષ્કાર પાશ્ચાત્ય જગત મેં ઇસ સમય ભી નહીં હો રહે
હૈં. હમારે યહાં બહુત સમય પહલે વાયુયાન, બેતાર કે તાર ઔર
અદ્ભુત અસ્ત્રશસ્ત્ર આદિ કા આવિષ્કાર ઔર પ્રચાર હો ચૂકા થા.

એક પ્રાચીન પુસ્તકાલય મેં, ભારત મેં હી, ઐસે પ્રાચીન હસ્ત-
લિખિત ગ્રંથ અબ તક સુરક્ષિત હૈં, જિનસે હમારે ઇસ કથન કી સત્ય-
તા સિદ્ધ હોતી હૈ. કલકત્તે કી અમૃત–બાજાર–પત્રિકા ને ઉસકે સંબંધ
મેં જો કુછ પ્રકાશિત કિયા હૈ, ઉસકા સારાંશ યહાં પર દિયા જાતા હૈ.

નિઝામ કે રાજ્ય (હૈદરાબાદ–દક્ષિણ) મેં [illegible] નામક
[illegible] કા એક સ્થાન હૈ. વહાં કે [illegible] [illegible] [illegible]
[illegible] એક બહુત પ્રાચીન પુસ્તકાલય હૈ. [illegible] [illegible]
[illegible] ને એક પત્રિકા મેં ઉસ પુસ્તકાલય કા [illegible]

પ્રસિદ્ધ છપાયા હૈ. યહ પુસ્તકાલય ઉસ સમય સે સ્થાપિત હૈ, જબ બિજાપુર-સામ્રાજ્ય કા આરંભ ભી નહીં હુઆ થા. સૈયદ સાહબ કે પૂર્વપુરુષ બિજાપુર કે રાજઘરાને કે માન્ય પુરોહિત રહે હૈં. સેના મેં ઇન્હેં ઊંચે પદ મિલતે થે. વે લોગ હી ઇસ પુસ્તકાલય કે સ્વામી, સંસ્થાપક ઔર સંરક્ષક થે. સમય-સમય પર અપ્રાપ્ય પ્રાચીન પુસ્તકેં ઇસમેં એકત્ર કી ગઇ હૈં. ડૉક્ટર સાહબ સ્વયં ભી બડે ભારી વિદ્વાન હૈં. કઇ દેશોં કી યાત્રા ઔર સૈર કર આયે હૈં. ઇન્હોંને ભી પુસ્તકાલય મેં બહુતસી દુર્લભ પ્રાચીન હસ્તલિખિત પુસ્તકેં લા કર જમા કી હૈં. પુસ્તકાલય મેં ધર્મ, દર્શન, કલા-કૌશલ, વિજ્ઞાન, ઇતિહાસ, જ્યોતિષ, સામુદ્રિક-શાસ્ત્ર, વૈદક, રસાયન આદિ કી અનેક ઇતની પ્રાચીન પુસ્તકેં હૈં જો તાડ કે પત્તોં પર લિખી હુઇ હૈં—અર્થાત્ જબ કાગજ કા આવિષ્કાર નહીં હુઆ થા, તબ કી લિખી હુઇ હૈં. ભારત મેં પ્રચલિત પ્રધાન-પ્રધાન સભી ભાષાઓં કી પુસ્તકોં કા સંગ્રહ હૈ. કુછ પુસ્તકેં તો બહુત હી પ્રાચીન-વૈદિક યુગ કી સમઝી જાતી હૈં. ભારત કે ઔર કિસી પુસ્તકાલય મેં ઐસી પ્રાચીન ઔર અદ્ભુત પુસ્તકેં નહીં હૈં. કુછ પુસ્તકોં કે વિષય તો આશ્ચર્ય મેં ડાલ દેનેવાલે હૈં. યથા-(૧) મૃતક શરીર કો હજારોં વર્ષ તક અવિકૃત અવસ્થા મેં રખને કા મસાલા, ઇસકા પૂર્ણ વર્ણન હૈ. શાયદ ભારત સે હી મિસર ને 'મમી' કી પ્રક્રિયા સીખી હોગી. (૨) [illegible] કા તાર, પુસ્તક મેં લિખી તરકીબ સે પત્થર કી દો શિલાએં બના કર [illegible] જિતની [illegible] પર રખ કર ઉનકે દ્વારા [illegible] કી જા સકતી હૈ. [illegible] ઉપાય સે હજારોં કોસ કે ફાસલે પર [illegible] કિયા જા સકતા; [illegible] (૩) ઇચ્છાનુસાર પેડ સે રંગીન [illegible] (૪) [illegible] જ્ઞાન, ઇસ વિષય કી પુસ્તક મેં [illegible] ધાતુ યા પ્રાચીન [illegible] નિકાલા જા સકતા હૈ. (૫) [illegible] કી વિધિ; [illegible] દ્વારા દેખને સે [illegible]

१४–भारतवर्ष के आधुनिक साधु

(લેખકઃ-શ્રી. આનંદીપ્રસાદ શ્રીવાસ્તવ)

ઔર દેશોં કી અપેક્ષા ભારતવર્ષ મેં સાધુ બહુત અધિક હૈં. ઉનમેં કુછ ઐસે ભી હોંગે જિનકી માનસિક ઉન્નતિ કુછ હુઇ હૈ; પરંતુ ઇતને સાધુઓં કે રહતે હુએ ભી-અર્થાત્ ઇતને ઐસે મનુષ્યોં કે રહતે હુએ ભી-જિનકે ન સ્ત્રી હૈ, ન બચ્ચે હૈં, ન ઘર કી ફિક્ર હૈ, ન ઋણ કા સોચ હૈ, જો સર્વથા નિશ્ચિંત હૈ ઔર મૃત્યુ કે લિયે સર્વદા પ્રસ્તુત હૈ—ભારતવર્ષ કી યહ દશા હૈ: વહ પરતંત્રતા કિ બેડિયોં સે જકડા હુઆ હૈ, સામાજિક બુરાઇયોં કા કેંદ્ર હૈ; દરિદ્રતા કા ઘર હૈ; અજ્ઞાન કા અડ્ડા હૈ, ઇસકા ક્યા કારણ હૈ?

ક્યા ભારતવર્ષ કે સાધુ જૈસા અપનેકો સમઝતે હૈં, નિતાંત નિઃસ્પૃહ જીવ હૈ? ક્યા ઉન્હેં સચમુચ કોઇ મોહમમતા નહીં હૈ? ક્યા વે કામ-ક્રોધ આદિ કો જીતે હુએ હૈં? ક્યા વે સચમુચ સાંસારિક વૈભવ કો અસાર સમઝતે હૈં? ક્યા વે સચમુચ ઇતને ઉંચે ઉઠ ગએ હૈં કિ ઉન્હેં સારે સંસાર કી રાજનૈતિક સમસ્યાએં લડકોં કે ખેલ કે સમાન ઉપેક્ષણીય સમઝ પડતી હૈં? ક્યા વે સચમુચ ઐસે હૈં કિ યદિ ઉન્હેં સારે સંસાર કી સંપત્તિ મિલ જાય તો ઉસકો વે તૃણ કે સમાન ત્યાગ કર દેં? ઇન પ્રશ્નોં કા ઉત્તર ઇતના સ્પષ્ટ હૈ કિ ઉસકે લિખને કી આવશ્યતા નહીં. યદિ ઐસા હોતા તો ભારતવર્ષ મેં ગૃહસ્થોં સે બઢ કર હજારોં અખાડે ન હોતે. ઇન અખાડોં મેં દાંતોં સે કૌડિયાં પકડી જાતી હૈં, એક બડા ધર્મ-પત્ની-વિહીન કુટુંબ રહતા હૈ, જિસકે સદસ્ય આપસ મેં એકદૂસરે સે મમતા રખતે હૈં, આપસ મેં એકદૂસરે કા પક્ષપાત કરતે હૈં-ઉનકે ઉચિત યા અનુચિત કાર્યોં મેં ઉનકા સાથ દેતે હૈં. યદિ ઐસા હોતા તો હજારોં કી સંખ્યા મેં સાધુ યા મહંત વ્યભિચાર-દોષ સે દૂષિત ન પાએ જાતે—મહંતો કી રખેલિયાં, ઉનકી તરુણ ચેલિયાં ન હોતીં, ઔર ન હોતીં ઉનકે યહાં ભ્રૂણ-હત્યાએં આદિ,

જિતના નામ લેને મેં ભી લજ્જા આતી હૈ. યદિ યહી બાત હોતી તો ભારતવર્ષ મેં હજારોં-લાખોં કી સંખ્યા મેં સાધુઓં મેં ગુરુ-ઘંટાલ ન હોતા; છોટે-છોટે ભૂમિખંડોં કે લિયે ઉનમેં મુકદમા ન હોતા, એક-એક પૈસે કે લિયે ઉનમેં તકરાર ન હોતી.

જબ યહાં કે સાધુ પરસ્પર, છોટે-છોટે ઝગડોં મેં ઇતના મસ્ત રહતે હૈં, તબ વે સંસાર કી સમસ્ત રાજનૈતિક સમસ્યાઓં કો ક્યા સમઝેંગે? ઇન સબ બાતોં પર ધ્યાન દેને સે ઐસા જાન પડતા હૈ કિ ભારતવર્ષ કે અધિકાંશ સાધુ ધર્મ કા ઢોંગ કરનેવાલે, કપટી, અનાચારી, ઉદ્દંડ આદિ વિશેષણોં સે વિભૂષિત કિયે જાને યોગ્ય હૈં.

હમ પૂછતે હૈં કિ જબ યે સાધુ ભારતવર્ષ કી રાજનૈતિક સ્થિતિ કી ઉપેક્ષા કરતે હૈં—કહતે હૈં કિ હમ તો પારલૌકિક યા આધ્યાત્મિક ઉન્નતિ કરનેવાલે જીવ હૈં, હમકો ઇન ઝગડોં સે કોઈ સરોકાર નહીં; તબ ઇન્હેં જનતા કે ધન પર—સાર્વજનિક સંસ્થાઓં કી જાગીરોં પર—ઇસ બેદરદી સે લડ્ડૂ-પૂરી ઉડાને કા ક્યા અધિકાર હૈ? ઇતના હી નહીં, ઇનકો જનતા સે ભિક્ષા માંગને કા ભી કોઈ અધિકાર નહીં હૈ. જિસ દેશ મેં આધે આદમિયોં સે અધિક કો દિનભર મેં આધા પેટ ભોજન નહીં મિલતા, જિસ દેશ કે પુરુષોં ઔર સ્ત્રિયોં કો તન ઢંકને કે લિયે વસ્ત્ર પ્રાપ્ત નહીં હોતે, જો દેશ સામાજિક બુરાઇયોં કે રોગ સે પીડિત હો કર અનંત કાતરતા કે સાથ કરાહ રહા હૈ, ઉસ દેશ કી દશા સુધારને સે જિન્હેં મતલબ નહીં હૈ ઉનકો ઉસ દેશ કી અકાલ-પીડિત, વસ્ત્રહીન, દુખી જનતા સે ભિક્ષા માગને કા ક્યા અધિકાર હૈ? ભિક્ષા માગના તો દૂર રહા, ઉન્હેં ઉસકે જંગલોં કી એક પત્તી તોડને તક કા અધિકાર નહીં અતએવ ઇન સાધુઓં કો ચાહિયે કિ પરલૌકિક યા સૂક્ષ્મ આધ્યાત્મિક ભોજન સે અપના ઉદર-પોષણ કરતે હુએ ઔર સૂક્ષ્મ પારલૌકિક વસ્ત્રોં સે ગરમી-સરદી સે અપને શરીરોં કી રક્ષા કરતે હુએ હમ લોગોં કી આંખોં સે ઓઝલ હો કર હી અપને ગૌરવમય જીવન કો વ્યતીત કરેં. હમ

ઉનકી દંભમય ગર્વોક્તિયોં, ઉનકે કપટપૂર્ણ વ્યવહારોં ઔર ભારત-વર્ષ કી દરિદ્ર જનતા પર ભારસ્વરૂપ ઉનકે નિકમ્મે જીવન સે તંગ આ ગયે હૈં. હમ બહુત દેખ ચુકે ઔર સુન ચુકે, અબ હમારા યહી પ્રયત્ન હોના ચાહિયે કિ હમ ઉનકે નૃશંસ સંગઠનોં કા નાશ કરને કે લિયે ઉદ્યત હો જાવેં ઔર એકસ્વર હો કર જનતા સે યહ પ્રાર્થના કરેં કિ વહ ઇનકે પાલનપોષણ કા ભાર ગ્રહણ કર કે ઇન્હેં નિકમ્મા, આલસી ઔર અનાચારી બનાને કા ભીષણ પાપ અપને સિર પર ન લે.

ભારતવર્ષ કે સાધુ પારલૌકિક કલ્યાણ ઔર આધ્યાત્મિક જીવન કી દુહાઇ દે કર ભારતવર્ષ કો ઠગના ચાહતે હૈં. જિસ સમય રાજ્ય મેં અનાચાર કી વૃદ્ધિ હોતી થી, ઉસ સમય ઔર સબ કામ છોડ કર રાજયવ્યવસ્થા કા પરિમાર્જન કરના હમારે યહાં કે સાધુઓં કા સનાતન નિયમ રહા હૈ. વેણુ-વધ કી ભીષણ ઘટના હમ લોગ ભૂલ નહીં ગયે હૈં. મહર્ષિ જનક કા સબસે બડે સંન્યાસિયોં મેં હોતે હુએ ભી રાજકાર્યસંચાલન હમેં સ્મરણ હૈ. હમ ઝૂઠે સંન્યાસ કે શબ્દ સે અબ પ્રભાવિત નહીં હો સકતે.

કલ્યાણ દો પ્રકાર કા હોતા હૈ, એક ઐહિક ઔર દૂસરા પારલૌકિક. પ્રેય ઔર શ્રેય દોનોં હમારે સાધ્ય હૈં. યહ સ્પષ્ટ હૈ કિ જિસમેં પ્રેય-સાધન કી શક્તિ નહીં હૈ, ઉસમેં શ્રેય-સાધન કી શક્તિ કા હોના અસંભવ હૈ. હમારે યહાં કે સાધુઓં કા યહી ભ્રમ હૈ કિ વે પ્રેય-સાધન મેં અશક્ત હોતે હુએ ભી અપનેકો શ્રેય-સાધન કે યોગ્ય સમઝને લગતે હૈં.

જિસકો હમારે સાધુનામધારી પુરુષ ત્યાગ સમઝતે હૈં વહ ત્યાગ નહીં હૈ—વહ હૈ નિતાંત અભાવ. વે અપની તુલના કરતે તો કિન પ્રાચીન મહર્ષિયોં સે હૈં, જિનમેંસે કિસીને અરબોં કી સંપત્તિ પર લાત મારી થી, કિસીને રાજપાટ કા પરિત્યાગ કિયા થા, કિસીને અપની અપૂર્વ અર્જનશક્તિયોં કો તાક પર રખ કર સંન્યાસ ગ્રહણ કિયા થા; પરંતુ અબકે સાધુ ઐસે હૈં કિ

ઉન્હોંને એક કૌડી નહીં ત્યાગી; ત્યાગ કી બાત તો દૂર રહી,
ઉનમેંસે અધિકાંશ મેં ચોરી કા ભાવ ગુપ્ત-રીતિ સે વિદ્યમાન
રહતા હૈ. વે ચાહતે હૈં દૂસરે કા ધન હડપ કરના, દૂસરે કી ભી
ગો હથિયા લેના. જહાં તક હમ સમઝતે હૈં ઉનમેંસે અધિકાંશ
ઐસે હૈં જિનસે સભી નૃશંસ કાર્ય હો સકતે હૈં. ઇસ લિયે જનતા
કો ચાહિયે કિ અબ વહ ગેરુઆ વસ્ત્ર કા આદર કરના છોડ દે,
સદા સે સશંક રહે ઔર દાનસ્વરૂપ ઉન્હેં એક પાઇ ભી ન દે.

યદિ યે સાધુમહંત વાસ્તવ મેં સાધુ હોતે તો વે ભારતવર્ષ
કો ઇસ દીન-દશા મેં ન રહને દેતે. સાધુ યદિ પારલૌકિક યા
આધ્યાત્મિક ઉન્નતિ મેં ભી દત્તચિત્ત રહે તો ઉસકા હૃદય સાધુ
હી હોગા, ઉસમેં દયા ઔર સેવા કા ભાવ ભરા હોગા. વહ અપની
સાધના સે બચા હુઆ સમય સેવાકાર્ય મેં હી વ્યય કરેગા. યદિ
ભારતવર્ષ કે સાધુઓં મેં સાધુ-હૃદય હોતા તો ભારતમાતા કો
વે ઇસ ઉપેક્ષા કી દૃષ્ટિ સે ન દેખતે-જબકિ વે ઉસકે વાયુ, અન્ન
ઔર જલ સે જીવન-યાપન કર રહે હૈં, તો વે અવશ્ય હી ઉસકી
સદ્ભાવના કરને પર કટિબદ્ધ હો જાતે, જિનકી સંખ્યા પચાસ હૈ.
વે લગભગ પૌન કરોડ હૈં. ઉનકે સિર પર કિસી પ્રકાર કા બોઝ
નહીં હૈ. યદિ વે સંગઠિત હો કર ઇસ બાત કે લિયે તત્પર હો
જાય કિ હમ ભારતવર્ષ કી રાજનૈતિક અવસ્થા સુધારેંગે-હમ
ઉસકી સામાજિક બુરાઇયાં દૂર કર દેંગે તો વે અદ્ભુત-કાર્ય કર
કે દિખલા સકતે હૈં.

સાધુઓં પર જનતા કા અબ ભી અદ્ભુત વિશ્વાસ હૈ. [illegible]
[illegible] વે જનતા સે કહેં કિ તુમ [illegible]
વિશ્વાસ કા લાભ ઉઠા કર યદિ [illegible] જનતા [illegible]
અમુક સામાજિક બુરાઇયાં હૈં, [illegible] અવશ્ય
માનેગી. [illegible] જનતા [illegible]
કરા સકતે હૈં. [illegible]
[illegible]

વર્ષ કી વર્તમાન દુર્દશા કા ચિત્ર ઉસકી દુઃખિત જનતા કે સામને રકખેગા—જબ વહ અપને કરુણ સ્વર સે ભારત–માતા કી દુઃખ–ગાથા ઉસકો સુનાયેગા, તબ ઉસકે લિયે ક્યા ન હો સકેગા ?

હમ ભારતવર્ષ કે સાધુઓં કે વિરોધી નહીં. હમ દેખતે હૈં કિ વે કુમાર્ગ પર જા રહે હૈં, ઇસી લિયે હમેં યહ અપ્રિય–સત્ય કહના પડા. હમ ચાહતે હૈં કિ હમારે સાધુ અપની શ્રેષ્ઠતા કી રક્ષા કરેં. જો એક સમય હમ લોગોં કે શિર કે મુકુટ થે, વે આજ વૈસે નહીં રહે હૈં. ઉનકો ચાહિયે કિ સંસાર કો દિખલા દેં કિ વે જનતા કો ઠગને કે લિયે ગેરુઆ વસ્ત્ર નહીં ધારણ કિયે હૈં, વરન્ વે સચ્ચે સાધુ હૈં ઔર ઉનકે સંગઠિત સમુદાય કે એક ભી પ્રાણી કે જીવન–ધારણ કરતે હુયે સંસાર મેં ઐસી કોઇ શક્તિ નહીં, જો ભારતવર્ષ પર અત્યાચાર કર સકે. કોઈ ઐસી સામાજિક બુરાઇ નહીં જો હિંદૂ–સમાજ કા રક્ત–શોષણ કર સકે. ઇતના હી નહીં, ઉન્હેં તો ઇસ બાત કી મહત્ત્વાકાંક્ષા હોની ચાહિયે કિ વે ભારતવર્ષ કી દશા કો પૂર્ણરૂપ સે સુધાર કર અપને અપૂર્વ આધ્યાત્મિક પ્રકાશ સે સારે સંસાર કો ભર દેંગે—ભારતવર્ષ કે આધ્યાત્મિક સંદેશ કો સંસાર કે કોને–કોને મેં પહુંચા દેંગે.

(સપ્ટેમ્બર–૧૯૨૯ ના "ચાઁદ"માંથી)

१५–भारत में खिस्तीओं की लोकसेवा

પાશ્ચાત્ય દેશોં મેં જહાં જનસમાજ કી સેવા અનેક પ્રકાર સે કરને કી પ્રબલ ઇચ્છા હૈ વહાં અનેક પ્રકાર કે મિશન અર્થાત્ સેવા કરને કી સમિતિયાં દેખને ઔર સુનને મેં આતી હૈં. અનાથ બાલકોં કા પાલન–પોષણ કર બડે કરને કા મિશન, અપંગ સ્ત્રીપુરુષોં કે રક્ષણ કરને કા મિશન, અંધોં તથા બહરે ગૂંગોં કો શિક્ષા દેને કા મિશન, માતાએં દિન મેં કામ પર જાતી હૈં ઉનકે બાલકોં કો સંમ્હાલને કા મિશન, છોટે છોટે બાલકોં સે શક્તિ સે બાહર કામ

ન કરાને દેને કા મિશન, બાલકોં કો ઘૂમાને લે જાને કા મિશન;
ઇત્યાદિ અનેક પ્રકાર કે જનસમાજ કે કષ્ટનિવારણ કે લિયે મિશનોં
કે વિષય મેં હમ સુનતે હૈં. હમારે દેશ મેં ભી ઐસી જનસમાજ-
ઉપયોગી સંસ્થાએં સ્થાપિત હોને લગી હૈં ઔર યહી દેશ કે અ-
ભ્યુદય કા શુભ ચિહ્ન હૈ. અછૂત જાતિયોં કે લિયે સ્વદેશી સમિતિ
કામ કરને લગ ગઇ હૈં. દુષ્કાલ આદિ દૈવી આપત્તિયોં કે સમય
આપને પરોપકારી પુરુષોં કો ગાંવ ગાંવ ઔર શહર શહર ઘૂમતે
હુએ દેખા હોગા. શિક્ષા કે લિયે-વિશેષ કર સ્ત્રી શિક્ષા ફૈલાને કે લિયે
કુછ સંસ્થાએં વર્ષોં સે પરિશ્રમ કર રહી હૈં; કિતની હી સંસ્થાઓં
કે સભાસદ તો મરણાન્ત દેશોપકાર કરને કા વ્રત ધારણ કર યથા-
